પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪

તા. ૩૧-૧૦-૨૦૨૫, શુક્રવાર

વર્ષ: ૧૪, અંક : ૧૯૯

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

15 સફળતાના ૧૪ વર્ષ પૂરા કરી ૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


થ્રિલિંગ સેમિફાઈનલમાં જીત સાથે ટીમ ઈન્ડિયાની આંખોમાંથી આંસુનો દરિયો વહયો!!!

# ઓસ્ટ્રેલિયાનો ૩૩૯ રનનો ઐતિહાસિક રન ચેઝ કરી ભારતીય મહિલા ટીમનો ફાઈનલમાં ધમાકેદાર પ્રવેશ

## જેમિમાહ અને કેપ્ટન કૌરની ૧૬૭ રનની મહત્વપૂર્ણ પાર્ટનરશીપ: જેમિમાહે ૧૩૪ બોલમાં ૧૪ ચોગ્ગા સાથે અણનમ ૧૨૭ રન ફટકારી મેન ઓફ ધ મેચનો ખિતાબ મેળવ્યો



**અબતક, મુંબઈ**

મુંબઈમાં રમાયેલી મહિલા વર્લ્ડ કપની બીજી સેમિફાઈનલ ભારતીય મહિલા ક્રિકેટ ટીમ માટે ઐતિહાસિક સાબિત થઈ છે. ભારતે પ્રબળ દાવેદાર ગણાતી ઓસ્ટ્રેલિયાની ટીમને ૫ વિકેટે પરાજય આપીને ફાઈનલમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. આ જીત સાથે, ભારતે માત્ર ફાઈનલમાં પ્રવેશ જ નથી કર્યો, પરંતુ વનડે ક્રિકેટના ઈતિહાસમાં સૌથી મોટો સફળ રન ચેઝ કરવાનો નવો રેકોર્ડ પણ સ્થાપિત કર્યો છે.થ્રિલિંગ સેમિફાઈનલમાં જીત સાથે ટિમ ઈન્ડિયાની આંખોમાંથી જાણે આંસુનો દરિયો વહી ગયો તેવા ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. કોચથી લઈ તમામ ટિમના સભ્યોમાં ખુશીના આંસુ વહી ગયા હતા કેમ કે આ જીત ભારત માટે ખુબ જ મહત્વની હતી.ભારતીય ટીમની આ જીત ચાલુ ટુર્નામેન્ટમાં ઓસ્ટ્રેલિયાની પહેલી હાર હતી.આ હાર સાથે ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું.

ભારતીય ટીમ માટે જીતની હીરો ત્રીજા ક્રમ પર બેટિંગ કરવા આવેલી જેમિમા રોડ્રિઝ રહી. મેચ બાદ જેમિમા ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. તેણે ૧૩૪ બોલમાં ૯૪.૭૭ સ્ટ્રાઈક રેટથી ૧૨૭ રન ફટકાર્યા. મેચ બાદ તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પણ આપવામાં આવ્યો. જેમિમાએ મેચમાં ૧૪ ચોગ્ગા પણ ફટકાર્યા.

**રવિવારે ફાઈનલમાં ભારતનો મુકાબલો સાઉથ આફ્રિકા સામે થશે: ૨૦૧૭ બાદ ભારતીય વિમેન્સ ટીમે પહેલી વાર વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો**

### ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયા સામેના લીગ મેચની હારનો બદલો લીધો

ભારતની મહિલા ટીમ દ્વારા ૩૩૯ રનનો પીછો પણ મહિલા ટીમમાં સૌથી વધુ હતો. યોગાનુયોગ, ભારતે ઓસ્ટ્રેલિયાનો રેકોર્ડ તોડ્યો, જેણે ટુર્નામેન્ટની શરૂઆતમાં હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ટીમ સામે ૩૩૧ રનનો પીછો કર્યો હતો.ભારતનો ૩૪૧/૫ રન, મહિલા ટીમના રનનો પીછો કરવામાં સૌથી વધુ સ્કોર પણ છે.વનડે વર્લ્ડ કપ નોકઆઉટ - પુરુષો કે મહિલાઓમાં ૩૦૦ થી વધુ રનનો પીછો કરવાનો આ પહેલો કિસ્સો હતો. આ પહેલાનો સૌથી મોટો પીછો ૨૦૧૫ ના પુરુષોના વર્લ્ડકપ સેમિફાઈનલમાં થયો હતો જ્યાં ન્યુઝીલેન્ડે ન્યુઝીલેન્ડમાં દક્ષિણ આફ્રિકા સામે ૨૯૮ રનનો પીછો કર્યો હતો.


રવિવારે રમાનારી ફાઈનલમાં ભારતનો મુકાબલો સાઉથ આફ્રિકાની વિમેન્સ ટીમ સામે થશે. ૨૦૧૭ બાદ ભારતીય વિમેન્સ ટીમે પહેલી વાર વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ભારત હજી સુધી ક્યારેય આઈસીસી ટ્રોફી જીતી શક્યું નથી.

ઓસ્ટ્રેલિયાએ ૪૯.૫ ઓવરમાં ૩૩૮ રન નોંધાવ્યા હતા જેના જવાબમાં ભારતે ૪૮.૩ ઓવરમાં પાંચ વિકેટે ૩૪૧ રન કરીને મેચ જીતી લીધી હતી. જેમિમાહ રોડ્રિગ્સને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાઈ હતી.મેચ જીતવા માટે ૩૩૯ રનના ટારગેટ સામે રમતાં ભારતે સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માની વિકેટ ઝડપથી ગુમાવી દીધી હતી પરંતુ કેપ્ટન હરમનપ્રિત કૌર અને

(અનુ. આઠમા પાને)


અબતક

સાંધ્ય દૈનિકને જન્મ દિવસની ખુબ ખુબ શુભકામનાઓ...



શ્રી ઈન્દ્રનીલ રાજગુરૂ

પૂર્વ ધારાસભ્યશ્રી અને કોંગ્રેસ અગ્રણી

SIMPLE





કરો દરરોજ તાજી શરૂઆત

અમૂલ દૂધ

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા



Gujarat Technological University

INTERNATIONAL INNOVATIVE UNIVERSITY

ACCREDITED WITH A+ GRADE BY NAAC



AFFILIATED INSTITUTES 396

STUDENTS 225000+

FACULTY MEMBERS 14000+

Architecture | Engineering | Pharmacy | Management | Computer Applications | Applied Sciences

Courses Offered

**School of Applied Sciences and Technology**
- B.Sc. (Biotechnology)
- M. Sc. (Industrial Biotechnology)
- PG Diploma in Bioinformatics
- PG Diploma in Intellectual Property Rights
- Doctor of Philosophy

**GTU - School of Engineering and Technology**
- BE (Computer Engineering)
- BE (Electronics and Communication Engineering)
- ME Computer Engineering (Cybersecurity)
- ME (Internet of Things)
- ME (Artificial Intelligence and Data Science)
- ME Civil (Structural Engineering)
- PG Diploma in Data Science
- Doctor of Philosophy

**GTU - School of Management Studies**
- Bachelor of Business Administration (Finance, Marketing, Human Resource, Fintech, Supply Chain, Operations)
- MBA (International Business, Fintech)
- MBA (Innovation, Entrepreneurship and Venture Development)
- PG Diploma in Digital Marketing
- PG Diploma in Hospital Management
- Doctor of Philosophy

**Gujarat Power Engineering and Research institute (Mehsana)**
- Diploma in Civil Engineering
- Diploma in Computer Engineering
- Diploma in Mechanical Engineering
- Diploma in Electrical Engineering
- BE (Civil Engineering)
- BE (Computer Engineering)
- BE (Mechanical Engineering)
- BE (Electrical Engineering)
- Integrated M.Sc. (Information Technology)
- PG Diploma in Cyber Security

**GTU - School of Pharmacy**
- Bachelor of Pharmacy
- M. Pharm (Pharmaceutical Regulatory Affairs)
- M. Pharm (Pharmaceutical Quality Assurance)
- M. Pharm (Pharmaceutics)
- M. Pharm (Phytopharmacy and Phytomedicine)
- Doctor of Philosophy

**School Of Indian Knowledge System-DHAROHAR**
- MA (Hindu Studies)

Gujarat Technological University
Nr. Vishwakarma Government Engineering College, Nr. Visat Three Roads, Visat - Gandhinagar Highway, Chandkheda, Ahmedabad - 382424 - Gujarat

Phone: + 079-23267521 / 570
E mail: info@gtu.ac.in
registrar@gtu.ac.in
www.gtu.ac.in



24/7 EMERGENCY

CHRIST HOSPITAL ISO 9001:2015

ક્રાઈસ્ટ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ

Quality Treatment with affordable Price

28+ સુપર સ્પેશિયાલિટી વિભાગો

36+ વીમા કંપની અને આયુષ્માન ભારત (PM JAY) સાથે કેશલેસ જોડાણ

તહેવારોના સમયમાં અમારી હોસ્પિટલ આપની સેવામાં 24x7 હાજર રહેશે



Christ Hospital
Madhapar, Jamnagar Road Rajkot

800 000 3336 / 7

www.christhospital.in | Follow us on

બચત જ નાણાકીય સ્વાસ્થ્યનો પાયો

# નાણાકીય સુખાકારી તરફનું પહેલું પગલું "શિસ્તબદ્ધ બચત": આજે વિશ્વ બચત દિવસ

## આજે બચાવો, આવતીકાલે સુખી બનો, બચત જ ભવિષ્યની સુખ સંપતિ માટેની ચાવી છે: દરેક વ્યક્તિએ પૈસાનું મૂલ્ય સમજવું જરૂરી: જીવનશૈલીમાં કરકસર સાથે ખોટા ખર્ચાથી દૂર રહીને પણ જીવનને સુરક્ષિત રાખી શકાય

આજના યુગમાં આપણી માસિક આવકમાંથી થોડી ઘણી બચત જ ભવિષ્યમાં આપણને કામ આવતી હોય છે. નાના ધંધાર્થીઓ પણ દરરોજની આવકમાંથી ડેઈલી બચત કરતા હોય છે. દરેક વ્યક્તિએ પૈસાનું મૂલ્ય સમજવું જોઈએ અને સંતાનોને પણ તેનું મહત્વ સમજાવવું જોઈએ. આજે વિશ્વ બચત દિવસ છે, ત્યારે નાણાકીય સુખાકારી તરફનું પહેલું પગલું એટલે શિસ્તબદ્ધ બચત છે. તમારા જીવનમાં આવક કરતા જાવક ક્યારે વધવી ન જોઈએ. સંકટ સમયે બચત જ તારણહાર બનતી હોય છે.



આજે તો હપ્તે હાથી પણ બાંધી લે છે, અને પછી હપ્તા ભરવા માટે બીજી લોન લઈ અને દેણા ભરતો આજનો માનવી મુશ્કેલીમાં મુકાયો છે, તેની પાછળના કારણોમાં તેને ન કરેલી બચત જ છે. આપણા જીવનમાં બચતનું ખૂબ જ મહત્વ છે. ખોટા ખર્ચાથી દૂર રહીને જીવાતી જીવનશૈલીમાં ક્યારેય મુશ્કેલી આવતી નથી. આજની બચત જ ભવિષ્યના સુખ સંપતિ ની ચાવી છે. જીવનમાં બચતનું મહત્વ ઘણું વધારે છે. તે તમારા ભવિષ્યને સુરક્ષિત અને સ્થિર બનાવવામાં મદદ કરે છે. તે આપણી આર્થિક સુરક્ષા સાથેનું સલામતી કવચ છે. જીવનમાં આવતી ઘણી બધી ઘટનાઓમાં એ રકમ કામ આવતી હોય છે. નોકરી ગુમાવવી, અકસ્માત કે ગંભીર બીમારી જેવી અણધારી કટોકટીઓ આવે ત્યારે બચત જ આપણને ઉપયોગી થાય છે. થોડી થોડી રકમ બચાવતા માણસ ને ક્યારેય લોન લેવી પડતી નથી કે દેવામાં ડૂબવું પડતું નથી. તમારી બચત ને કારણે જ તમને નાણાકીય સ્વતંત્રતા મળે છે અને તમે ધાર્યા નિર્ણયો લઈ શકો છો. ગમતી જીવનશૈલી પણ જીવી શકો છો.

બચત કરી હશે તો ઘર ખરીદવું, ઉચ્ચ શિક્ષણ મેળવવું, લગ્ન કે બાળકો માટે ની વ્યવસ્થા, કે વિશ્વ પ્રવાસ જેવા લાંબા ગાળાના લક્ષ્યો પણ પૂર્ણ કરી શકો છો. તમારા નિવૃત્તિના સમયગાળા માટે પણ બચતનું આયોજન કરવું ખૂબ જ જરૂરી છે જ્યારે તમે કામ બંધ કરશો ત્યારે પણ તમારું જીવન ધોરણ જાળવી રાખવા માટે આ બચત જ સાચો સાથી બનવાની છે. બચત થી આવેલી આર્થિક સ્થિતિ ને કારણે તમારા તણાવમાં ઘટાડો થાય છે, અને માનસિક શાંતિ મળે છે સાથોસાથ ગમે તેવી પરિસ્થિતિનું સામનો કરવા પણ સક્ષમ બનાવે છે. જીવનમાં બચતના ઘણા બધા ફાયદાઓ પણ છે. અચાનક જરૂર પડે ત્યારે બચત તમારા માટે આર્થિક સુરક્ષા પૂરી પાડે છે. બચત ખાતામાં જમા કરેલી રકમ પર વ્યાજ મળે છે, જે તમારા પૈસાને વધારવામાં મદદરૂપ થાય છે.ભવિષ્યની તૈયારીઃ નિવૃત્તિ, બાળકોની શિક્ષા, વગેરે માટે જરૂરી નાણાં સંગ્રહવા મદદ મળે છે. નિયમિત બચત નાણાંકીય શિસ્ત અને આદતો વિકસાવે છે. કેટલાક પ્રકારના બચત-મુદત ખાતાઓ પર કરમાં છૂટ મળતી હોય છે.




પરંપરાગત રીતે, બચતનો અર્થ કટોકટી માટે તમારી આવકનો અમુક ભાગ અલગ રાખવાનો હતો, જે એક સરળ આદત હતી. આજે, તે એક વ્યૂહાત્મક પ્રક્રિયા છે જેમાં કટોકટી ભંડોળ, નિવૃત્તિ આયોજન, રોકાણ અને ડિજિટલ સૂક્ષ્મ બચત સાધનોનો ઉપયોગ શામેલ છે. બચત હવે ફક્ત શિસ્ત વિશે નથી પરંતુ એવી સિસ્ટમો ડિઝાઇન કરવા વિશે છે જે તેને સરળ, સમાવિષ્ટ અને અસરકારક બનાવે છે. આધુનિક બચતકારો દેવું, જીવનશૈલી ફુગાવો, આર્થિક અનિશ્ચિતતા અને સરળ ધિરાણની લાલચ જેવા પડકારોનો સામનો કરે છે. બચત એ સંજોગો પર પ્રતિક્રિયા આપવાને બદલે સશક્તિકરણ, તમારા નાણાકીય ભવિષ્યની જવાબદારી લેવા વિશે મહત્વની છે.

પહેલાના જમાના કરતા આજે બચતનું મહત્વ કેમ વધારે છે તે વિષય પણ દરેક વ્યક્તિએ સમજવું જરૂરી છે. તાજેતરના વર્ષોએ બતાવ્યું છે કે કેવી રીતે રોગચાળો, વૈશ્વિક સંઘર્ષ અને ફુગાવા જેવા આર્થિક આંચકાઓ જીવનને વિક્ષેપિત કરી શકે છે. બચત ધરાવતા લોકો ઝડપથી સ્વસ્થ થાય છે. બચત માત્ર સલામતી જાળ નથી પરંતુ શિક્ષણ, ઘર માલિકી, ઉદ્યોગસાહસિકતા અને ગૌરવપૂર્ણ નિવૃત્તિ માટે એક લોન્ચપેડ છે. તેનો અર્થ સ્થિરતા અને લાંબા ગાળાની સમૃદ્ધિ છે. સારમાં, બચત એ સ્વતંત્રતા અને સ્થિતિસ્થાપકતાનો પાયો છે. આ વર્ષની થીમ, 'આ બચત ખાતું નથી', આપણને બચતનો ખરેખર અર્થ શું છે તે ફરીથી વિચારવાનો પડકાર આપે છે. તે ફક્ત બેંકમાં રોકડ રાખવા વિશે નથી, પણ તે આપણા અને આપણા પરિવારો માટે સ્થિતિસ્થાપકતા અને સુરક્ષા બનાવવા વિશે છે. નાણાકીય સુખાકારી તરફનું પહેલું પગલું શિસ્તબદ્ધ બચત છે. બચતને તમારા નાણાકીય ઘરનો પાયો છે , જેના પર બાકીનું બધું ટકી રહેલું છે. નિયમિતપણે અલગ રાખવામાં આવેલી એક નાની રકમ પણ જીવનના મુશ્કેલ સમયે સલામતીની જાળ બનાવે છે.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને બચતના મહત્વ અને નાણાકીય આયોજન વિશે જાગૃત કરવાનો છે. તેની શરૂઆત ૧૯૨૪ માં ઈટાલીના મિલાનમાં થઈ હતી. વિશ્વભરના અર્થતંત્રો પર મહામંદીની અસર પછી તરત જ જન્મેલા વિશ્વ બચત દિવસનો વિચાર ઉચ્ચ જીવનધોરણ સુનિશ્ચિત કરવાના પ્રયાસમાં લોકોને પૈસા બચાવવાના વિશ્વાસને પુનઃસ્થાપિત કરવા માટે સ્થાપવામાં આવ્યો હતો.

### યુરોપમાં યુદ્ધ પછીના આર્થિક સુધારા પર વિશ્વવબચત દિવસનો શું પ્રભાવ પડ્યો ?

બીજા વિશ્વયુદ્ધ પછી, યુરોપિયન દેશોએ આર્થિક વિનાશનો સામનો કરવો પડ્યો હતો. વિશ્વ બચત દિવસના અભિયાનોએ નાગરિકોને બચત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, લોકોએ બેંકોને પુનર્નિર્માણ પ્રોજેક્ટ્સ માટે ભંડોળ પૂરું પાડ્યું હતું. આ સામૂહિક પ્રયાસે યુદ્ધગ્રસ્ત દેશોના અર્થતંત્રોના પુનઃનિર્માણ અને નાણાકીય સ્થિરતા પુનઃસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## આપણી બચત જ આપણને સંકટ સમયે કામ આવે છે: આપણા જીવનમાં આવક કરતા જાવક ક્યારેય વધવી ન જોઈએ: ભવિષ્યનો વિચાર અને નાણાકીય યોજના બનાવવી તે એક શાણપણ ભર્યો નિર્ણય ગણાય છે: તમારી ભાવિ પેઢીને નાણાકીય સુરક્ષાની અદભૂત ભેંટ આપો

# 'રાજકોટની પ્રજાએ દેશને ઉમદા લોકલડતનું ઉદાહરણ પુરૂ પાડયું': આ સરદારના શબ્દો હતા

### લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલના રાજકોટ સાથેના સંભારણા

**અબતક, રાજકોટ**

આજે ૩૧મી ઓકટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ''રાષ્ટ્રીય એકતા દિવસ'' તરીકે સમગ્ર દેશમાં ઉજવણી થઈ રહી છે. દેશી રાજ્યોનું ભારત સંઘમાં વિલિનિકરણ કરીને દેશને એક બનાવનારા સરદાર વલ્લભભાઈ પટેલના રાજકોટ સાથેના સંભારણા પણ વિશિષ્ટ રહ્યા છે.

વાત એમ બની કે, રાજકોટ રાજ્યના પ્રજાપ્રેમી ઠાકોર શ્રી લાખાજીરાજના અવસાન પછી તેમના પુત્ર શ્રી ધર્મેન્દ્રસિંહજી (સન ૧૯૩૦-૪૦)એ ગાદી સંભાળી હતી. જો કે રાજકોટ રાજ્યનો બધો વહીવટ દીવાન દરબાર વીરાવાળા સંભાળતા હતા.

દીવાન વીરાવાળાએ પ્રજા પર અનેક કરવેરા લાદ્યા, દીવાસળી, ખાંડ, બરફ વગેરેના ઈજારા આપ્યા. રમતગમતની કાર્નિવલ કંપનીને જુગારનો પરવાનો આપીને જન્માષ્ટમીના જુગાર મેળામાંથી આવક ઊભી કરી. ખેડૂતો ઉપર અનેક કરવેરા તથા વેઠવારા લાદ્યા. જેના કારણે પ્રજામાં રોષ હતો.

એ સમયે રાજ્યની માલિકીની મિલોમાં મજૂરો પાસે અતિશય શ્રમ કરાવાતો પણ વેતન ઓછું આપી શોષણ કરાતું. જેના વિરોધમાં, સરદાર વલ્લભભાઈ પટેલના આશીર્વાદ સાથે ઉચ્છંગરાય ઢેબર સહિતના આગેવાનો દ્વારા ફેબ્રુઆરી-૧૯૩૭માં આંદોલન શરૂ થયું હતું. નેતાઓની ધરપકડો અને દમન વચ્ચે વીસેક દિવસ આંદોલન ચાલતા આખરે પ્રજાશક્તિ પારખીને રાજ્યે સમાધાન કર્યું હતું.

દરમિયાન કરવેરાના ભારણ સહિતના અન્યાય સામે રાજકોટ પ્રજાપ્રતિનિધિ સભાની ખુલ્લી બેઠક યોજાઈ હતી. જેમાં પ્રજાને જવાબદાર તંત્રની માગ તેમજ કરવેરા સહિતના અન્યાય સામે આંદોલન આકાર લેવા લાગ્યું. કાઠિયાવાડ રાજકીય પરિષદના મંત્રી ઉચ્છંગરાય ઢેબરે મુંબઈથી પ્રગટ થતા ગુજરાતી દૈનિક 'જન્મભૂમિ'માં દેશી રાજ્યોમાં ચાલતા અંધેર વહીવટની કડક શબ્દોમાં ટીકા કરી. સૌરાષ્ટ્રના સત્યાગ્રહી સેનાપતિ ફૂલચંદભાઈએ કાઠિયાવાડ સત્યાગ્રહ દળની સ્થાપના કરી.



पूज्य गांधीजी के द्वारा समाधान प्रपाप के समय राष्ट्रीयशाला में सांध्यप्रार्थना

ઑગસ્ટ ૧૯૩૮માં રાજકોટ રાજ્યની હદમાં સભા ભરાઈ. આ સભા પર પોલીસે ધોંસ બોલાવી. ઢેબરભાઈ સહિત અનેક આગેવાનોની ધરપકડો કરવામાં આવી. પરંતુ લોકોમાં રોષ અને જુસ્સો વધ્યો.

દરમિયાન મુંબઈમાં જાહેર સભામાં સરદાર વલ્લભભાઈ પટેલે રાજકોટના આંદોલન મુદ્દે ખાતરી આપી કે આખું ભારત રાજકોટના લોકોની પડખે છે. તેમણે દેશી રાજ્યોની પ્રજાને જાગ્રત થવા અને પ્રજાને પોતાનું ખમીર બતાવી આપવા પડકાર કર્યો. જેના કારણે દરબાર વીરાવાળાએ પરિસ્થિતિ સમજીને આગેવાનોને જેલમાંથી છોડી મૂક્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલ રાજકોટ પધાર્યા અને તેમના પ્રમુખપદે પાંચ સપ્ટેમ્બર, ૧૯૩૮ના રોજ રાજકોટ રાજ્ય પ્રજાપરિષદ યોજાઈ. જેમાં હજ્જારો લોકો જોડાયા. સરદારના ભાષણથી લોકોમાં નવી જાગૃતિ આવી. આ અધિવેશનમાં જવાબદાર રાજ્યતંત્રની માગણી કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ સાથે રાજકોટ સત્યાગ્રહનો પ્રારંભ થયો.

રાજ્યના દીવાન દ્વારા એકતરફ સમાધાનના નામે ચર્ચા કરતા. બીજી તરફ સત્યાગ્રહીઓ પર દમન ગુજારી, ધરપકડોનો દોર ચાલુ રહ્યો. સામે સત્યાગ્રહીઓ દ્વારા આંદોલન, હડતાળો, સવિનય કાનૂન ભંગના કાર્યક્રમો થતા રહ્યા. આ બધા વચ્ચે સરદાર વલ્લભભાઈ અન્ય વિસ્તારોના પ્રવાસો વચ્ચે'ય રાજકોટની ચિંતા કરી માર્ગદર્શન કરતા રહેતા હતા.

ગંભીરતા પારખીને રાજકોટ રાજ્યે સરદાર વલ્લભભાઈ સાથે ડિસેમ્બર, ૧૯૩૮માં સમાધાન કર્યું. તે મુજબ જવાબદાર રાજ્યતંત્ર આપવાનું તથા સરદારસૂચિત સાત નામો તથા રાજ્યનિયુક્ત ત્રણ નામોની સમિતિ બનાવીને રાજ્યનો વહીવટ ચલાવવાનું ઠરાવાયું. અંતે સત્યાગ્રહી કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. આ સમાધાનની જાહેરાત રાજ્યના ગેઝેટમાં કરવામાં આવી હતી.

આ પછી પણ દીવાન વીરાવાળાના કાવાદાવા ચાલુ રહેતા ૨૫ જાન્યુઆરી ૧૯૩૯માં ફરી સત્યાગ્રહ થયો. સામે રાજ્ય તરફથી દમનના દોર ચાલુ રહ્યા. આ સમયે સત્યાગ્રહમાં ભાગ લેવા આવેલા કસ્તુરબા, સરદારના પુત્રી મણિબહેન તથા મૃદલા સારાભાઈને પણ ત્રંબામાં કેદ કરાયા. અત્યાચારો સામે ગાંધીજીએ રાજકોટ આવીને ૪ માર્ચ, ૧૯૩૯ના રોજ આમરણાન્ત ઉપવાસ શરૂ કર્યા. આખરે વાયસરોયની સૂચના મુજબ, રાજકોટનો મામલો સુપ્રીમ કોર્ટમાં ગયો. જેનો ચુકાદો બંને પક્ષોએ માન્ય રાખવો તેનું નક્કી થતાં ગાંધીજીએ અનશન ૭ માર્ચના રોજ પૂર્ણ કર્યા.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ પોતાનો ચુકાદો આપ્યો. તેમાં તેમણે વલ્લભભાઈના અર્થઘટનને સ્વીકાર્યું. સરદારે સૂચવેલાં નામોની યાદીમાં રાજ્યને ફેરફાર કરવાનો અધિકાર નથી એવું ચુકાદામાં સ્પષ્ટ જણાવ્યું હતું. પરંતુ એ પછી પણ સર્વસંમત સભ્યોનાં નામો અંગે મતભેદ ચાલુ રહ્યો હતો અને દીવાનના કાવાદાવા ચાલુ રહ્યા.

આખરે ગાંધીજીએ સત્યાગ્રહીઓને ચુકાદાનો મળેલો લાભ જતો કરવાનો નિર્ણય જાહેર કર્યો. આના અનુસંધાનમાં રાજકોટની વિરાટ સભાને સંબોધતાં સરદાર વલ્લભભાઈએ કહ્યું હતું કે, રાજકોટની પ્રજાએ અપૂર્વ જાગૃતિ, અદભુત સંગઠનશકિત, અજોડ ત્યાગ તથા અહિંસાની ભાવનાનાં કરાવેલ દર્શને માત્ર સૌરાષ્ટ્રની જ નહિ, પરંતુ ભારતની સમગ્ર પ્રજાને ઉમદા લોકલડતનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. જેનાથી જવાબદાર રાજ્યતંત્ર તેમજ સ્વરાજ્યને વધારે વખત રોકી શકાશે નહિ.

જો કે પછી ટૂંક સમયમાં જ ઠાકોર ધર્મેન્દ્રસિંહજી તથા દરબાર વીરાવાળાનું અવસાન થયું હતું.

# વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રવિવારે નહીં દોડે

**અબતક, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ ટ્રેન નંબર ૭૯૪૫૨ મોરબી-વાંકાનેર, ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર,ટ્રેન નંબર ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર,ટ્રેન નંબર ૭૯૪૪૪ મોરબી-વાંકાનેર,ટ્રેન નંબર ૭૯૪૪૬ મોરબી-વાંકાનેર, ટ્રેન નંબર ૭૯૪૪૮ મોરબી-વાંકાનેર,ટ્રેન નંબર ૭૯૪૪૧ વાંકાનેર-મોરબી, ટ્રેન નંબર ૭૯૪૪૩ વાંકાનેર-મોરબી,ટ્રેન નંબર ૭૯૪૫૩ વાંકાનેર-મોરબી, ટ્રેન નંબર ૭૯૪૪૫ વાંકાનેર-મોરબી, ટ્રેન નંબર ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી અને ટ્રેન નંબર ૭૯૪૫૧ વાંકાનેર-મોરબી નો સમાવેશ કરાયો છે. રેલ યાત્રીઓને વિનંતી કરાય છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www. enquiry.indianrail. gov.in પર જઈને જાણકારે મેળવી લેવી.

# જૂનાગઢઃ યોગ બોર્ડ દ્વારા કાલે 'યોગ સંવાદ' કાર્યક્રમ

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત સરકાર દ્વારા લોકોને સ્વસ્થ રાખવા અને મેદસ્વિતાથી મુક્ત રાખવા માટે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે આ અભિયાનને આગળ વધારવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા જૂનાગઢ ખાતે તા.૧લી નવેમ્બરના રોજ બપોરે ૪ કલાકે યોગ સંવાદ કાર્યક્રમનું આયોજન કર્યું છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેનના માર્ગદર્શન હેઠળ મેદસ્વિતા અંગે જનજાગૃતિ લાવવા માટે જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પરના ભાજપ કાર્યાલય કમલમ ખાતે યોગ સંવાદ કાર્યક્રમ યોજાશે. મહત્વનું છે કે, આ કાર્યક્રમ લોકોના માનસિક તથા શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગેની જાગૃતતા આવે અને લોકો નિયમિતપણે યોગ કરવા માટે પ્રેરાય તેવા હેતુ સાથે આયોજન કરવામાં આવ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૧-૧૦-૨૦૨૫ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૨૦ ગુજરાતી મુવી (સાહેબ)
૦૨:૨૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોથે મોમોસ)
૦૩:૩૦ થી ૦૭:૦૦ શ્રી ઘનશ્યામ મહારાજ નો ૧૦૦ શતાબ્દી મહોત્સવ. શ્રી ભક્તચિંતામણી કથા (લાઈવ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૧:૩૦ શ્રી ઘનશ્યામ મહારાજ નો ૧૦૦ શતાબ્દી મહોત્સવ. શ્રી ભક્તચિંતામણી કથા (લાઈવ)
૧૧:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૧-૧૧-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર(શ્રી.કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧-૧૧-૨૦૨૫ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** કારતક શુદ દશમ દેવદિવાળી શિવપંથીની
**નક્ષત્ર** શતભિષા
**યોગ** ધ્રુવ **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૫૨ **સુર્યાસ્તઃ** ૬.૦૯
**ચંદ્ર રાશી** કુંભ
**રાશિ અક્ષર** ગ.શ.સ
**દિશાશૂળ** પુર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૮ થી ૧૨.૫૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | ૮ | ૨ | | ૭ |
| | ૫ | ૨ | | | | | | |
| | | ૪ | ૧ | | | ૬ | | |
| | | | | ૨ | | ૧ | ૫ | |
| | | | | | | | ૭ | ૬ |
| ૬ | ૪ | | | | | | ૮ | |
| | ૬ | | | | ૫ | | | ૪ |
| | | | ૭ | | | | | |
| ૭ | | ૩ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૨૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૩ | ૪ | ૧ | ૫ | ૮ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૫ | ૨ | ૩ | ૭ | ૧ | ૪ | ૬ |
| ૨ | ૪ | ૧ | ૬ | ૮ | ૯ | ૭ | ૩ | ૫ |
| ૮ | ૫ | ૯ | ૩ | ૨ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૬ | ૨ | ૪ | ૭ | ૯ | ૧ | ૩ | ૫ | ૮ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૫ | ૬ | ૪ | ૯ | ૨ |
| ૩ | ૭ | ૬ | ૫ | ૪ | ૨ | ૯ | ૮ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૯ | ૭ | ૮ | ૫ | ૬ | ૩ |
| ૫ | ૯ | ૮ | ૧ | ૬ | ૩ | ૨ | ૭ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧.૧૧.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૨, કારતક સુદ દશમ, શતતારા નક્ષત્ર, ધ્રુવ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે,કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ)** : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ)** : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ)** : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ)** : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત)** : સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય)** : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર (ખ,જ)** : વિલંબ થી પણ તમને કાર્યમાં સફળતા મળે,અંતરાય દૂર થાય,જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે .

**કુંભ (ગ,સ,શ)** : તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ)** : સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

# રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી: રાજકોટમાં યોજાઈ 'રન ફોર યુનિટી'



તસવીર: શૈલેષ વાડોલિયા





## કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની સાથે ધારાસભ્યો અને અધિકારીઓએ રેસકોર્સ ફરતે ચક્કર લગાવ્યું

**અબતક, રાજકોટ**

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દેશના લોખંડી પુરુષ સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તથા અન્ય મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી ત્યાર બાદ રન ફોર યુનિટીને ફ્લેગ ઓફ કરીને ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસ્થાન કરાવ્યું હતું.

મંત્રી કુંવરજીભાઈ બાવળીયા સહિત તમામ મહાનુભાવોએ રેસકોર્સ ફરતે દોડીને રન ફોર યુનિટીમાં ભાગ લીધો હતો. તમામ ઉપસ્થિતઓએ દેશની

(અનુ. આઠમા પાને)

# 'રન ફોર યુનિટી' દેશને એકતાના તાંતણે જોડનારૂ માધ્યમ: ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતે 'યુનિટી માર્ચ'ને પ્રસ્થાન કરાવ્યું



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'સરદાર૧૫૦ યુનિટી માર્ચ'ને પ્રસ્થાન કરાવ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં વર્ષ ૨૦૧૪થી સરદાર પટેલની જન્મજયંતિ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવાય છે,

આજે આયોજિત 'યુનિટી માર્ચ' દેશની એકતા અને અખંડિતતાનું પ્રતિક છે. વડાપ્રધાનના નેતૃત્વમાં સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના મંત્ર થકી ભારત ત્રીજી મોટી આર્થિક મહાસત્તા

(અનુ. આઠમા પાને)










તંત્રી લેખ

# અમેરિકા- ચીનના સુધરતા સંબંધ, વિશ્વ માટે વિકાસનો નવો સૂર્યોદય સમાન

દેર આઈએ દુરસ્ત આઈએ.. ચીન અને અમેરિકા વચ્ચે સુમેળ ભર્યા સંબંધો ના ઉભા થયેલ સંજોગોથી વિશ્વ ઉપરથી આર્થિક યુદ્ધના વાદળો હાલ વિખેરાઈ રહ્યા હોવા ના સારા સંકેતો મળી રહ્યા છે, અમેરિકામાંડોનાલ્ડ ટ્રમ્પે સત્તામાં આવતા વેંત ફસ્ટ નેશનના અભિગમ સાથે લીધેલા કેટલાક આકરા નિર્ણયોથી વિશ્વમાં ટ્રેડ વોર જામશે તેવા સંકેતો મળી રહ્યા હતા, દરમિયાન આજે ટ્રમ્પ અને વચ્ચે થયેલી બેઠકથી હાલમાં વિશ્વની બે મહાસત્તાઓ એકબીજાને ભીડવવા ના બદલે એકબીજાના ભેરુ બનવા રાજી થયા હોય તેવો માહોલ ઉભો થયો છે, ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સાથે સાથે ભારત સાથે વેપાર કરારમાં આગળ વધવાના સંકેત આપ્યા છે અમેરિકા ટૂંક સમયમાં ભારત સાથે નિર્ણાયક વેપાર કરાર કરવા જઈ રહ્યું છે,

ચીન અને અમેરિકા વચ્ચે છેલ્લા એક દાયકામાં સંબંધો ખૂબ જ ખરાબ સ્તરે પહોંચી ગયા હતા અને બંને મહાસત્તાઓ એકબીજાને ભરી પીવા કોઈ પણ હદે જવા માટે તૈયાર થઈ ગઈ હતી ચીન અને અમેરિકા વચ્ચેની કથિત હુસાતુશી થી ભારત સહિતના વિશ્વના અનેક વિકાસશીલ દેશો પર તેની મોટી વિપરિત અસર થતી હતી વૈશ્વિક વેપારને ચીન સાથે સાથે અમેરિકા સાથે સંબંધ રાખવામાં પણ બંને દેશોની ટસલ વિશ્વ માટે માથાનો દુખાવો બની રહ્યો હતો, અમેરિકા અને ચીન ની બૌદ્ધિક અને રાજકીય લડાઈમાં વિશ્વના દેશોને કયા પક્ષે ટેકા રૂપ બનવું તેની સ્થિતિ વચ્ચે ભારત અને ખાસ કરીને નરેન્દ્ર મોદીના નેતૃત્વ એ તંદુરસ્ત સંતુલન જાળવવામાં મોટી સિદ્ધિ મેળવી હતી અને અમેરિકા અને ચીન બંને ભારત સાથેની દોસ્તી માટે આતુર બન્યા હતા, તેવા સંજોગો વચ્ચે જ્યારે જિનપિંગ અને ટ્રમ્પ વચ્ચે સારી રીતે બેઠક યોજાઈ છે વિશ્વનાથ તંત્ર ના થંભી ગયેલા શ્વાસ ફરીથી તબક્કા થઈ જાય તેવી શક્યતાઓ ઊભી થઈ છે અમેરિકા અને ચીનના રાષ્ટ્રપતિ વચ્ચેની આ બેઠક અને બે દેશો વચ્ચે મિત્રતાના રચાયેલા નવા અધ્યાય નો વૈશ્વિક વેપાર ને મોટો લાભ થશે.

ટ્રમ્પ અને જિનપિંગ એ પરસ્પર લંબાવેલા દોસ્તીના હાથ વિશ્વના વિકાસશીલ અને વિકસિત દેશ માટે વેપાર ઉદ્યોગ ના વિકાસ માટે એક સારો અને સાચો સધિયારો બની રહેશે ચીન અને અમેરિકા ના સંબંધો સુધરે તો વિશ્વના વેપાર ઉદ્યોગ અને રાજકીય શાંતિ માટે એક નવો સૂર્યોદય બની રહેશે

કમોસમી વરસાદે પરંપરાને પણ અવરોધી

# સોમનાથમાં કાર્તિકી પૂર્ણિમાનો મેળો હવે માગશરમાં યોજાશે

## કાલથી શરૂ થનારો મેળો હવે ૨૭મી નવેમ્બરથી ૧ ડિસેમ્બર દરમિયાન યોજાશે

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

શ્રદ્ધા અને લોકસંસ્કૃતિના પાવનધામ એવા પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં વર્ષ ૧૯૫૫થી પ્રતિવર્ષ યોજાતો પરંપરાગત કાર્તિક પૂર્ણિમા લોકમેળો-૨૦૨૫ કે જે આગામી તા.૧ થી ૫ નવેમ્બર ૨૦૨૫ સુધી નિર્ધારિત કરવામાં આવ્યો હતો, આ મેળાને પ્રવર્તમાન અસામાન્ય હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, સોમનાથ ટ્રસ્ટ દ્વારા તા.૨૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજવાનો મહત્વપૂર્ણ અને જનહિતકારી નિર્ણય લેવામાં આવ્યો છે.



શ્રી સોમનાથ મંદિર સપૂર્ણ થયું અને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું તે પુણ્ય દિન એટલે સંકલ્પ સિદ્ધિ દિવસ પર મેળાનું સમાપન થશે. કાર્તિકી પૂર્ણિમા પર્વે ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મેળામાં લાખોની સંખ્યામાં મુલાકાતીઓ પધારતા હોય છે. જેથી મુલાકાતીઓ, સ્ટોલ ધારકો અને વેપારીઓના સમગ્રલક્ષી હિતને અનુલક્ષીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૦૪/૧૧/૨૦૨૫ સુધી એટલેકે કાર્તિકી એકાદશી (દેવ ઊઠી એકાદશી) થી કાર્તિકી પૂર્ણિમાના પાવન પર્વ સુધી સોમનાથ મંદિરના દર્શન, પૂજા-વિધિ અને આરતીના કાર્યક્રમો નિર્ધારિત સમય મુજબ યથાવત રહેશે તેમજ દર્શનનો સમય ૧ કલાક વધારીને રાત્રિના ૧૧:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. તેમજ તા. ૫/૧૧/૨૦૨૫ ના રોજ કાર્તિકી પૂર્ણિમાની મધ્ય રાત્રે ૧૨:૦૦ વાગ્યે સોમનાથ મહાદેવની મહાઆરતી યોજાશે અને રાત્રે ૦૧:૦૦ વાગ્યા સુધી મંદિરમાં દર્શનનો લાભ મળશે.

અન્ય કોઈ પણ માહિતી કે વિશેષ અપડેટ માટે, સોમનાથ ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ somnath.org અને ટ્રસ્ટના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સંપર્કમાં રહેવા ભાવિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમરેલી: રાજયમંત્રી કૌશિક વેકરિયાએ ખેડુતોને રૂબરૂ સાંભળી પાકને થયેલી નુકશાનીનો મેળવ્યો તાગ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના લીધે સર્જાયેલી પરિસ્થિતિના પગલે રાજ્ય ઊર્જા મંત્રી કૌશિક વેકરીયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા સેવાસદન ખાતે યોજાયેલી બેઠકમાં રાજયમંત્રીએ વિવિધ વિભાગો પાસેથી અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ બાદ સર્જાયેલી સ્થિતિનો હકીકતલક્ષી અહેવાલ મેળવ્યો હતો.દિવસ દરમિયાન તેમણે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સ્થળ પર જઈને ખેતીલક્ષી હકીકતો પ્રાપ્ત કરી નુકસાનીનો તાગ મેળવ્યો હતો. પોતાના તમામ પ્રવાસ ટૂંકાવી તેઓ તાત્કાલિક અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા હતા.અને જિલ્લાના અધિકારીઓને માર્ગદર્શન અને સૂચના આપતા તેમણે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદના લીધે ખેતીને વ્યાપક નુકસાન થયું છે. મુખ્યમંત્રીના સીધા માર્ગદર્શન હેઠળ




વિવિધ જિલ્લાઓમાં મંત્રીઓ રૂબરૂ મુલાકાત લઈ રહ્યા છે. જિલ્લામાં ખેતી અને બાગાયતમાં થયેલી નુકસાનીનો અહેવાલ સત્વરે સોંપવામાં આવે.મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ‘‘ખેડૂતો તરફથી તલાટી સહિત કોઈપણ કર્મચારી કે અધિકારીનો સંપર્ક કરવામાં આવે

રેસ્કયુ કામગીરી બદલ અભિનંદન અને આગામી ત્રણ દિવસ માટે સતર્ક રહેવા પણ સૂચના આપી હતી, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે આ બેઠકમાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓને આગામી ૩ દિવસ દરમિયાન એલર્ટ રહેવા તેમજ હેડક્વાર્ટર ન છોડવા માટે સૂચના આપી હતી. તેમણે માર્ગ મકાન વિભાગ, પી.જી.વી.સી.એલ, સિંચાઈ, ખેતીવાડી અને બાગાયત સહિતના વિભાગના અધિકારીઓને કમોસમી વરસાદની સ્થિતિને પહોંચી વળવા જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

# સુરતના અગ્રગણ્ય બિલ્ડર આરીફભાઈ કાલવાનો આજે જન્મદિવસ

એકતા દિવસ અખંડ ભારત શિલ્પી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે તેની વિચારધારા સાથે જોડાયેલા આરીફભાઈ કાલવાનો પણ આજે તેમનો જન્મ દિવસ છે. તેઓ યશસ્વી જીવનના ૪૫ વર્ષ પૂર્ણ કરી, ૪૬માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. મુળ વતન રાજકોટ હાલ સુરત રહેતા આરીફભાઈ કાલવાના જન્મ દિવસે તેમને મોબાઈલ નંબર ઉપર તેમજ સોસ્યલ મીડીયા દ્વારા અસંખ્ય માત્રમા શુભેચ્છાઓ મળી રહી છે અને આરીફભાઈ કાલવા હાલમા મોદીજી સેના સંગઠનના રાષ્ટ્રીય ઉપ-પ્રમુખ છે તેમજ સાથે સને-૨૦૧૩ થી આજ ૨૦૨૫ સુધી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની જે પહેરવેશ (ડ્રેસ)ની સેમ કોપી પહેરીને જનતા સ્ટાર પ્રચાર કરી રહયા છે તેમજ ભારતના લોકપ્રીય એશેશ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસે તેમના જન્મ થી લઈ ૨૦૨૪માં લાસ્ટ વન પર્યાવરણ ઉપર કામ કર્યુ ત્યાં સુધીનુ તેમના જીવન આધારીત ‘‘કેમ છો?’’ નામની ડીજીટલ પુસ્તક તેમને ભેટ કરી એમેઝોન ઉપર તા.૩૧/૪/૨૦૨૫ ના રોજ લોન્ચ પણ કરેલ છે અને આ રીતે તે પુસ્તકના એડીટર અને નિર્માતા પણ આરીફભાઈ કાલવા છે. આ ઉપરાંત સુરત શહેરમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ચેરમેન તરીકેની સેવા આપી રહયા છે અને વ્યવસાયમાં સામાજિક સેવા, બીઝનેસમેન, કાલવા બિલ્ડર, બોલીવુડ ફીલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ‘‘OHM-



WOW પ્રોડકશન એન્ટરટેન્મેન્ટ’’ના નામથી મુંબઈ શહેરમાં પ્રોડ્યુસર તરીકે નિર્માતા નિર્દેશક પણ છે તેમજ તેમની હોબી બોલીવુડ સિંગર અને કવ્વાલ છે. તેઓના મો.૯૫૩૭૭ ૭૯૮૮૬ પર જન્મદિને અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# સુત્રાપાડા પંથકમાં માવઠાથી થયેલી નુકશાનનું વળતર આપવા નગરપતિ મનહર બારડની માંગ

## સેટેલાઈટ સિસ્ટમથી સર્વે કરી ખેડુતોને વળતર આપવા રજૂઆત

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**



રાજયભરમાં કમોસમી વરસાદના માહોલમાં સુત્રાપાડામાં ૧૭ ઈંચ જેટલા અતી ભારે વરસાદથી શહેરમાં આસપાસ ખેતીમાં મોટુ નુકશાન થયું છે.

સુત્રાપાડા નગરપાલીકા પ્રમુખ મનહરભાઈ બારડે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર થયેલને પત્ર પાઠવી સુત્રાપાડા શહેર તેમજ આસપાસ કમોસમી વરસાદથી થયેલા નુકશાન અંગે સેટેલાઈટ સીસ્ટમથી સર્વે કરી કોઈ ખેડુત સહાયથી વંચિત ન રહે તેવી રજૂઆત કરી સહાયની માંગ કરી છે.

# સુત્રાપાડા: માવઠાથી ગીર સોમનાથ જિલ્લામાં થયેલા નુકશાનનું તત્કાલ વળતર આપવા પૂર્વ મંત્રી જશાભાઈ બારડની મુખ્યમંત્રીને રજૂઆત

## જશાભાઈ બારડે મુખ્યમંત્રી-કૃષિમંત્રીને રૂબરૂ મળી ખેડુતોને સહાય રૂપ થવા કરી માંગ

**અબતક, રામસિંહ મોરી,સુત્રાપાડા**

ગીર-સોમનાથ જિલ્લા માં પડેલ માવઠાના કમોસમી વરસાદથી થયેલ નુકશાન સંદર્ભે સર્વે કરી સહાય જાહેર કરવા ગુજરાત ના મુખ્યમંત્રી ને રૂબરૂ મળી પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે આવેદન આપી રજૂઆત કરી હતી.



સુત્રાપાડા ના વતની અને ગુજરાત સરકાર ના પૂર્વ કેબિનેટ મંત્રી અને ખેડૂત પુત્ર જશાભાઈ બારડે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ કૃષી મંત્રી જીતુભાઈ વાઘાણીને રૂબરૂ મળી રજૂઆત કરી કે ગીર-સોમનાથ જીલ્લામાં અને સુત્રાપાડા તાલુકામાં તા.૨૫/૧૦ થી ૨૮/૧૦ દરમ્યાન ૧૮ ઈચ જેટલો માવઠાનો કમોસમી વરસાદ પડતા સમગ્ર જીલ્લામાં મગફળી સોયાબીન જેવા તૈયાર થયેલા ખેડુતોના પાકને લાખો કરોડો રૂપિયાનુ નુકશાન થવા પામેલ છે. હાલ મગફળી અને સયોબીન જેવા પાકોની લણણી અને કાપણી સીઝન ચાલુ હોય ત્યારે ભુતકાળમાં ક્યારેય ન જોયેલ આવા માવઠાના કમોસમી વરસાદથી પારવાર નુકશાન થયેલ છે અને ખેડુતોનો ૧૦૦ ટકા પાક સાફ થયેલ છે તેવી પરીસ્થિતી નજરે જોયેલ છે ત્યારે ખેડુતો ઉપર આવેલ કુદરતી આફતમાં સાથે રહીને સરકારના નિતી નિયમો મુજબ તાત્કાલિક સર્વે કરીને સહાય જાહેર કરવામાં આવે જેથી ખેડુતોને રાહત મળે.

આ બંને પાક સપ્ટેમ્બર અને ચાલુ માસમાં આવેલ કમોસમી વરસાદથી સંપૂર્ણ નિષ્ફળ ગયેલ હોય પશુ માટે છારો પણ બિલકુલ નાશ પામેલ હોય આપણે આત્મનિર્ભર દેશ બનાવવા માટે મુખ્ય કોઈ હોય તો તે, ખેડૂત છે. અને ખેડૂત પ્રત્યે આપણી સરકાર હંમેશા વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓથી ખેડૂતોના ઉત્કર્ષ માટે કામ કરતી હોય તો ખેડૂત પ્રત્યે હકારાત્મક વલણ અપનાવી તાત્કાલિક ધોરણે સર્વે કરાવી આર્થિક પેકેજ આપવા માટે પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે મુખ્યમંત્રી શ્રી અને કૃષી મંત્રી જીતુભાઈ વાઘાણી ને રૂબરૂ રજૂઆત કરી આવેદનપત્ર આપ્યું છે.

# ધ્રાંગધ્રાના સોલડીમાં વણકર સમાજનું યોજાયું સ્નેહમિલન

## સામાજીક આગેવાનોએ દીકરી-દિકરાઓને ભણવામાં આગળ વધવા કરી અપીલ



**અબતક, સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામે પરિવર્તન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વણકર સમાજના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધ્રાંગધ્રા અને હળવદ પંથકના વણકર સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન સમાજના વડીલોએ દીકરા-દીકરીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધારવા પર ભાર મૂક્યો હતો તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ જ સમાજની પ્રગતિ અને પ્રતિષ્ઠાનું મુખ્ય માધ્યમ છે આ ઉપરાંત, વણકર સમાજના આગેવાનો દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા

# ધોરાજી: સરદાર જયંતીએ લોખંડી પુરૂષને અપાય પૂષ્પાંજલી



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીમાં અખંડ ભારતના શિલ્પી-લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ખોડલધામ પરિવાર દ્વારા હારતુરા કાર્યક્રમ યોજાયો હતો.

ધોરાજીના સરદાર ચોક ખાતે ખોડલધામ પરિવાર દ્વારા શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈની ૧૫૦ મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ખોડલધામના કાર્યકર્તાઓ તથા પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયા વરૂણભાઈ વઘાસિયા ધોરાજી ખોડલધામ ના પ્રમુખ અરવિંદભાઈ વોરા તેમજ વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના પંથકમાં કમોસમી વરસાદથી પાક નિષ્ફળ: રાહત પેકેજ આપવા માંગ

## કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા, પ્રદ્યુમનભાઈ વાજાએ અસરગ્રસ્ત વિસ્તારોની લીધી મુલાકાત

**અબતક, ઉના**

ગીર સોમનાથ જિલ્લા ના ઊના અને ગીર ગઢડા તાલુકામાં ત્રણ દિવસ કમોસમી વરસાદ જોરદાર ૧૨ ઈંચ થી વધુ વરસી જતા અને ભારે પવન થી બન્ને તાલુકા ના ખેતરો માં પાણી ભરાઈ જતા માંડવી અને કપાસ, કઠોળ, સોયાબીન, બાગાયતી પાકો બગડી ગયા છે. અને ખેડૂતો નો ચોમાસુ પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. ગુજરાત સરકારે ખેતી ના પાક ની નુકશાની નો સર્વે



કરવા ગુજરાત સરકાર ના કેબિનેટ મંત્રી અર્જુન ભાઈ મોઢવાડીયા, પ્રદ્યુમન ભાઈ વાજા મુલાકાતે આવતા ઊના ના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ અને આગેવાનો એ અસર ગ્રસ્ત વિસ્તાર ની મુલાકાત લઈ લોકો સાથે સવાદ કરેલ તેમજ ઊના તાલુકા ના દરિયા કાંઠે આવેલ નવાબંદર, સિમર બંદર, સૈયદ રાજપરા બંદરે ભારે વરસાદ ને કારણે સૂકવેલી મચ્છી પલળી જતા લાખો રૂપિયા નું નુકશાન ગયુ હોય માછી માર લોકો ને પણ ખાસ પેકેજ આપવા રજૂઆત કરવામાં આવી હતી. બન્ને મંત્રી ઓ એ કહેલ કે રાજ્ય સરકાર થોડા દિવસો મા નુકશાની નો સર્વે કરી ખાસ પેકેજ જાહેર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# ગીર સોમનાથ જીલ્લામાં શાળા બહારના બાળકોની ઓળખ માટે સર્વે હાથ ધરવા કવાયત

## જિલ્લામાં એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવી તંત્રની તાકીદ

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પટેલ અને જીલ્લા ઓ.આઈ.સી. કાથળના માર્ગદર્શન અન્વયે આર.ટી.ઈ. ૨૦૦૯ અંતર્ગત સમગ્ર શિક્ષા ગીર સોમનાથમાં ૬ વર્ષ થી લઈને ૧૮ વર્ષ સુધીના શાળા બહારના તેમજ અધવચ્ચેથી ઉઠી ગયેલા દિવ્યાંગ સહિતના બાળકોનો સર્વે હાથ ધરવામાં આવશે. તે અન્વયે ૧૪.૧૧.૨૦૨૫ થી ૨૩.૧૧.૨૦૨૫ સુધી બાળકોનો સર્વે કરવા ગીર સોમનાથ જીલ્લાની આસપાસના તમામ નોટીફાઈડ-અનનોટીફાઈડ વિસ્તાર, ઝૂંપડપટ્ટી વિસ્તાર, દરિયાઈ વિસ્તાર, જંગલ વિસ્તાર,સીમ વિસ્તાર જેવા તમામ વિસ્તારોમાં આ સર્વે હાથ ધરવામાં આવશે. શાળા બહારના અથવા ડ્રોપ આઉટ દિવ્યાંગ સહિતના બાળકો મળી આવે તો નજીકની સરકારી પ્રાથમિક શાળા,નજીક નું બી.આર.સી. ભવન અને જિલ્લા કચેરીના ટોલ ફ્રી નો. ઉપર જાણ કરવા ગીર સોમનાથના ટોલ ફ્રી નો. ૧૮૦૦ ૨૩૩ ૨૫૮૫ છે. સર્વે નો હેતુ છે કે રાજ્યમાં અભ્યાસથી વંચિત એકપણ બાળક ન રહેવુ જોઈએ. તેમ વિગત પરેશભાઈ પંડ્યાની યાદી જણાવે છે.

ધારાસભ્ય જનક તળાવીયાની મહેનત રંગ લાવી

# લાઠીની માલવીયા પીપરીયા, મતીરાળા, કૃષ્ણગઢની નદીને ઊંડી કરવા રૂ. ૧૫.૬૬ કરોડ મંજુર

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના લાઠી પંથકના ખેડૂતો અને સ્થાનિકો માટે એક અત્યંત રાહતભર્યા સમાચાર સામે આવ્યા છે. લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયાસોના ફળ સ્વરૂપે, માલવીયા પીપરીયા, મતીરાળા અને કૃષ્ણગઢ ગામોની જીવાદોરી સમાન નદીને પહોળી તેમજ ઊંડી ઉતારવા માટે સરકારે રૂ. ૧૫ કરોડ ૬૬ લાખની સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ નિર્ણયને નવા વર્ષની અનોખી ભેટ ગણાવ્યો છે અને લાઠી હવે જળક્રાંતિમાં પણ અગ્રેસર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

લાંબા સમયથી આ વિસ્તારના ખેડૂતો ચોમાસાના વહી જતા પાણીનો સંગ્રહ કરવા અને ઉનાળામાં પાણીની સમસ્યા હળવી કરવા માટે નદીને ઊંડી અને પહોળી કરવાની માંગ કરી રહ્યા હતા. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ જનપ્રશ્નને અસરકારક રીતે સરકાર સમક્ષ રજૂ કર્યો હતો, જેના પરિણામે



આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.જેથી રૂ. ૧૫.૬૬ કરોડના ખર્ચે થનારા આ કામથી નદીની જળસંગ્રહ ક્ષમતામાં અનેકગણો વધારો થશે,

જેનો સીધો લાભ હજારો ખેડૂતોને સિંચાઈ માટે મળશે.

જળસંગ્રહ વધવાથી ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે, જે સમગ્ર વિસ્તાર માટે લાંબાગાળે અત્યંત ફાયદાકારક સાબિત થશે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ‘‘અમારી પ્રાથમિકતા ખેડૂતોની સુખાકારી છે. નદી ઊંડી અને પહોળી થવાથી કૃષિ ઉત્પાદનમાં વધારો થશે અને ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ મળશે.‘‘

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે, ‘‘અમે ખેડૂતોની પડખે છીએ અને તેમના હિત માટે હંમેશા પ્રતિબદ્ધ રહીશું. અમરેલી જિલ્લાના વિકાસને લક્ષમાં લઈને છેવાડાના ગામો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવા માટે હું સતત પ્રયત્નશીલ છું.‘‘

# ધ્રાંગધ્રામાં જલારામ બાપાની ૨૨૬મી જયંતીની ઉજવાણી: શોભાયાત્રા અન્નકુટનો ધર્મલાભ

**અબતક, સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રામાં જલારામ મંદિરે જલારામ બાપાની ૨૨૬ મી જન્મ જયંતી નિમિત્તે શોભા યાત્રા સહીત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા અન્નકોટ,મહાઆરતી, ધજારોહણ,ભજન, શોભા યાત્રા,મહાપ્રસાદ તેમજ જ્ઞાતિભોજન જેવા કાર્યક્રમો યોજાયા હતા ત્યારે જલારામ બાપાના જીવન અને ઉપદેશોનું સન્માનમાં ઉજવાય છે, જેઓ તેમની નિઃસ્વાર્થ ભક્તિ અને જરૂરિયાતમંદો પ્રત્યેની કરુણા માટે જાણીતા સંત છે અને જલારામ જયંતિ જલારામ બાપાના મૂલ્યો અને ઉપદેશોની ઉજવણી કરે છે, જેમણે પોતાનું જીવન કરુણા અને ઉદારતાના આદર્શો માટે સમર્પિત કર્યું હતું ધ્રાંગધ્રા જલારામ મંદિરે જલારામ બાપાને વિવિધ વસ્તુઓનો અન્નકોટ ધરાવવામાં આવ્યો હતો સાથે મંદિર દ્વારા ધજા



રોહણ કરવામાં આવ્યું હતું મહા આરતી તેમજ કેક કાપીને જલારામ બાપાની જન્મજયંતી ઉજવવામાં આવી હતી સાંજે શોભાયાત્રા મહાપ્રસાદ તેમજ જ્ઞાતિ જમણવાર યોજાયા હતા. સાથે ગરીબ અને જરૂરીયાતમંદોને ભોજન કરાવવામાં આવ્યું હતું ત્યારે પ્રમુખ સંજયભાઈ ગોવાણી, જપનભાઈ આર કાનાબાર, નંદલાલ બી મશરૂ, સહીત સમાજના વડીલો બાળકો શોભાયાત્રામાં જોડાયા હતા.

# કારતકમાં શ્રાવણની હેલી: ૨૧૪ તાલુકામાં 'માવઠું'

## ભાવનગરના મહુવામાં સવા ત્રણ ઈંચ, તળાજામાં ત્રણ ઈંચ વરસાદ

**અબતક, રાજકોટ**

નૈઋત્યના ચોમાસાને જાણે ગુજરાતમાં ગમી ગયું હોય તેવું લાગી રહ્યું છે. દિવાળીના તહેવાર વિત્યાના ૧૦ દિવસ પછી પણ રાજયભરમાં વરસાદ વરસી રહ્યો છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૨૧૪ તાલુકાઓમાં ઝાપટાથી સવા ત્રણ ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો. આજે સવારથી ૨૮ તાલુકાઓમાં વરસાદ પડી રહ્યો છે. આગામી ત્રણથી ચાર દિવસ હજી મેઘાવી માહોલ યથાવત રહેશે. સતત કમોસમી વરસાદના કારણે વાતાવરણમાં શિયાળાની અનૂભૂતી થવા માંડી છે. આખો દિવસ ઠંડાગાર પવનો ફૂંકાય રહ્યા છે.

આજે સવારે પુરા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૨૧૪ તાલુકાઓમાં વરસાદ પડયો છે. રાજયમાં વરસાદનું જોર વધી રહ્યું છે. હજી ત્રણથી ચાર દિવસ સુધી માવઠું વરસતું રહેશે. ભાવનગરના મહુવામાં સૌથી વધુ સવા ત્રણ ઈંચ પાણી પડયું હતુ. આ ઉપરાંત તળાજામાં ત્રણ ઈંચ, હંન્સોટમાં ૩ ઈંચ, દેહગામમાં ૩ ઈંચ, કવાંટમાં અઢી ઈંચ, સુબિરમાં અઢી ઈંચ, સુરતના મહુવામાં અઢી ઈંચ, ગાંધીનગરમાં અઢી ઈંચ, જાંબુઘોડામાં બે ઈંચ, બોડેલીમાં બે ઈંચ, ઘોઘામાં બે ઈંચ, કલોલમાં બે ઈંચ, કડીમાં બે ઈંચ, પ્રાંતિજમાં પોણા બે ઈંચ, ડભોઈમાં પોણાબે ઈંચ, હિંમતનગરમાં પોણા બે ઈંચ, સનખેડામાં પોણા બે ઈંચ, વરસાદ પડયો હતો.

આ ઉપરાંત રાજયના ૨૫ તાલુકાઓમાં એક ઈંચથી લઈ પોણા બે ઈંચ જેટલો વરસાદ પડયો હતો. સૌરાષ્ટ્રનાં મોટાભાગના જિલ્લાઓમાં ગુરૂવારે વરસાદ પડયો હતો. આજે સવારથી રાજયના અનેક તાલુકાઓમાં વરસાદ વરસી રહ્યો છે. આગામી ત્રણથી ચાર દિવસ સુધી રાજયભરમાં માવઠાનો પ્રકોપ યથાવત રહેશે.


મોરબી મહાનગરપાલિકા-મોરબી

જાહેર નિવિદા

મોરબી મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે માન્ય/અધિકૃત વેલ્યુઅર પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ નં | કામનું નામ | યુનીટ દીઠ ભાવ |
|---|---|---|
| 1 | મોરબી મહાનગરપાલિકા દ્વારા સીલ કરેલ મિલકતની અપસેટ પ્રાઇઝ નક્કી કરવા | |
| 2 | મોરબી મહાનગરપાલિકા હસ્તકના જુના વાહનોની અપસેટ પ્રાઇઝ નક્કી કરવા | |

ઉપર દર્શાવેલ કામની વિગતના ભાવ 07/11/2025 સુધીમાં અરજી, લાયસન્સ, પ્રમાણપત્ર, પ્રોફેશનલ અનુભવ, એજન્સી અથવા બેન્કમાં એમ્પેનલ થયેલ હોય તો તેની વિગતો સાથે બંધ કવરમાં સ્પીડ પોસ્ટ/RPAD મોરબી મહાનગરપાલિકાને પહોંચતા કરવાના રહેશે. આવેલ ભાવ મંજુર/નામંજુર કરવાની અબાધિત સત્તા મહાનગરપાલિકાની રહેશે.

મ્યુ.જા.નં.-MRMC/0581/10/2025 — નાયબ કમિશનર(પ્રોજેકટ)

તા.-30/10/2025 — માહિતી -રાજ-૧૨૦૬-૨૫-૨૬ — મોરબી મહાનગરપાલિકા


## ધારી: કમોસમી વરસાદથી નુકશાન અંગે ખેડુતોને ત્વરીત સહાય આપવા મુખ્યમંત્રીને રજૂઆત

### જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વીન કુંજડીયાએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર

**અબતક, મેહુલ ત્રીવેદી, ધારી**

ધારી પંથકમાં પડેલા કમોસમી વરસાદના પગલે ખેતીમા થયેલ નુકશાન અંગે તાત્કાલીક સર્વે કરી ખેડુતોને વળતર આપવા ધારી ભાજપ આગેવાન અને જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વીનભાઈ કુંજડીયાએ મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરી છે. ધારી તાલુકાના બોરડી ગામમાં રહેતા અશ્વિનભાઈ કુંજડીયા જેહલ અમરેલી જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય સમિતિના ચેરમેન દ્વારા વરસાદને લઈને ખેડૂતોનો જે પાક બરબાદ થયો છે તેની સાઈ ચૂકવવા માટે મુખ્યમંત્રીને પત્ર લખી સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે તાત્કાલિક સર્વે કરાવીને ખેડૂતને સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી છે.

છેલ્લા ઘણા સમયથી કમોસમી વરસાદનો કહેર જોવા મળ્યો છે ત્યારે ખેડૂત ને બેહાલ થયો છે...આ બાબતને અગત્યની ગણીને ભાજપના સક્રિય કાર્યકર અશ્વિનભાઈ કણજરીયા એ મુખ્યમંત્રીને લેટર લખીને ખેડૂતોને સહાય ચૂકવવા માટે માંગ કરી છે.


પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ

ટેન્ડર સૂચના નં. RJT-PARK-CATG-25-06-16-17-18

રાજકોટ મંડળ માટે ઈ-ઓક્શન

રાજકોટ મંડળ માટે ઇ-ઓક્શન માટે બિડ મંગાવવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલાથી જ પ્રકાશિત થઈ ચૂક્યા છે. વિગતો નીચે મુજબ છે:

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કાર્યકાળ | શ્રેણી |
|---|---|---|---|
| E-PARK-06-2025 | 1)PARKING-RJT-OKHA-MX-18-25-2<br>2) PARKING-RJT-HAPA-MX-6-25-1 | 03 વર્ષ | (પાર્કિંગ-મિશ્ર) |
| E-CATG-16-2025 | 1) Catg-RJT-MVI-GMU-13-25-1<br>2) Catg-RJT-THAN-GMU-14-25-1<br>3) Catg-RJT-JAM-SMU-69-25-1 | 05 વર્ષ | (કેટરિંગ-GMU અને SMU) |
| E-CATG-17-2025 | 1) MPS-RJT-RJT-MPS-5-25-1 | 05 વર્ષ | (MPS-મલ્ટી પર્પઝ સ્ટોલ) |
| E-CATG-18-2025 | 1) MSS-RJT-SUNR-WVM-27-25-1<br>2) MSS-RJT-WKR-WVM-28-25-1<br>3) MSS-RJT-RJT-WVM-26-25-1 | 05 વર્ષ | (મિક્સ-સ્ટેટિક-સેવાઓ-વોટર વેન્ડિંગ મશીન) |

ઈ-હરાજીની તારીખ અને સમય 18-11-2025 15:30 વાગ્યે

ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલના શીર્ષક હેઠળ WWW.IREPS.GOV.IN (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે. RJT 145

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



અબતક દૈનિકને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

The Co-Operative Bank of Rajkot Ltd.
Multi State Co-Operative Bank
Raj Bank

બેંક દ્વારા માનવંતા ગ્રાહક માટે વિવિધ સેવાઓ
કેશ ડિપોઝીટ અને ઉપાડ મશીન (CDM)
ઓટોમેટીક પાસબુક પ્રિન્ટર
વોટ્સએપ બેંકીંગ
મોબાઈલ બેંકીંગ એપ્લીકેશન
મિસ કોલ બેલેન્સ Inquiry
E-Gallery
૨૪ કલાક ૩૬૫ દિવસ

૨૭ શાખાઓ
૧૮ એટીએમ (રુ-પે પ્લેટીનમ કાર્ડ)
૦૮ કેશ ડીપોઝીટ / ઉપાડ મશીન
લોકર સુવિધા (તમામ શાખાઓ)
RTGS / NEFT / IMPS સુવિધા

સોનાના દાગીના સામે ધિરાણ સુવિધા ઉપલબ્ધ
ગોલ્ડ લોન રૂ. ૧.૭૫ લાખ સુધી
ગોલ્ડ સામે ઓવરડ્રાફ્ટ રૂ. ૧૦ લાખ સુધી
9.50%

ધંધાકીય હેતુ માટે રૂ. ૧.૮૫ કરોડ સુધી
બિઝનેસ / ઈન્ડસ્ટ્રીયલ / મશીનરી / ફર્નીચર ફીક્ષર લોન / ઓવરડ્રાફ્ટ / સીસી / સોલાર-રીન્યુએબલ એનર્જી લોન માટે
8.75%

મેડીકલ ઈક્વીપમેન્ટ તથા અન્ય લોન ડોક્ટર માટે
8.50%

ફિક્સ્ડ ડિપોઝિટ
6.75% (જનરલ) 7.25% (સીનીઅર સીટીઝન)

બેંકમાં રજીસ્ટર્ડ થયેલા મોબાઈલ પરથી મિસ્ડકોલ કરો અને SMS દ્વારા આપના ખાતાની બેલેન્સની જાણકારી પ્રાપ્ત કરો
+91 76693 76694

જુલી સાવલીયા, સી.ઈ.ઓ. | જયંતિલાલ વસોયા, ઈન્ચાર્જ ચેરમેન

'Sahakar Sarita', Panchnath Road, Rajkot - 360 001 (Gujarat)
0281 - 2234454 / 2224120 | Fax: 0281 - 2236682 | info@tcbrl.com | tcbrl.com



અબતક સાંધ્ય દૈનિકને જન્મદિનની ખૂબ ખૂબ શુભકામના
યુવા સેના ટ્રસ્ટ રાજકોટ



અબતક દૈનિકને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

રાજકોટ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ.
SYMBOL OF TRUST

ફિક્સ ડિપોઝીટના વ્યાજદર
જનરલ ડિપોઝીટર ૮.૦૦% — ૩૭ થી ૬૦ મહિનાની મુદત માટે
સીનીયર સીટીઝન ડિપોઝીટર ૮.૫૦% — ૩૭ થી ૬૦ મહિનાની મુદત માટે

-:: અમારી રાજકોટ શહેરમાં શાખાઓ ::-
મુખ્ય શાખા : ૯૮૭૯૮ ૭૯૬૨૫
માર્કેટીંગ યાર્ડ શાખા : ૭૦૧૬૨ ૦૨૬૨૬ | દેવપરા શાખા : ૯૯૦૪૧ ૬૭૦૭૯ | રેલનગર શાખા : ૬૩૫૪૭ ૭૫૯૯૦
સ્વામિનારાયણ ચોક શાખા : ૯૯૭૪૦ ૭૮૮૪૦ | માયાણી ચોક શાખા : ૯૮૨૫૮ ૨૨૦૪૨ | વાવડી ઈન્ડ. એરીયા શાખા : ૯૯૨૪૦ ૧૨૮૩૯



સૌરાષ્ટ્રના શાણા વાંચકોના દિલની ધડકન
અબતક સાંધ્ય દૈનિકને અનેકાનેક શૂભેચ્છાઓ

CITIZENS CO-OPERATIVE BANK LTD.
( Multi State Co-operative Bank )
SINCE 1976
Attractive Loan Scheme For Small Businesses, Industries & Professionals

HOME LOAN Up to 1.40 Cr. At Interest Rate of 9.5%
C.C. B.O.D. Term Loan Up to 25 Lakhs At Interest Rate of 10%
For Further Details Contact Our Branch

EASY AND FAST... GOLD LOAN
AT AN ATTRACTIVE INTEREST RATE
0% Processing Charges

WE HAVE BEEN MAKING CONTINUOUS PROGRESS IN FAITH & TECHNOLOGY....
MOBILE BANKING
QR CODE & POS FACILITY
LOCKERS FACILITY AVAILABLE
CUSTOMER ORIENTED FEATURES



અબતક દૈનિકને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

SHREE DHARATI CO-OP. BANK LTD.
પોતાનો બિઝનેસ કરવો છે પરંતુ
એફોર્ડેબલ લોન નથી મળતી ?
મેળવો 25 લાખ સુધીની
MSME લોન
ધરતી બેંક સાથે
માત્ર 8.50%* વ્યાજ દર

Dhebar Road Ph. 2223037 | Mavdi Plot Ph. 2380500 | Panchvati Ph. 2432500
Nana Mava Ph. 2331272 | Kalawad Road Ph. 2562505 | Madhapar Ph. 2488500



અબતક દૈનિકને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

જીવન કોમ. કો. ઓપ. બેંક લી.
હેડ ઓફીસ : " વિત્તાલય" ઢેબરભાઈ રોડ, રાજકોટ.
ફોન નં. - ૨૨૪૦૮૭૫, ૨૨૪૦૮૭૬, ૨૨૪૦૮૭૭, ૨૨૪૦૮૭૮
WWW.Jivanbank.com

તા.૩૦-૦૯-૨૦૨૫
રૂા.૩૮૯.૬૦ કરોડનો બિઝનેશ- ૨.૪૩ કરોડનો નફો
બેંકીંગ ફ્રાન્ટાયર્સ એવોર્ડ 'બેસ્ટ સિક્યોરીટી ઓપરેશન્સ ટ્રાન્સફોર્મેશન' પ્રાપ્ત

- RTGS, NEFT, IMPS સવલત
- ઈ પેમેન્ટ - SMS સુવિધા
- લોકર સુવિધા - થાપણોને વિમા કવચ
- Core Banking Solution
- Rupaycard /ATM / Internet / Mobile/ Banking /UPI/Bill Payment / QRcode/ POS સેવાઓ ઉપલબ્ધ
- પ્રધાનમંત્રી જીવન જયોતિ વિમાયોજના તથા પ્રધાન મંત્રી સુરક્ષા વમા યોજના
મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ ધિરાણ યોજના
- LIC લાઇફ ઇન્સ્યોરન્સની પ્રોડકટ ખરીદવા સુવિધા ઉપલબ્ધ
- રાષ્ટ્રીય ઉર્જા બચત,સ્વચ્છ પર્યાવરણ નાં હેતુ "સોલાર પ્લાન્ટ"કાર્યાન્વિત

ધીરાણ ૧૧૭.૪૦ કરોડ | થાપણ ૨૭૨.૨૦ કરોડ | ગ્રોસ નફો ૨.૪૩ કરોડ | કાર્યકારી ભંડોળ ૪૨૧.૪૪ કરોડ | રીઝર્વ અને અન્ય ફંડ ૬૫.૬૦ કરોડ | Audit class "A"

બેંકની શાખાઓ
ભકિતનગર બ્રાંચ ફોન નં.- ૨૪૯૦૩૯૧ | રણછોડનગર બ્રાંચ ફોન નં.- ૨૪૯૦૩૯૩
રૈયારોડ બ્રાંચ ફોન નં.- ૨૪૯૦૩૯૨ | સોરઠીયાવાડી બ્રાંચ ફોન નં.- ૨૨૩૧૮૨૨
વાંકાનેર બ્રાંચ ફોન નં. - ૨૨૦૬૬૩, ૨૨૨૬૬૩

જીવન માં થાપણ એટલે આપના રૂપિયાની વૃધ્ધિ નો વરસાદ જનરલ ડિપોઝિટ-૭.૫૦% સિનિયર સીટીઝન- ૮.૦૦% સરળ હોમ લોન માટે મેળવો ફક્ત ૮.૫૦% વ્યાજદરમાં

- સભાસદો, ખાતેદારો, ગ્રાહકો તથા કર્મચારીઓ સર્વેના વિકાસ ની કેડીએકુચ કરતી જીવન બેંક
- માનવંતા થાપણદારો, ધીરાણ લેનાર સભાસદો નો દઢ વિશ્વાસ જ બેંક ની મોધેરી મુડી

બેંક ના સભાસદો એ દર બુધવારે કામકાજના દિવસે બપોરે ૩ થી ૫ દરમ્યાન સભાસદ ભેટ વર્ષ ૨૦૨૩-૨૪ , અસલ શેર સર્ટિફિકેટ તથા કે.વાય.સી. પૂર્ણ કરાવી હેડ ઓફિસેથી લઈ જવી .

A ZERO NET NPA BANK



જાહેર નોટીસ

આથી અમો રાજુભાઈ અમરાભાઈ મુંધવા આ જાહેર જનતા જોગ નોટીસ આપી જાહેર કરીએ છીએ કે,

તા.૧૮/૦૨/૨૦૨૫ ના રોજ બળદેવભાઈ રામજીભાઈ હડીયલ વીગેરેનાઓએ અમોને ધ્રાગધ્રા રેવન્યુ સર્વેન-૮૬૫/પૈકી૧ હે, આરે.ચોમી૧-૦૭-૨૪ (એ.૨-૨૫ગુંઠા) ના ક્ષેત્રફળ વાળી ખેતીની જમીન બાબતે રેવન્યુ રેકર્ડ,કાર્યવાહી કરવા સંબંધે જનરલ પાવર ઓફ એટર્ની કરી આપેલી જે પાવર ઓફ એટર્ની નોટરી રજીસ્ટરને-૨૩૫/૨૦૨૫ થી નોંધવામાં આવેલી.

ઉપરોકત પાવર ઓફ એટર્ની સંદર્ભે અમોએ નામદાર ધ્રાંગધ્રા કોર્ટમાં રે.દિ.કેશન.૨૮૯/૨૦૨૫ થી દાવો દાખલ કરેલો જે દાવાનાં પ્રતિવાદીઓ પ્રવિણભાઈ પુનાભાઈ દલવાડી વિગેરેનાંઓ સાથે સમાધાન થઈ જતાં સુંદરહુ દાવો લોક અદાલતમાં બીનશરતી પરત ખેંચેલ છે જેથી આ બાબતે અમોને હવે કોઈ વાંધો કે તકરાર કે હરકત રહેતી નથી. મોજે ધ્રાગધ્રા સીમજમીનનું રેવન્યુ સર્વેનં.-૮૬૫/પૈકી૧ વાળુ ખેતર કે જે હાલમાં બીનખેતી થયેલ હોઈ અને પ્લોટીંગ કરેલ છે તે રેસીડેન્સીયલ પ્લોટ વાળી જમીન પ્રવિણભાઈ પુનાભાઈ દલવાડી સદરહુ જમીન (જમીન ઉપર પાડેલા પ્લોટો) વેચાણ કરવા માટે અધિકૃત વ્યકિત છે જેથી તેમની સાથે તે મતલબના તમામ વ્યવહારો કરવામાં આવે તો અમને કોઈ વાંધો કે તકરાર નથી જે જાહેર કરીએ છીએ.

ઉપરોકત બાબતનો લેટર ઓફ ગેરંટીકરાર એટલે કે પાવર ઓફ એટર્ની રદ કર્યા અંગેનો બાંહેધરી લેખ અમોએ તા.૧૭-૯-૨૫ ના રોજ કે.વી.ત્રિકમાણી નોટરી એડવોકેટ સમક્ષ સીરીયલ નં.૯૨૬/૨૦૨૫ થી કરી આપેલ છે તો તેની સર્વે લાગતા વળગતાનાઓએ નોંધ લેવી.

સ્થળ: ધ્રાંગધ્રા — પ્રવિણકુમાર એચ. શુકલા
તારીખ: ૩૦-૧૦-૨૦૨૫ — એડવોકેટ

રાજુભાઈ અમરાભાઈ મુંધવા તે જાતે પોતે



જાહેર નોટીસ

આથી અમો સ્વ.રામજીભાઈ રૂગનાથભાઈ દલવાડીના સીધીલીટીના વારસો એવા બળદેવભાઈ રામજીભાઈ હડીયલ વિગેરે-૧૨ જણાંઓ આ જાહેર જનતા જોગ નોટીસ આપી જાહેર કરીએ છીએ કે,

મોજે ધ્રાંગધ્રા ગામે આવેલ બીનેખેતી રેવન્યુ સર્વે નં.-૮૬૫/પૈકી૧ હે.આરે.ચોમી ૧-૦૭-૨૪ ક્ષેત્રફળથી આવેલ છે એટલે કે એ.૨-૨૫ગુંઠા વાળી જમીનના કાયદેસરના સ્વતંત્ર માલીક અને કબજે ભોગવટેદાર સ્વ.દલવાડી પુનાભાઈ શામજીભાઈના વારસદાર હાલ ધારણકર્તા પ્રવિણભાઈ પુનાભાઈ દલવાડી આવેલ હતાં અને છે. સદરહુ સર્વે નંબર વાળી જમીનમાં અમો બળદેવભાઈ રામજીભાઈ દલવાડી વિ-૧૧નાએ તા.૨૨-૮-૨૦૨૫ ના દસ્તાવેજનં.-૩ ૨૯૯/૨૦૨૫ શ્રી રવિભાઈ ગોરધનભાઈ દલવાડી(મુખત્યાર તથા જાતે પોતે)ને કલમ-૩૩ મુજબ સબ રજીસ્ટર કચેરીમાં પાવર ઓફ એટર્ની કરી આપેલ.ત્યારબાદ સદરહુ તે મુજબ સદરહુ સર્વેનંબર પરત્વે અમો બળદેવભાઈ રામજીભાઈ હડીયલ વી-૧૧ તથા પાવર હોલ્ડર રવિભાઈ ગોરધનભાઈ દલવાડી થઈને કુલ-૧૨ને મુકત વેચાણ સંમતી આપતો કરાર તા.૧૧-૯-૨૫ ના રોજ ઈંટ-૩૪૯૧/૨૫ થી હાલના ધારણકર્તા પ્રવિણભાઈ પુનાભાઈ દલવાડીને તરફેણમાં નોંધણી કરાવી આપેલ છે જે મુજબ અગાઉ દસ્તાવેજન-૧૮૮૧ તા.૦૫-૧૨-૧૯૮૪ પરત્વે સંમતી દસ્તાવેજ લખી આપેલ છે.જે નોંધણી દસ્તાવેજ રજીસ્ટર કચેરી ધ્રાંગધ્રાના દફતરે નોંધાયેલ છે જે સંમતી દસ્તાવેજ આધારે ઉપરોકત સર્વેનંબરમાં પાડેલ તમામ પ્લોટોના વેચાણ, ગીરો, બક્ષીસ,ને લગતા તમામ પ્રકારનાં હસ્તાત્તંર વહેવારો કરવા માટે પ્રવિણભાઈ પુનાભાઈ દલવાડી તે અધિકૃત વ્યકિત છે અને રહેશે અને તેઓ તમામ પ્રકારે, વેચાણ વ્યવહારોમાં અવેજ સ્વીકારી પોતાની સહીઓ,શાખ અને મતાઓ કરી આપે તેમાં અમો સંમતી આપનાર-૧૨ ઈસમોને કોઈ વાંધો કે તકરાર કે હરકત સરખુ નથી.જે આ જાહેર નોટીસથી જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: ધ્રાંગધ્રા — પ્રવિણકુમાર એચ. શુકલા
તારીખ: ૩૦-૧૦-૨૦૨૫ — એડવોકેટ

બળદેવભાઈ રામજીભાઈ દલવાડી(હડીયલ) જાતે પોતે તથા અન્ય સહમતી આપનાર-૧૧ ઈસમોના સંમતી હોલ્ડર દરજજે



અબતક દૈનિકને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

કાર લોન
૧૦૦ % સુધી ધિરાણની સુવિધા
૪૮ કલાકમાં જ ધિરાણ
મોર્ગેજની જરૂર નહીં
નહિવત ડોક્યુમેન્ટ
પ્રિ-ક્લોઝર / પાર્ટ પેમેન્ટ ચાર્જીસ નહીં
લોનની સમયગાળો મહત્તમ ૭ વર્ષ
૭.૮૫% થી
સંપર્ક : 95707 80707

આપના પરિવારના દરેકનું બેંક ખાતું ખોલાવો અને મેળવો અસંખ્ય લાભ

૭૧ પૈસા — સોના ધિરાણ
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
રૂા. ૧ કરોડ સુધી ધિરાણની સુવિધા
8.49% વાર્ષિક વ્યાજ
કોઈ છુપો ચાર્જ નહીં

Whatsapp Banking Service
વોટ્સએપ બેંકિંગની સેવાનો લાભ લેવા માટે આપના વોટ્સએપ પરથી ૯૪૨૮૨ ૯૪૨૮૨ નંબર પર ફક્ત 'Hi' લખીને મોકલો.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
WWW.RNSBINDIA.COM (મલ્ટી-સ્ટેટ શેડ્યુલ્ડ બેંક)
વિનોદ શર્મા, સી.ઈ.ઓ. - જનરલ મેનેજર | દિનેશ પાઠક, ચેરમેન | જીવણભાઈ પટેલ, વાઈસ ચેરમેન
મુખ્ય અને રજી. ઓફિસ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ,રૈયા સર્કલ પાસે, રાજકોટ-૩૬૦૦૦૫. ફોન : ૨૫૫૫૫૫૫ Email : marketing@rnsbindia.com
નાના માણસની મોટી બેંક | સહકારથી સમૃદ્ધિ



અબતક દૈનિકને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા

The Rajkot Commercial Co. Operative Bank Ltd
: Web : www.rccbank.in

ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧

નાના વેપારી,ઉદ્યોગો વ્યવસાયીકો માટે, મશીનરી, વાહન લોન

૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર
7.00% જનરલ ડિપોઝીટર માટે | 7.50% વરીષ્ઠ નાગરીકો માટે

૧૦ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ 7.95% વ્યાજના રાહતદરે

ચાર્જલેસ બેંકીંગ સેવા | પારદર્શક વહીવટ

હેડ ઓફિસ / મુખ્ય શાખા
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ' મહાત્મા ગાંધી સ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ - ૩૬૦૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૩૮૯૬૬
રૈયા રોડ શાખા — રૈયા મેઈન રોડ | વાણીયાવાડી શાખા — વાણીયાવાડી મેઈન રોડ
મવડી રોડ શાખા — મવડી રોડ, ઓવર બ્રિજ પાસે | બેડી યાર્ડ શાખા — નવા માર્કેટીંગ યાર્ડ-બેડી

ડો. બીનાબેન કુંડલીયા, ચેરપર્સન | પુરૂષોત્તમ પીપરીયા, CEO & જનરલ મેનેજર

## દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે

# કાલથી ૭મી સુધી મંત્રમુગ્ધ કરશે ગમ્મત સાથે જ્ઞાન પીરસતી જોવા જેવી દુનિયા

## ચિલ્ડ્રનપાર્ક, થીમ પાર્ક, પેરેન્ટસ કી પાઠશાલા, ટેલેન્ટ શો, બુક સ્ટોર્સ મુલાકાતીઓમાં જમાવો આકર્ષણ

**અબતક,રાજકોટ**

શરીરમાં દુ:ખાવો થાય તો આપણે પેઈનકિલર લઈને ઉપાય કરી શકીએ. પણ કોઈનું દિલ દુભાય ત્યારે શું કરવું? એરપોર્ટ જવાનો રસ્તો ભૂલાઈ જાય તો જીપીએસ ની મદદથી સાચા રસ્તે વળી શકીએ, પણ જીવનની મુશ્કેલી ભરેલી રાહમાં ક્યાંક અટવાઈ ગયા હોઈએ ત્યારે શું?આવા તમામ પ્રશ્નોના ઉકેલ મેળવવાની જગ્યા એટલે જોવા જેવી દુનિયા: અક્રમ વિજ્ઞાની પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતીના ભવ્ય મહોત્સવ નિમિત્તે

મોરબી ખાતે રવાપુર-પુનડા રોડ ઉપર, આ મહોત્સવની શુભારંભ થશે. ૧ નવેમ્બરના રોજ, સાંજે ૫.૩૦ વાગ્યે એક સંસ્કૃતિક કાર્યક્રમ સાથે, ત્યારબાદ ૧ થી ૭ નવેમ્બર દરમિયાન રોજ સાંજે ૪.૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી આ જોવા જેવી દુનિયા'ના દરવાજા ખુલ્લા રહેશે જે નાના-મોટા સહુના આનંદ, ઉત્સાહ અને જ્ઞાનમાં વધારો કરશે.



૩૨ લાખ ચોરસ ફૂટમાં પથરાયેલી આ જોવા જેવી દુનિયા માં બાળકો અને યુવાનો માટે જીવનના ગૂઢ પ્રશ્નીના સમાધાન આપતા મલ્ટીમીડિયાની આધુનિક ટેકનોલોજીથી સુસજજ ચિલ્ડ્રન પાર્ક અને થીમ પાર્ક, તેમજ વાલીઓ માટે બાળકોનું માનસ સમજીને તેમની કઈ રીતે કેળવણી કરવી તેની સમજણ આપતી પેરન્ટ્સ કી પાઠશાલા' નો સમાવેશ થાય છે. એટલું જ નહીં. જોવા જેવી દુનિયા''માં બાળકો માટે લકી-ડ્રો. ટેલેન્ટ શો સાથે જ્ઞાન પીરસનું એમ્ફીથીએટર, સ્વાદિષ્ટ અવનવી વાનગીઓ પીરસતું ફૂડ કોર્ટ, ટેકનોલોજી અને જ્ઞાનનો સમન્વય કરતી વેબ દુનિયા, બાળ વિજ્ઞાન અને આધ્યાત્મિક પુસ્તકોનો ખજાનો પૂરો પાડતા બુક સ્ટોર્સ પણ મુલાકાતીઓમાં આકર્ષણ જમાવશે.

આ ઉપરાંત, મહોત્સવ અંતર્ગત ૨. ૩ અને ૫ નવેમ્બરના રોજ સવારે ૧૦ થી ૧૨:૩૦ તેમ જ ૨ અને ૩ નવેમ્બરે રાત્રે ૮:૩૦ થી ૧૧ દરમિયાન આત્મજ્ઞાની દીપકભાઈ સાથે પ્રશ્નોત્તરી સત્સંગ પણ રહેશે.

૪ નવેમ્બરના રોજ દાદા ભગવાનના ૧૧૮મા જન્મદિવસની ભવ્ય ઉજવણી થશે. જેમાં સવારે ૮ થી ૯:૨૦ દરમિયાન પૂજન તેમ જ આરતી અને ત્યારબાદ સવારે ૧૦:૩૦ થી ૧ તેમજ સાંજે ૫ થી ૬ દરમિયાન પૂજ્ય દીપકભાઈના દૃષ્ટિદર્શન રહેશે.

બુધવાર ૫ નવેમ્બરના રોજ રાત્રે ૭:૩૦ થી ૧૧ દરમિયાન દરમિયાન, આત્મસાક્ષાત્કાર થકી દિવ્યદૃષ્ટિ પ્રદાન કરતી જ્ઞાનવિધિનો કાર્યક્રમ યોજાશે.

એક અનુમાન મુજબ દાદા ભગવાન પરિવારના દેશ-વિદેશમાં રહેતા અંદાજે ૨૦,૦૦૦ થી વધુ અનુયાયીઓ આ મહોત્સવમાં ભાગ લેવા મોરબી પધારશે. મોરબીમાં પ્રથમવાર યોજાઈ રહેલ જોવા જેવી દુનિયાના અનોખા, આધુનિક ટેક્નોલોજીથી સજજ થીમ પાર્ક અને ચિલ્ડ્રન પાર્ક સંબંધી સ્થાનિક લોકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળે છે.

આ દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, અન્ય મંત્રીઓ તેમ જ વિભિન્ન ક્ષેત્રના ગણમાન્ય મહાનુભાવો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરશે.

વિવિધ ટીવી ચેનલ્સ પર સત્સંગ કાર્યક્રમ નિહાળતા મોરબી અને આસપાસના જિલ્લામાં રહેતા લાખો જિજ્ઞાસુઓ માટે પૂજ્ય દીપકભાઈને પ્રત્યક્ષ જોવા-સાંભળવાની આ એક સુવર્ણ તક હશે. વિશ્વભરમાં આજે લાખો લોકો દાદા ભગવાનના અલૌકિક અક્રમ વિજ્ઞાન દ્વારા જીવન જીવવાની સાચી સમજણ પ્રાપ્ત કરી નિરંતર આનંદમાં રહેતા રહેતા મોક્ષમાર્ગ પર પ્રગતિ કરી રહ્યા છે.

આ કાર્યક્રમ નિ:શુલ્ક છે અને તેનો લાભ દરેક ધર્મ/સંપ્રદાયના લોકો લઈ શકશે.

અ મોરબી ખાતે આયોજિત આ મહોત્સવની વધુ જાણકારી આપ અમારી વેબસાઈટ jj.dadabhagwan.org પર મેળવી શકો છો.

## દાદા ભગવાનની જન્મ જયંતિ ઉજવણીને પગલે ભારે વાહનોના અવરજવર પર તાત્કાલિક પ્રતિબંધ

મોરબી તાલુકાના વિરપર નજીક દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે ૧ થી ૭ નવેમ્બર દરમિયાન યોજાનાર ધાર્મિક મહોત્સવને ધ્યાને લઈ શનાળા અને રવાપર ગામથી ઘુનડા ગામ તથા જડેશ્વર મંદિર તરફ ભારે વાહનોના પ્રવેશ પર મોરબી અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધ મૂકાયો છે.


આ પ્રતિબંધ હેઠળ શનાળા ગામથી ઘુનડા ગામ તથા જડેશ્વર મંદિર તરફ, રવાપર ગામથી ઘુનડા ગામ તથા જડેશ્વર મંદિર તરફ, ઘુનડા ગામ તથા જડેશ્વર મંદિરથી શનાળા અથવા રવાપર ગામ તરફ, વિરપર ગામના કાચા માર્ગ પરથી ઘુનડા ગામ, જડેશ્વર મંદિર તેમજ શનાળા-રવાપર ગામ તરફ જતા માર્ગો ઉપર ભારે વાહનો પ્રવેશી શકશે નહીં. આ માટેની વૈકલ્પિક માર્ગ વ્યવસ્થામાં શનાળા તરફથી આવતા વાહનો લજાઈ ચોકડી-હડમતીયા ગામ મારફતે ઘુનડા ગામ તથા જડેશ્વર મંદિર જઈ શકશે.

આ પ્રતિબંધ ૧ નવેમ્બરથી ૭ નવેમ્બર ૨૦૨૫ સુધી સવારે ૮:૩૦થી રાત્રે ૧૦:૩૦ સુધી અમલમાં રહેશે.

# કમોસમી વરસાદથી થયેલી નુકસાનીને લઇ ધારાસભ્ય દેથરીયાની મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા સહિત રાજ્યમાં તાજેતરમાં પડેલા કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકસાન વેઠવું પડ્યું છે. ખાસ કરીને મગફળી અને કપાસના પાકને ભારે અસર પહોંચી છે, જેના કારણે ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈને ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત



રજુઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે તેમના મતવિસ્તારના મોરબી, ટંકારા, પડધરી અને રાજકોટ તાલુકા વિસ્તારમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોના તૈયાર તેમજ ઉભા પાક બંનેને ભારે નુકસાન થયું છે. ત્યારે અનેક ખેડૂતો દ્વારા પાક બગાડની રજુઆતો મળી રહી છે અને સ્થિતિ ગંભીર બની છે. તેથી રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક નુકસાનનું સર્વેક્ષણ કરાવી ખેડૂતોને સહાય મળી રહે તે માટે યોગ્ય પગલાં લેવાં જરૂરી છે. આ સાથે સરકારને ખેડૂતહિતમાં તાત્કાલિક પગલાં લેવા અને નુકસાનગ્રસ્ત ખેડૂતોને વળતરરૂપ સહાય આપવા વિનંતી કરી છે.

## મિક્સર મશીનનું બકેટ રીક્ષા માથે પડતા ચાલક સહિત બે ઘવાયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના નીચી માંડલ ગામ નજીક બનેલ બનાવમાં રીક્ષા ની આગળ જઈ રહેલા મીક્ષર મશીન વાહનના ચાલકે પોતાના વાહનની અચાનક જોરદાર બ્રેક મારતા, મીક્ષર મશીનનું બકેટ પાછળ આવી રહેલ રીક્ષા ઉપર પડતા, રીક્ષા ચાલક સહિત બે વ્યક્તિને ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી. મોરબીના વાવડી રોડ ઉપર શ્રીજી સોસાયટીમાં રહેતા અને રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ઈકબાલભાઈ નૂરમામદભાઈ ગાલબ ઉવ.૩૭ અને તેનો મિત્ર અલારખાભાઈ કરીમભાઈ રાઉમા એમ બન્ને તા.૨૬/૧૦ના રોજ સવારના મોરબીથી ચરાડવા સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૧૮-બીયુ-૬૬૭૫ માં ગુલ્ફી વેચવા જતા હોય, ત્યારે નીચી માંડલ ગામ નજીક પહોચતા, રીક્ષા આગળ જઈ રહેલ મીક્ષર મશીન વાહન રજી.નં. જીજે-૩૬-એસ-૬૯૫૯ના ચાલકે પોતાનું વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી રોડ ઉપર અચાનક જોરદાર બ્રેક મારતા મીક્ષર મશીનનું બકેટ પાછળ આવી રહેલ રીક્ષા ઉપર પડતા, રીક્ષા ચાલક ઈકબાલભાઈને પગમાં ફ્રેક્ચર જેવી ઈજા પહોંચી હતી, જ્યારે તેમના મિત્ર અલારખાભાઈને સામાન્ય ઈજા થઈ હતી.

# જીલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મચારીઓએ લીધા 'એકતા શપથ'

**અબતક, ઋષિ મહેતા**

એકતા દિવસના રોજ મોરબી જીલ્લામાં જીલ્લા કલેક્ટર કચેરી ખાતે તથા વિવિધ વિભાગની કચેરીઓ ખાતે જીલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓએ 'એકતા દિવસના શપથ' લીધા હતા. અખંડ ભારતના શિલ્પી લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી છે. દેશભરમાં વલ્લભભાઈ પટેલની જન્મજયંતીને 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં 'રાષ્ટ્રીય



એકતા દિવસ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મોરબી જીલ્લા વહીવટી તંત્રના અધિકારી/કર્મચારીઓ એકતા શપથ લીધા હતાં. જેમાં દેશની અખંડિતતા અને દેશવાસીઓની એકતા જાળવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# જીલ્લામાં રૂ.૧.૨૯ કરોડનો દારૂ અને બિયર નાશ કરાયો

## ૭૦ ગુનામાં કબ્જે કરેલો ૧૧૨૬૯ બોટલ પર રોડ રોલર ફેરવ્યું





**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશનના ૭૦ ગુનાઓમાં કબ્જે કરાયેલ ૧૧,૨૬૯ બોટલ વિદેશી દારૂ અને બિયરની, અંદાજે રૂ. ૧.૨૯ કરોડની કિંમતના મુદામાલનો નાશ મોરબી તાલુકાના જાંબુડીયા ગામ પાછળ રફાળેશ્વર પાનેલી રોડ પર કરવામાં આવ્યો હતો.મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશકુમારના માર્ગદર્શન હેઠળ પ્રોહિબિશન વિભાગની કાર્યવાહી હેઠળ કબ્જે કરાયેલા વિદેશી દારૂ તથા બિયરના જથ્થાનો નિયમિત સમયગાળા પ્રમાણે નાશ કરવામાં આવે છે. તે મુજબ દર ત્રણ માસે જથ્થાનો નાશ કરવા સૂચના આપવામાં આવેલી હોય છે. આ અનુસંધાને ૩૦ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ મોરબી જીલ્લાના મોરબી સીટી એ ડીવિઝન, બી ડીવિઝન, મોરબી તાલુકા અને ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા કુલ ૭૦ પ્રોહિબિશનના ગુનાઓમાં કબ્જે કરાયેલ વિદેશી દારૂ અને બિયરની બોટલોનો નાશ કાનૂની પ્રક્રિયા અનુસાર કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી મોરબી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, નાયબ પોલીસ અધિક્ષક મોરબી વિભાગ, નશાબંધી અને આબકારી વિભાગ રાજકોટના અધિકારીઓ, તેમજ પ્રત્યેક પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અને સરકારી પંચોની હાજરીમાં વિડિયોગ્રાફી સાથે પૂર્ણ કરવામાં આવી હતી.

મોરબી સીટી એ ડિવિઝનમાં કુલ ૨૨ ગુનામાં ૮૧૧૧ બોટલ કિ.રૂ.૯૭,૭૯,૨૯૫/-, મોરબી સીટી બી ડિવિઝનમાં ૧૭ ગુનામાં ૫૯૬ બોટલ કિ.રૂ.૭,૩૯,૨૨૩/-. જ્યારે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ૨૬ ગુનામાં કબ્જે કરેલ ૨૨૪૫ બોટલ કિ.રૂ.૧૫,૬૯,૦૦૮/-. આ ઉપરાંત ટંકારા પોલીસ સ્ટેશનના ૫ ગુનામાં ૩૧૭ બોટલ કિ.રૂ.૮,૪૦,૨૫૭/-. કુલ મળીને ૧૧,૨૬૯ બોટલ/ટીન જેની કિ.રૂ.૧,૨૯,૨૭,૭૮૩/-ના મુદામાલનો મોરબી તાલુકાના જાંબુડીયા ગામ પાછળ રફાળેશ્વર-પાનેલી રોડ પાસે આવેલી વીડીવાળી ખરાબાની જમીન નાશ કરવામાં આવ્યો હતો.

# વાંકાનેર: નવા લુણસરીયા ગામે ફળ-શાકભાજીની વાનગી બનાવવાની બહેનોને અપાય તાલીમ

## બાગાયત વિભાગના સંગ્રાથ પ્રોજેકટથી મહિલા બનશે આત્મનિર્ભર

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરના નવા લૂણસરીયા ગામે બાગાયતી વિભાગ દ્વારા ફળ-શાકભાજીમાંથી વિવિધ વાનગી બનાવવા મહિલાઓને તાલીમ આપવામાં આવી હતી.

મોરબી બાગાયત વિભાગના નાયબ નિયામક ડો. પરાગ કાચા દ્વારા બહેનોને ફળ અને શાકભાજીમાંથી બનતી વિવિધ વાનગીઓ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન બહેનોને મિકસ શાકભાજીનું અથાણું, ટમેટો કેચઅપ, ટોપરાના લાડવા,લીંબુ અને ખજૂરનું અથાણું, મિક્સ ફ્રૂટ જામ, ફ્રૂટ શરબત જેવી અનેક વાનગીઓ બનાવતા શીખવવામાં



આવી.

દીપક ફિનોલિક્સ લિમિટેડના સહયોગથી દીપક ફાઉન્ડેશન મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ૨૧ થી વધુ ગામોમાં પ્રકલ્પ સંગાથનું અમલીકરણ કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગામના નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અંગે વિનામૂલ્યે સલાહ અને માર્ગદર્શન આપવામાં આવે છે.

સંગાથ પ્રોજેક્ટના સ્ટાફ દ્વારા, મે-૨૦૨૫ મહિનામાં આઈ - ખેડૂત પોર્ટલ પર વાંકાનેર તાલુકાના નવા લુણસરીયા ગામની ૨૦ થી વધુ બહેનોને મહિલા વૃતિકા તાલીમ યોજના અંતર્ગત ફળ અને શાકભાજી પ્રોસેસિંગ વિષયક બે દિવસીય તાલીમ માટે ઓનલાઈન અરજીઓ કરવામાં આવી હતી. નવા લુણસરીયા ગામ ખાતે મહિલા સશકિતકરણ અને પોષણ અભિયાન હેઠળ તથા ગુજરાત સરકારના નવીન અભિગમને ધ્યાનમાં રાખીને, ગામની બહેનોને ઘરે બેઠા આજીવિકા મેળવવામાં પગભર થાય તે હેતુસર દીપક ફાઉન્ડેશન દ્વારા સંગાથ પ્રોજેક્ટ અંતર્ગત બાગાયત વિભાગ ના સહયોગ થી આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

# ઝુલતા પુલ દુર્ઘટનાની તૃતીય પુણ્યતિથિએ એબીવીપી દ્વારા દિવંગતોને શ્રદ્ધાંજલી અર્પણ



**અબતક, ઋષિ મહેતા**

મોરબી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ તરફથી ૩૦ ઓક્ટોબરનાં રોજ ઝૂલતા પુલ દુર્ઘટનાની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે દુર્ઘટનામાં જીવ ગુમાવનાર તમામ દિવંગત આત્માને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી છે.

મોરબી શહેરમાં ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ બનેલી ભયાનક ઝૂલતા પુલ દુર્ઘટનામાં ૧૩૫ લોકોનાં મૃત્યુ થયા હતાં, જે ઘટનાએ સમગ્ર રાજ્ય સહિત દેશને હચમચાવી દીધો હતો. આ દુર્ઘટનાની તૃતીય પુણ્યતિથિ નિમિત્તે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ મોરબી દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. એબીવીપીના કાર્યકર્તાઓ અને પદાધિકારીઓએ મોરબીમાં એકત્રિત થઈને દુર્ઘટનામાં મૃત્યુ પામનાર તમામ દિવંગત આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાળ્યું હતું.

## ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિનું નવા વર્ષનું ૯મીએ સ્નેહમિલન

**અબતક, ઋષી મહેતા**

મોરબી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ જ્ઞાતિના ટ્રસ્ટી મંડળના આયોજન મુજબ વિક્રમ સંવત ૨૦૮૨ના નવા વર્ષની ઉજવણીના અવસર ઉપર જ્ઞાતિના નોંધાયેલા સભ્યો માટે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૯ નવેમ્બર ૨૦૨૫ રવિવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે યોજાશે. કાર્યક્રમનું સ્થળ જ્ઞાતિની ભોજનશાળા (વાડી) વાંકાનેર દરવાજા પાસે સબજેલ આગળ મોરબી ખાતે રાખવામાં આવ્યું છે. ટ્રસ્ટી મંડળે જણાવ્યું છે કે, કાર્યક્રમની સુચારૂ વ્યવસ્થા માટે ફક્ત સંસ્થામાં નોંધાયેલા સભ્યો જ ભાગ લઈ શકશે. જે સભ્યો ઉપસ્થિત રહેવા ઈચ્છે છે તેઓએ દિનાંક ૧ નવેમ્બરથી ૮ નવેમ્બર સુધી ભોજન પાસ મેળવવાના રહેશે. પાસ મેળવવાનો સમય સવારના ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. ટ્રસ્ટી મંડળે સભ્યોને સમયસર પાસ મેળવી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નવા વર્ષની ઉજવણી મનાવવા અપીલ કરી છે.

# પાડાપુલ પરથી યુવકે મોતની છલાંગ લગાવી

## ૨૨ કલાકની જહેમત બાદ મૃતદેહ શોધી કાઢ્યો

**અબતક, ઋષીમહેતા**

મોરબી શહેરના વજેપર વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષીય રાજેશભાઈ લાલજીભાઈ મકવાણાએ પાડા પુલ પરથી ઝંપલાવી આપઘાત કર્યો હતો. ફાયર વિભાગે આખો દિવસ શોધખોળ કર્યા બાદ બીજા દિવસે રાત્રે યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.



મળતી માહિતી મુજબ, મોરબી શહેરના વજેપર શેરી નં.૪ માં રહેતા રાજેશભાઈ લાલજીભાઈ મકવાણા ઉવ.૩૨ એ ગત તા.૨૯ ઓક્ટોબરના રોજ રાત્રે આશરે ૧૧ વાગ્યાના અરસામાં પાડા પુલ પરથી ઝંપલાવી આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતાં જ મોરબી ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી પહોંચી હતી અને તરત જ સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. સંપૂર્ણ રાત દરમિયાન ફાયર વિભાગની ટીમ દ્વારા શોધખોળ કરવામાં આવી હતી, પરંતુ સવાર સુધી યુવકની કોઈ ભાળ મળી નહોતી. ત્યારબાદ રાજકોટ ફાયર વિભાગની ટીમને પણ મદદ માટે બોલાવવામાં આવી હતી અને બંને ટીમોએ જોડાઈને સઘન શોધખોળ હાથ ધરી હતી. અંતે તા.૩૦ ઓક્ટોબરના રાત્રે આશરે ૯ વાગ્યાના અરસામાં રાજેશભાઈ મકવાણાનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર વિભાગની ટીમે મૃતદેહને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો હતો. ઘટનાની માહિતી બાદ પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વાંકાનેર નજીક ડમ્પરે બાઈકને ઠોકરે લેતા બે યુવક ઈજાગ્રસ્ત

**અબતક, ઋષિ મહેતા**


વાંકાનેર તાલુકાના ગારીડા ગામ નજીક હાઈવે ઉપર ડમ્પર ચાલકે બેફિકરાઈપૂર્વક પોતાનું વાહન ચલાવી કાવુ મારતા, રોડ ઉપર પસાર થઈ રહેલા ડબલ સવારી બાઈકને હડફેટે લેતા બાઈક સવાર બંને યુવકો રોડ ઉપર પટકાયા હતા,

વાંકાનેર રેલવે સ્ટેશનથી સમઢીયાળા ગામ તરફ જતા રસ્તા પર, ગારીડા ગામ પાસે હાઈવે રોડ પર અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં ફરીયાદી રાહુલભાઈ રામસ્વરૂપ ગરવા ઉવ.૨૫ હાલ રહે.સનરાઈઝ સ્ટીલ કોલોની વાંકાનેર મૂળ રાજસ્થાનવાળા પોતાના મિત્ર સુનીલ મનીરામ બીશ્નોઈ સાથે મોટર સાયકલ રજી. નં. જીજે-૩૬-એબી-૭૬૮૧ ઉપર સનરાઈઝ સ્ટીલ કારખાનામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી આવતા ડમ્પર રજી. નં. જીજે-૧૨-બીવાય-૯૩૫૪ ના ચાલકે બેફિકરાઈપૂર્વક પુરઝડપે વાહન હંકારી રોડ ઉપર કાવુ મારતા બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં બાઈક સવાર બંને યુવકો રોડ પર ફંગોળાઈ ગયા હતા. જેમાં બાઈક પાછળ બેઠેલ ફરીયાદી રાહુલભાઈને માથાના પાછળના ભાગે ઈજા પહોંચી હતી, જ્યારે બાઈક ચાલક સુનીલ મનીરામ બીશ્નોઈનો પગ ડમ્પરના જોટા નીચે આવી જતા તેને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ ડમ્પર ચાલક પોતાનું વાહન ત્યાં જ મુકી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

## ‘‘સરદાર’’ને મોદીના નમન

# એકતા નગરમાં રાષ્ટ્રીય પર્વ જેવો ઐતિહાસિક માહોલ





અબતક રાજકોટ

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૯મી જન્મજયંતિના અવસરે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં

સ્ટેચ્યૂ ઑફ યુનિટીના સાનિધ્યમાં જન્મજયંતી ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમવાર એકતાનગર ખાતે દિલ્હીના ગણતંત્ર દિવસની તર્જ પર ટેબ્લો અને સશસ્ત્ર દળોની મુવિંગ પરેડ યોજાઈ હતી.અખંડ ભારતના નિર્માણમાં સરદાર સાહેબના અમૂલ્ય યોગદાનને ઉજાગર કરતો ગુજરાતનો ટેબ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ‘એકત્વ’ની થીમ પર ગુજરાત સહિત ૮ રાજ્ય ના ૧૦ ટેબ્લો પ્રસ્તૂત કરાયા હતા.

ભારતની અસ્મિતાના શિલ્પી અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર રાષ્ટ્રની નજર ગુજરાતના એકતાનગર પર મંડાયેલી છે. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના સાનિધ્યમાં આ વર્ષે ૩૧ ઓક્ટોબર-રાષ્ટ્રીય એકતા દિવસનો સમારોહ એક ઐતિહાસિક અને ભવ્ય રૂપ ધારણ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં યોજાયેલા ભવ્ય સમારોહમાં ’એક ભારત, શ્રેષ્ઠ ભારત’ની ભાવનાને ખરા અર્થમાં સાર્થક થઈ હતી.

દિલ્હીના ગણતંત્ર દિવસની તર્જ પર મુવિંગ ’યુનિટી પરેડ’

આ વર્ષની ઉજવણીનું સૌથી મોટું આકર્ષણ ’યુનિટી પરેડ’ બની હતી. વર્ષ ૨૦૧૯થી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી સતત એકતાનગર ખાતે કરવામાં આવી રહી છે. આ વર્ષે પ્રથમવાર દિલ્હીના ગણતંત્ર દિવસની પરેડની તર્જ પર યોજાનારી સશસ્ત્ર દળો અને પોલીસ ટુકડીઓની મુવિંગ પરેડ લોકોમાં અનેરું આકર્ષણ જમાવ્યુ હતું.

રાષ્ટ્રીય એકતા દિવસના આ ભવ્ય સમારોહમાં વધુ એક મહત્વપૂર્ણ નવી પહેલ કરવામાં આવી હતી. દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરી-ગણતંત્ર દિવસની થતી ભવ્ય ઉજવણીની તર્જ પર આ વર્ષે પ્રથમવાર એકતાનગર ખાતે પણ સશસ્ત્ર દળ અને વિવિધ રાજ્યો દ્વારા પોતાની વિશેષતાઓ અને સિદ્ધિઓ દર્શાવતા ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવશે. જેમાં ‘એકત્વ’ની થીમ પર એન.એસ.જી, એનડીઆરએફ, આંદામાન એન્ડ નિકોબાર, છત્તીસગઢ, ગુજરાત, જમ્મુ કાશ્મીર, મહારાષ્ટ્ર, મણીપુર, પુડુચેરી અને ઉત્તરાખંડને મળીને કુલ ૧૦ ટેબ્લો પ્રસ્તુત કરવામાં આવી હતી.

એકતાનગર ખાતેની ટેબ્લો પરેડમાં ગુજરાત સરકાર દ્વારા તૈયાર કરાયેલો અને અખંડ ભારતના નિર્માણમાં સરદાર સાહેબના અમૂલ્ય યોગદાનને ઉજાગર કરતો ટેબ્લો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

ગુજરાતના ટેબ્લોનો મુખ્ય ભાગ દેશની તે ઐતિહાસિક ક્ષણને દર્શાવિશે, જ્યારે સરદાર સાહેબે મહારાજા કૃષ્ણકુમાર સિંહજીના કરકમલોથી ભાવનગર સ્ટેટનું ભારતીય ગણરાજ્યમાં વિલીનીકરણ કરાવીને દેશની એકતાના મિશનનો મજબૂત પાયો નાખ્યો હતો.

ટેબ્લોમાં સરદાર સાહેબની મક્કમ નિર્ણય શક્તિના પ્રતીક સમાન સોમનાથ મંદિર ઉપરાંત કચ્છના ભૂકંપના શહીદોની સ્મૃતિમાં બનેલા ભુજ સ્થિત સ્મૃતિવનને પણ યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે, જે ગુજરાતના શૌર્ય અને દ્રઢતાનું પણ પ્રતિક છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યના ટેકસટાઈલ અને હીરા ઉદ્યોગ જેવા સ્થાનિક એકમોની ઝલક દર્શાવીને રાજ્યની આર્થિક પ્રગતિને પણ ઝાંખી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે આયોજિત આ ભવ્ય સમારોહ રાષ્ટ્રની વિવિધતામાં એકતા અને સંયુક્ત શક્તિનો એક અનેરો ઉત્સવ બની રહ્યો હતો.

# પર્યાવરણ સંરક્ષણ - ટકાઉ વિકાસનું જીવંત ઉદાહરણ એટલે એકતાનગર: નરેન્દ્ર મોદી

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાનના હસ્તે રૂ.૩૦ કરોડના ખર્ચે તૈયાર ૨૫ નવી ઈ-બસોને ફ્લેગ ઓફ: પ્રવાસીઓ માટે સુવિધાસભર અને હરિત પરિવહન સેવા શરૂ

**અબતક, રાજકોટ**

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે આવેલા વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ.૩૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી ૨૫ નવી ઈ-બસોનું લોકાર્પણ ફ્લેગ ઓફ આપી કરવામાં આવ્યું. આ સાથે એકતા નગરમાં હવે કુલ ૫૫ ઈ-બસો પ્રવાસીઓને મફ્ત મુસાફરી સેવા આપશે.

લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાનએ હરિત ધ્વજ લહેરાવી નવી ઈ-બસોને એકતા નગરના માર્ગો પર દોડવાની મંજૂરી આપી. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓ અને પ્રવાસીઓએ હરખભેર તાળીઓના ગડગડાટ સાથે વડાપ્રધાનની હરિત પહેલનું સ્વાગત કર્યું.

આ નવી ૯ મીટર લાંબી એસી મિનિ ઈ-બસો એક વખત ચાર્જ કર્યા પછી ૧૮૦ કિલોમીટર સુધી દોડી શકે છે. બસમાં દિવ્યાંગજનો માટે વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ છે, જેમાં ખાસ લિફ્ટિંગ સિસ્ટમ દ્વારા દિવ્યાંગ માટેની સીટને નીચે લાવી શકાય તેવી વ્યવસ્થા છે, જેથી તેઓ આરામદાયક રીતે ચઢી અને ઉતરી શકશે. ઉપરાંત, મહિલાઓ માટે અલગથી ચાર પિન્ક બેઠકની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી તેઓ સુરક્ષિત અને આરામદાયક મુસાફરીનો આનંદ લઈ શકે.




આ અવસરે વડાપ્રધાનએ જણાવ્યું હતું કે, એકતા નગર માત્ર પ્રવાસનનું કેન્દ્ર નથી, પરંતુ તે પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસનું જીવંત ઉદાહરણ છે. ઈ-બસો ઉમેરાવાથી અહીંની હવા શુદ્ધ રહેશે, ધ્વનિ પ્રદૂષણ ઓછું થશે અને પ્રવાસીઓને અદ્યતન, આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટીએ વડાપ્રધાનના ભારતનું પ્રથમ ઈ-સિટી વિઝન હેઠળ તબક્કાવાર રીતે ઈ-કાર, ઈ-રિક્ષા અને ઈ-બસો જેવી હરિત વાહન વ્યવસ્થાઓ શરૂ કરી છે. વર્ષ ૨૦૨૧ના વિશ્વ પર્યાવરણ દિવસના દિવસે વડાપ્રધાનએ આ પહેલની જાહેરાત કરી હતી, ત્યારથી એકતા નગર પર્યાવરણમિત્ર પ્રવાસનના પ્રતીક રૂપે ઉભરી રહ્યું છે.

નવી ઈ-બસોની ઉમેરવાથી એકતા નગરમાં હવે પ્રવાસીઓ માટે મફ્ત, સ્વચ્છ અને સ્માર્ટ પરિવહન સેવા વધુ સુગમ બની છે. વડાપ્રધાન મોદીના માર્ગદર્શન હેઠળ એકતા નગર ટકાઉ વિકાસ, હરિત ઉર્જા અને સ્માર્ટ ટૂરિઝમના સુમેળનું જીવંત પ્રતિક બની રહ્યું છે.

## સરદાર વલ્લભભાઈ પટેલના રૂ.૧૫૦ના સ્મૃતિ સિક્કા અને ખાસ ટપાલ ટિકિટનું અનાવરણ

**અબતક, રાજકોટ**



રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરના પ્રવાસન આકર્ષણો, સ્પોર્ટ્સ સહિતના રૂ. ૧૨૨૦ કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી. વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના પરિવારજનોને મળ્યા હતા. ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની સાર્ધશતિ શતાબ્દિ નિમિત્તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ચલણમાં મૂકવા માટેના રૂ. ૧૫૦ ના સ્મૃતિ સિક્કા અને ખાસ ટપાલ ટિકિટનું અનાવરણ કર્યું હતું.

વડાપ્રધાન મોદીએ ૩૬૭.૨૫ કરોડના ખર્ચે ધ મ્યુઝિયમ ઑફ રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા, રૂ.૧૪૦.૪૫ કરોડના ખર્ચે વિઝિટર સેન્ટર, રૂ.૯૦.૪૬ કરોડના ખર્ચે વીર બાલક ઉદ્યાન, રૂ.૨૭.૪૩ કરોડના ખર્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટ્રાવેલેટરનું એક્સ્ટેન્શન, રૂ.૨૩.૬૦ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, રૂ.૨૨.૨૯ના ખર્ચે ૨૪ મીટર એકતા નગર કોલોની રોડ, રૂ.૧૨.૫૦ કરોડના ખર્ચે જેટી ડેવલપમેન્ટ, રૂ.૩.૪૮ કરોડના સેન્ટ્રલ ઈન્સ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ બેરેકસ, રૂ. ૧૨.૫૦ કરોડના ખર્ચે શૂલપાણેશ્વર મંદિર પાસે જેટીનું કામકાજ,૧૨.૮૫ કરોડના ખર્ચે રેઈન ફોરેસ્ટ જેવા મહત્વના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું અને ઈ બસનું લોકાર્પણ કર્યું હતું.

## રાવ કાળજી બાપુ ધાંધલ (રાઠોડ) પરિવાર આયોજિત


# થાનગઢના લાખામાચીમાં પૂ.જીગ્નેશદાદાની ભાગવત કથા


## કથાનો સમય દરરોજ સવારે ૬ થી ૮:૩૦ સુધી પિતૃ પૂજા દેવતા પૂજન યજ્ઞ ૮ નવેમ્બરે રાત્રે ભવ્ય લોક ડાયરો



**અબતક, રણજીતસિંહ ધાંધલ ,ચોટીલા**

શ્રી રાવ કાળુજી બાપુ ધાધાલ (રાઠોડ) પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું તારીખ ૬ નવેમ્બર થી ૧૨ નવેમ્બર સુધી લાખામચી ( લાખનકા),તાલુકો થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે આ ભાગવત સપ્તાહનાં વ્યાસ પીઠ પર જીગ્નેશ દાદા કથાનું રસપાન કરાવશે. જેમાં દરરોજ સવારે પ્રાતઃપિતૃ પૂજા એવમ સ્થાપિત દેવતા પૂજન યજ્ઞ ૬:૩૦ થી ૮:૩૦ સુધી રાખવામાં આવેલ છે. સમગ્ર સપ્તાહ દરમિયાન ૬ નવેમ્બરે પોથી યાત્રાનો પ્રારંભ વાસુકી દાદા ના મંદિર સ્થાનથી કથા સ્થળ લાખામાચી ખાતે કરવામાં આવશે ૯ નવેમ્બરે નંદ મહોત્સવ અને ૧૧ નવેમ્બરે કૃષ્ણ રુકમણી વિવાહ નું આયોજન કરવામાં આવ્યું છે ભાવિકો માટે કથા દરમિયાન દરરોજ બપોરે ૧૨:૩૦ કલાકે અને સાંજે ૭:૩૦ કલાકે મહાપ્રસાદ વ્યવસ્થા કરવામાં આવી છે ૮ નવેમ્બર શનિવારે રાત્રે ૯:૦૦ કલાકે ભવ્ય લોક ડાયરા નો આયોજન કરવામાં આવ્યું છે જેમાં ગુજરાતના નામે અંકિત કલાકાર દેવાયત ખવડ, હરેશ દાન સુરુ ,જીતુદાન ગઢવી, ઉદયભાઈ ધાંધલ ,રણજીતભાઈ વાક બિરજુભાઈ બારોટ તથા ૧૦ નવેમ્બર રાત્રે ૯:૦૦ કલાકે કિર્તીદાન ગઢવી ,અનુભા જામંગ, ગોવિંદભાઈ પાલિયા, ઉદયભાઈ ધાંધલ, ગોપાલભાઈ સાધુ સહિતના કલાકાર ભાગ લેશે આઠમી નવેમ્બરે બપોરે ત્રણ થી સાત સુધી ધર્મ પ્રેમી ભાઈઓ બહેનો પરિવારજનો માટે ભવ્ય દાંડિયા રાસનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં લોક કલાકાર ઉદયભાઈ ધાંધલ અને લોક ગાયિકા રશ્મિતાબેન રબારી એન્ડ ગ્રુપ ખેલૈયાઓનો ઉત્સાહ વધારશે તારીખ ૧૦ ને સોમવારે બપોરે ત્રણ કલાકે પર વાસુકી દાદા ના મંદિર થાનગઢના મહંત રાજેન્દ્ર ગીરી બાપુ ગોસ્વામી અને મહંત ભરત ગીરી બાપુ ગોસ્વામી તથા સમગ્ર ગુજરાતના જાણીતા સંતો મહંતો દ્વારા ધર્મ સભાનું આયોજન કરવામાં આવે છે રસોઈના દાતા તથા સંયોગી દાતાઓ નો સહયોગ મળી રહ્યો છે







### ભાગવત સપ્તાહ દરમિયાન રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહેશે

સમગ્ર કથા દરમિયાન ગુજરાત રાજ્યના ભાવ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સાંસદ સભ્ય પરસોતમ રૂપાલા ઈકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી સાંસદ સુરેન્દ્રનગર ચંદુભાઈ સિહોરા સાંસદ અમરેલી ભરતભાઈ સુતરીયા સાંસદ કેસરી દેવસિંહ ઝાલા સાંસદ રાજ્ય સભાના શક્તિસિંહ ગોહિલ ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા રાજ્ય મંત્રી મુળુભાઈ ડેરા ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા ઉપેન્દ્ર જગદીશભાઈ મકવાણા ધારાસભ્ય ચોટીલાના શામજીભાઈ ચૌહાણ ધારાસભ્ય લીમડી કિરીટસિંહ રાણા ધારાસભ્ય ગોંડલ ગીતાબા જાડેજા ધારાસભ્ય હાલોલ જય દેવરથ સિંહ પરમાર ધારાસભ્ય જેતપુર જયેશભાઈ રાદડિયા ધારાસભ્ય દસાળા પીકે પરમાર ધારાસભ્ય ધાંગધ્રા પ્રકાશભાઈ વરમોરા ધારાસભ્ય અમિતભાઈ ચાવડા ધારાસભ્ય ધારી જેવી કાકડિયા ધારાસભ્ય લાઠી જનક તડાવ્યા ધારાસભ્ય રાજકોટ પૂર્વ ઉદયભાઈ કાનગડ લાખામાંચી ના સરપંચ મયુર સિંહ રાણા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે

### ધાંધલ પરિવારમાં જે કોઈ પરિવારને કંકોત્રી ન મળી હોય તે પરિવારજનોએ મોબાઈલ નંબર ૯૪૨૭૪ ૩૧૧૩૧ અથવા ૯૭૨૩૯ ૦૦૦૧૨૩ ઉપર સંપર્ક કરવો

## ભાગવત સપ્તાહમાં પોથીયાત્રા નંદ મહોત્સવ, રૂક્ષ્મણી વિવાહ જેવા વિવિધ પ્રસંગોની ઉજવણી : મુખ્યમંત્રી, મંત્રીઓ તેમજ રાજકીય મહાનુભાવો કથા શ્રવણનો લેશે લાભ

# હિંમતનગરમાં હૂડા હટાવો જમીન બચાવોના નારા સાથે ખેડૂતોનું મહાસંમેલન

## હૂડા રદ્દ કરવા માટે ૧૫ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે: ઉત્સવ પટેલ

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી એટલે હૂડામાં હિંમતનગર આસપાસના ૧૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેનો આ ૧૧ ગ્રામપંચાયતનાં ૧૮ ગામના લોકો વિરોધ કરી રહ્યા છે આ વિરોધને લઈને આજે હિંમતનગરમાં નેશનલ હાઈવે ૪૮ પર આવેલા કાંકરોલ પાસેના સ્વાગત પાર્ટી પ્લોટમાં ખેડૂતોનું મહાસંમેલન યોજાઈ ગયું હતું આ સંમેલનમાં મોટી સંખ્યામાં ૧૮ ગામોના ખેડૂતો તેમના પરિવાર અને સગા સંબંધીઓ સાથે આવી પહોંચ્યા હતા

ખેડૂત મહાસંમેલનમાં ૧૮ ગામના ખેડૂતો તેમના પરિવારો સાથે આવ્યાં હતા. પાર્ટી પ્લોટ ખાતે ૧૫ હજાર ખુરશીઓ ગોઠવવામાં આવી હતી, અને હજારોની સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા આખેઆખા ગામના તમામ જ્ઞાતિના ખેડૂતો તેમના પરિવારો સાથે ટ્રેક્ટર ભરી ભરીને મહાસંમેલનમાં પહોંચ્યા હતા.હિંમતનગરના ખેડૂતોનો વિરોધ શહેરી વિકાસના વિરોધમાં નહીં પરંતુ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ આવતી ટાઉન પ્લાનિંગ (ટી.પી) સ્કીમની જોગવાઈઓ સામે છે આ જોગવાઈઓ હેઠળ ખેડૂતોની ૧૦૦ ટકા જમીનમાંથી ૪૦ ટકા જમીન જાહેર હેતુઓ માટે નાણાકીય વળતર વિના કપાતમાં જઈ શકે છે.





ખેડૂતોની મુખ્ય ચિંતા એ છે કે તેમની આજીવિકા મુખ્યત્વે ખેતીવાડી અને પશુપાલન પર નિર્ભર છે જો હૂડામાં ૪૦ ટકા જમીન કપાત જશે તો બાકીની ૬૦ ટકા જમીનમાં પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું તેમને મુશ્કેલ બનશે અગાઉ અમદાવાદ કે સુરત જેવા શહેરોમાં જમીનના ભાવ વધ્યા હતા જેથી ૪૦ ટકા કપાત બાદ પણ ખેડૂતોને ફાયદો થયો હતો પરંતુ હિંમતનગરમાં મોટાભાગના લોકોનું જીવન ખેતીવાડીની જમીન પર નિર્ભર હોવાથી આ જોગવાઈનો ઉગ્ર વિરોધ થઈ જોવા મળી રહ્યો છે.

ખેડૂત મહાસંમેલનમાં ખાનગી પાર્ટી પ્લોટ ખાતે ૧૫ હજાર ખુરશીઓ ગોઠવવામાં આવી હતી જે તમામ ભરાઈ ગઈ હતી અન્ય ખેડૂતો ઉભા રહ્યા હતા ૧૮ હાજર જેટલા ખેડૂતોએ વરસતા વરસાદમાં પણ બેસી રહ્યા અને મહાસંમેલનના આગેવાનોને સાંભળ્યા હતા સંકલન સમિતિના સભ્ય ઉત્સવ પટેલના આહવાન પર હજારો ખેડૂતો હાથ ઊંચા કરી એક સાથે ’જય જવાન જય કિસાન’ અને ’હૂડા હટાવો જમીન બચાવો’ના નારા લગાવ્યા હતા.

કાંકણોલ અને નવાગામના આક્રોશ સંમેલન પહેલાં અસરગ્રસ્ત ગામોમાં ઉગ્ર માહોલ જોવા મળી રહ્યો છે કાંકણોલના ડેપ્યુટી સરપંચ બિરેન પટેલે ચેતવણી આપી છે કે જો હૂડા રદ નહીં થાય તો આગામી તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપની ભૂંડી હાર થશે.

### ૧૫ દિ’માં હુડા રદ કરવાનું અલ્ટીમેટમ

આ ખેડૂતસંમેલનમાં હૂડા રદ કરવાની માંગ સાથે અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે સંકલન સમિતિના સભ્ય ઉત્સવ પટેલે કહ્યું કે હૂડાએ હૂડા લાવવાવાળાઓને હટાવવા માટે હિંમતનગર તાલુકાના તમામ ખેડૂતો અમારી સાથે છે અમે ૧૫ દિવસમાં હૂડા રદ્દ કરવાનું અલ્ટીમેટમ આપીએ છીએ જો હૂડા રદ્દ કરવામાં નહીં આવે તો અમે નેતાઓનો ઘેરાવ કરીશું અને ગાંધીનગર ઉપરાંત દિલ્હી જઈને પણ વિરોધ કરીશું.

# ઉપલેટાના મેરવદર ગામે બાર પહોર પાટોત્સવ તુલસી વિવાહનું ભવ્ય આયોજન

## કાલથી ત્રણ દિવસ વિવિધ કાર્યક્રમોમાં અનેક સંતો - મહંતો રહેશે ઉપસ્થિત, ૬ ગામોનો ઘુવાડાબંધ જમણવાર

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના મેરવદર ગામે આગામી તા. ૧ થી ૩ સુધી બાર પહોર પાટોત્સવ તેમજ તુલસી વિવાહનું દિવ્ય આયોજન સાથે આજુબાજુના ૬ ગામો ઘુવાડાબંધ મહાપ્રસાદ સહિતના કાર્યક્રમોના આયોજન કરવામાં આવેલ છે.

ઉપલેટા 'અબતક'ની ઓફીસે આમંત્રણ આપવા પધારેલા અલખ ધણી આશ્રમ મેરવદરના મહંત જાનકીદાસબાપુ મેરવદરના સરપંચ મનસુખભાઈ કથીરીયા, ઉપસરપંચ સંજયભાઈ કરડાણી, સેવક ગણના કેશભાઈ મોઢવાડીયા, સુરેશભાઈ વાઘેલા સહીત સેવક ગણે માહીતી આપતા જણાવેલ કે મેરવદર ગામે અમરાપર રોડ ઉપર આવેલ જય અલખધણી આશ્રમના સાનિધ્યમાં નકલંક અવતાર ધર્મના રક્ષક એવા સનાતન ધર્મના પરમ જયોતિ સ્વરૂપ કૃષ્ણ પરમાત્માના અલૌકિક અવતા બાર બીજના ધણી રામદેવજી મહારાજ દયાથી ભાવિક ભકતજનો અને ગત ગંગાના સહયોગથી રામદેવ મહારાજનો બાર પહોર પાટોત્સવ તેમજ તુલસીનું આયોજન તા.૧ ને શનિવાર તેમજ તા. ૨ને



રવિવાર કરવામાં આવેલ છે. આ પ્રસંગ અંતર્ગતા ગત તા. ૨૪ને શુક્રવારે કુંભ સ્થાપન કરી દેવામાં આવ્યું છે. તેમજ તા.૧ ને શનિવારે બપોરે ૪ વાગે સંત સામૈયા સાંજે ૫ વાગે જયોત પ્રાગટય તુલસી માતાજીનો મંડપ તેમજ રાત્રે ૧૦ વાગે રાસ ગરબા તા.૨ ને રવિવારે સવારે નવ વાગે જાન આગમન ૧૧ વાગે લગ્ન વિધી બાદ મહાપ્રસાદ બપોરે બાદ જાન વિદાયના પ્રસંગો યોજાશે. રવિવારે રાત્રે ૧૦ કલાકે ધારી પ્રેમપરાનું જય વેલનાથ બાળ રામામંડળનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તુલસી વિવાહની વિધીના આચાર્ય દ્વારકા વાળા જયદીપભાઈ શાસ્ત્રી દ્વારા કરવામાં આવશે.

આ પાવનકારી પ્રસંગેમાં બરણેશ્વર મંદિર ઈશરાના મહંત શ્રધ્ધાદાસ બાપુ, કુઢેચના મહંત ધર્માનંદન સ્વામી, કેરીયા હનુમાનની મહંત કરૂણાદાસ બાપુ, કેરાળા હનુમાન મંદિરના મહંત નરોતમદાસબાપુ, ચેતન્ય હનુમાન વડાળા ના મહંત તુલસીદાસ બાપુ, ગણોદ પાટીયાના મહંત મહાવીરદાસ બાપુ, અમરાપરના સાધ્વી કમલાગીરી માતાજી તેમજ ઉધલાવદર ચૈતન્ય હનુમાન મંદિરના મહંત શાસ્ત્રી હરિ વલ્લભદાસજી સ્વામી, સતાપરના ભુવા અમરા આતા, ખાગ્રેશ્રી ભુવા સખા આતા, ગણોદ ભુવા નાથા આતા, બાર પહોર પરના ગાદીપતિ સિંધપુર વાળા હિતેશ બાપુ સાધુ સહિત સંત મહંતો સમાજ શ્રેષ્ઠીઓ હાજરી આપશે. આ ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન મેરવદર, સીંધપુર, માલણકા, અમરાપરા, તણસવા, પ્રાંસલા સહિત ૬ ગામો ઘુવાડા બંધ પ્રસાદ નું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગમાં કામધેનું ગૌ શાળા મેરવદર સુરભ બેન્ડ પાર્ટી ગૌ શાળા મેરવદર, કિર્તન મંડળ મેરવદર, ગ્રામ પંચાયત મેરવદર, ભાટીયાળી ધુન મંડળ, સીંધપુર, સીતારામ ધુન મંડળ માલણકા સહિત સંસ્થાઓનો સહયોગ મળી રહ્યો છે.

## જામનગર ક્રાઈમ ડાયરી

### મૂળ માળિયાહાટીનાની યુવતી ઓપરેશન થિએટરમાં બેભાન પડી હતી

## કેશવ વુમન્સ હોસ્પિટલમાં નર્સનો આપઘાત

### પીએમ રિપોર્ટમાં હાથમાં એનેસ્થેસિયા ઈન્જેકશન લીધાનું ખૂલ્યું: વિસેરા લેવાયા

**અબતક જામનગર**

અહીના વાલકેશ્વરી વિસ્તારમાં આવેલી કેશવ વુમન્સ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતી માળિયા હાટીના -તાલુકાના તરસિંગડા ગામની અઠયાવીસ વર્ષીય કોમલબેન હરેશભાઈ ભીમાણી નામની યુવતીએ કોઈ અગમ્ય કારણોસર ઓપરેશન થિએટરમાં એનેસ્થેશિયાનો હેવી ડોઝ ઈન્જેકશન લઈ આત્મહત્યા કરતા ચકચાર મચી ગઈ છે. આ યુવતી ખાનગી હોસ્પિટલના ઓપરેશન થિએટરમાં બેભાન અવસ્થામાં પડેલી મળી આવી હતી. આ જોતા જ તેની સાથે ફરજ બજાવતી સ્ટાફ નર્સે નર્સિંગ હોમના ડો. પૂનમબેન કેશુભાઈ કોડીનારિયાને જાણ કરતા તેઓ તાબડતોબ નર્સિંગ હોમ પર આવી પહોંચ્યા હતા. તેણે અન્ય ખાનગી તબીબોને બોલાવી પ્રાથમિક સારવાર આપવા તૈયારી કરી હતી.

જો કે તબીબોએ મૃત્યુ પામેલી જાહેર કરી હતી. આ બનાવ અંગે ડો. પૂનમબેને જામનગર સિટી બી ડિવિઝન પોલીસ મથકને જાણ કરતા પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને કોમલબેનના મૃતદેહનો કબજો સંભાળી જી.જી. હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં એનેસ્થેશિયા નો ડોઝલેતા મૃત્યુ થયાનું કારણ બહાર આવ્યું હતું. મૃતકના વિસેરા પૃથક્કરણ માટે લેબોરેટરીમાં મોકલાયા છે. મૃતક યુવતીનો મૃતદેહ તેના પિતા હરેશભાઈ ભીમાણીએ સંભાળી વતનમાં લઈ ગયા હતા. આ બનાવ અંગે ચકચાર મચી છે. વિસેરા રિપોર્ટ આવ્યે વધુ વિગત બહાર આવશે. આ બનાવ અંગે પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વોન્ટેડ બુટલેગર બે વર્ષે એલસીબીને હાથ લાગ્યો

**અબતક, જામનગર**

જામનગર પંથકમાં દારૂના કેસમાં પોલીસ ચોપડે ચડ્યા બાદ આરોપી બે વર્ષથી ફરાર હતો જેને ઝડપી લેવામાં જામનગર એલ.સી.બી. પોલીસ સફળ થઈ છે પોલીસે તેને પકડી પાડી કાર્યવાહી આગળ ધપાવી છે.

જામનગર સીટી સી ડીવીઝન પોલીસ મથકમાં બુધાભા ઉર્ફે ભુદો કારાભા કારા સામે પ્રોહીબીશન કલમ ૬૫(એ),ઈ,૮૧,૯૮(૨) ના ગુન્હો નોંધાયો હતો.

જે બે વર્ષથી ફરાર હતો. આ આરોપી બુધાભા ઉર્ફે ભુદો કારાભા (રહે.આરંભડા ઈન્દવાનગર, તા.દ્વારકા જી. દેવભૂમિ દ્વારકા) જામનગર બેડી બંદર રોડ ઉપર મહાકાળી સર્કલ પાસે ઊભો હોવાની પોલીસને બાતમી મળતા પોલીસે દોડી જઈ આરોપીને પકડી પાડયો હતો.

આ કાર્યવાહી પીઆઈ વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પી.એન.મોરી તથા સી.એમ.કાટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, હીરેનભાઈ વરણવા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઈ પરમાર, દિલીપભાઈ તલવાડીયા સહિતના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## ગોંડલ : યુવા કાર્યકર ધવલ રૈયાણીનો જન્મદિવસ

ગોંડલ નાં યુવા અગ્રણી અને સેવા કાર્ય માં અગ્રેસર રહેતા ધવલભાઈ રૈયાણીનો આજે જન્મદિવસ છે.

ધવલભાઈ ગોંડલ નાં એમ એમ ચેરીટેબલ ટ્રસ્ટ નાં દરેક સેવા કાર્યો જેવા કે ગરીબ,જરૂરીયાતમંદ ઉપરાંત વૃધ્ધ અને દર્દીઓ ની સેવા માટે સતત દોડતા રહી માનવીય ફરજ બજાવી રહ્યા છે.બહોળો મિત્ર વર્ગ ધરાવતા ધવલભાઈ રૈયાણીનાં જન્મદિવસ નિમિતે



તેમના મો.૬૩૫૩૪૨૫૫૮૬ પર શુભેચ્છાઓ નો ધોધ વહી રહ્યોછે

## ધારી: કમોસમી વરસાદથી નુકશાન અંગે ખેડુતોને ત્વરીત સહાય આપવા મુખ્યમંત્રીને રજૂઆત

### જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વીન કુંજડીયાએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર

**અબતક, મેહુલ ત્રીવેદી, ધારી**

ધારી પંથકમાં પડેલા કમોસમી વરસાદના પગલે ખેતીમા થયેલ નુકશાન અંગે તાત્કાલીક સર્વે કરી ખેડુતોને વળતર આપવા ધારી ભાજપ આગેવાન અને જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વીનભાઈ કુંજડીયાએ મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરી છે.

ધારી તાલુકાના બોરડી ગામમાં રહેતા અશ્વિનભાઈ કુંજડીયા જેહલ અમરેલી જિલ્લા પંચાયત ખાતે આરોગ્ય સમિતિના ચેરમેન દ્વારા વરસાદને લઈને ખેડૂતોનો જે પાક બરબાદ થયો છે તેની સાઈ ચૂકવવા માટે મુખ્યમંત્રીને પત્ર લખી સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે તાત્કાલિક સર્વે કરાવીને ખેડૂતને સહાય ચૂકવવામાં આવે તેવી માંગ કરી છે. છેલ્લા ઘણા સમયથી કમોસમી વરસાદનો કહેર જોવા મળ્યો છે ત્યારે ખેડૂત ને બેહાલ થયો છે...આ બાબતને અગત્યની ગણીને ભાજપના સક્રિય કાર્યકર અશ્વિનભાઈ કણજરીયા એ મુખ્યમંત્રીને લેટર લખીને ખેડૂતોને સહાય ચૂકવવા માટે માંગ કરી છે.

## જુનાગઢ જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને યોજાયો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

### ભુર્ગભ ગટર, નાણાપંચની ગ્રાન્ટ, ખાતાકીય તપાસ સહિતના પ્રશ્નોનું નિરાકરણ કરાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા કક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માહે ઓકટોબરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલેકટરએ વિવિધ વિભાગના પ્રશ્નોના ઉકેલ માટે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પેશકદમી, ભરતી બાબતના પ્રશ્નો, ગૌચરની જમીનના પ્રશ્નો, પ્લોટમાંથી દબાણો દૂર કરાવવા, જમીનનો કબજો ખાલી કરાવવા બાબત, સિંચાઈ યોજનાનું કામ શરૂ કરાવવા અંગે, નવા રસ્તા બનાવવા અંગે, જમીન માપણી,



ગેરકાયદેસર દબાણો દૂર કરાવવા, ગંદા પાણીનો નિકાલ, ગામતળની જમીન, ખાતાકીય તપાસ, નાણાંપંચની ગ્રાન્ટ, ભૂગર્ભ ગટર બનાવવી, પાણીના બોર કરાવવા વગેરે અલગ અલગ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. જેને કલેકટર એ સાંભળ્યા હતા અને સંબંધિત અધિકારીઓને તેનું નિરાકરણ લાવવા માટે જરૂરી માર્ગદર્શન સાથે સૂચના આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હસમુખ પટેલ, જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા, પ્રાંત અધિકારીઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સંલગ્ન વિભાગોના અધિકારીગણ, કર્મચારીઓ અને અરજદારો હાજર રહ્યા હતા.

## ઈડર: આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત એમ.એચ. હાઈસ્કૂલ વિજયનગરમાં સ્નેહ મીલન યોજાયું



**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

ઈડરના વિજયનગર જિલ્લા પંચાયત સીટનો સ્નેહમિલન સમારોહ વિજયનગર ખાતે યોજાઈ ગયો આજના આ કાર્યક્રમ માં *મુખ્ય વકતા તરીકે પ્રેમલભાઈ દેસાઈ (પૂર્વ પ્રમુખ ઈડર તાલુકા ભાજપ) ધીરજભાઈ પટેલ( પૂર્વ પ્રમુખશ્રી જિલ્લા પંચાયત સાબરકાંઠા)શ્રી નટવરસિંહ ભાટી (સિનિયર આગેવાન) ડૉ પરેશકુમાર આર પટેલ( પ્રમુખ ભારતીય જનતા પાર્ટી વિજયનગર)શ્રી પ્રદ્યુમનસિંહ ભાટી, કિરીટભાઈ સડાત,શ્રી મયુરભાઈ શાહ (પૂર્વ પ્રમુખ ભાજપ વિજયનગર), તેજાભાઈ પટેલ(મંત્રી સા.કાં), પંકજભાઈ પટેલ( સહકારી અગ્રણી) , ઉમેદસિંહ ચૌહાણ(સિનિયર આગેવાન), કે. સી.પંચાલ (કારોબારી અધ્યક્ષ તાલુકા પંચાયત), કાન્તાબેન ડાભી (તાલુકા સદસ્ય), બદાજી ગરાસીયા(તાલુકા સદસ્ય), જીવાજી સંગાથ (તાલુકા સદસ્ય)તેમજ આ વિસ્તાર ના તાલુકા પંચાયત ના સદસ્યઓ.,સરપંચને મોટી સઁખ્યા માં ઉપસ્થિત પાર્ટી ના પાયાના કાર્યકર્તા ઉપસ્થિત રહી કાર્યક્રમ ને સફળ બનાવ્યો આ કાર્યક્રમ વિવિધ વક્તાઓ દ્વારા નવા વર્ષ ના એ શુભેચ્છાઓ આપી હતી

## સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ શોભના બારૈયા પાક નુકશાની મામલે ખેડૂતોની વ્હારે આવ્યા

### બંને જીલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ પાક નુકશાન મામલે સર્વે કરી આર્થિક સહાય ચૂકવવા માટે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

**અબતક, સંજય દિક્ષિત, ઈડર**

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત આસપાસના વિસ્તારોમાં પડેલ કમોસમી વરસાદને પગલે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે જેમાં મોટા ભાગના ખેડૂતોનો પાક સંપૂર્ણ રીતે બગડી ગયો હોવાનું પણ જાણવા મળ્યું છે જેના કારણે ખેડૂતો હાલના સમયમાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે જેને લઈને ખેડૂતોની આ દયનીય પરિસ્થિતિને જોતા જીલ્લાના સંવેદનશીલ સાંસદ એવા શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાએ ૩૦ ઓક્ટોમ્બર ગુરુવારના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ખેડૂતોને યોગ્ય વળતર તથા તાત્કાલિક સહાય મળી તે માટે પત્ર લખી વિનંતી કરી છે

જીલ્લાના સંવેદનશીલ સાંસદે મુખ્યમંત્રીને સંબોધીન એક પત્ર લખ્યો છે જેમાં જણાવ્યું છે કે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ગત નવરાત્રી સમયે અને તાજેતરમાં પડેલ કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો તૈયાર પાક પલળી જઈ નિષ્ફળ ગયેલ છે તેમજ ખેતરોમાં ઉભા પાકને પણ ખૂબ જ નુકશાન થયેલ છે આ કમોસમી વરસાદના કારણે મોટા ભાગના ખેડૂતોનો ખરીફ પાક નિષ્ફળ ગયેલ છે જેનાથી ખેડૂતોને ખૂબ જ નુકશાન થયેલ છે તદ્દુપરાંત અન્ય પાકોને પણ ચાલુ માસમાં આવેલ તાજેતરમાં પડેલ કમોસમી વરસાદના કારણે ભારે નુકશાન થયેલ છે તેમજ ખેડૂતોનો પાક નિષ્ફળ ગયેલ હોય અને પશુઓ માટેના સુકા ઘાસ ચારા પણ પલળીને નાશ પામેલ છે જેના કારણે ખેડૂતોનું આર્થિક બજેટ ખોરવાઈ ગયું છે જ્યારે હાલના કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાકને થયેલ નુકશાની અંગનો સર્વે કરાવી ખેડૂતોને થયેલ પાક નુકશાની માટે ખાસ આર્થિક રાહત પેકેજ તાત્કાલીક જાહેર કરવામાં આવે તેવી માંગ કરી છે.

## પૂર્વ મંત્રી ચીમનભાઈ સાપરીયાના પૌત્રના જન્મ દિને કાલે સિદસર ઉમિયાધામમાં ધ્વજારોહણ

**અબતક, ભરત ગોહીલ, જામજોધપુર**

ગુજરાત રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી લાલપુર જામજોધપુર વિસ્તારના પૂર્વ ધારાસભ્ય સીદસર ઉમિયા ધામ મંદિરના ઉપપ્રમુખ ચીમનભાઈ સાપરીયા તેમજ શીલાબેન ચીમનભાઈ સાપરીયાના પૌત્ર રાજ સાપરીયા તેમજ ધરતીબેન રાજભાઈના પુત્ર ત્રિશાંકના જન્મ દિન નીમીતે



સીદસર ઉમિયા માતાજીના મંદિરે તા. ૧-૧૧-૨૦૨૫ ને શનિવારે બપોરે ૪.૧૫ કલાકે ધ્વજારોહણ કરાશે. આ કાર્યક્રમ દરમ્યાન સહસ્ત્ર દિપમહા આરતી રાસોત્સવ સાકરતુલા બર્થડે સેલીબ્રેશન સહિત વિવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમમાં ત્રિશાંકના જન્મ દિનની શુભેચ્છા પાઠવવા વિવિધ અગ્રણીઓ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## મોરબી: નોકરી પૂરી કરી ઘરે જતા યુવાનનું વાહનની અડફેટે મોત

### યુવાનના મોતથી સંતાન ત્રણ સંતાનોએ પિતાની છત્ર છાયા ગુમાવી

**અબતક રાજકોટ**

મોરબી જિલ્લામાં દિવસે અને દિવસે અકસ્માતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે ૧૦૦ ઓરડી પાસે રહેતા યુવાને અજાણ્યા વાહને અડફેટે લેતા ગંભીર જાઓ થતા પ્રથમ મોરબી હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલાં જીવને દમ તોડતા મોરબી બી ડિવિઝન પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ ખાતે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ ૧૦૦ ઓરડી પાસે રહેતો અને સીરામીકમાં કામ કરતો ચંદન કુમાર મદનભાઈ ચૌધરી ઉંમર વર્ષ ૪૧ ગત ૨૮ ૧૦ ૨૫ ની રાત્રે ૯:૦૦ વાગે આસપાસ નોકરી પૂર્ણ કરી અને ઘરે જતી વેળાએ રોડ પર ઈજા ગ્રસ્ત હાલતમાં પડેલ હોય સારવાર માટે પ્રથમ મોરબી સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલાં તબીબે મૃત જાહેર કરતા મોરબી ડિવિઝન પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ બનાવ અંગે મૃતક ચંદન કુમાર મૂળ બિહારનો વતની હોય અને ભડીયાદ રોડ પર એક્વા સિરામિક માં કામ કરતો હોય અને નોકરી પર થી પરત ફરતી વેળાએ અજાણ્યા વાહને ઠોકર મારેલની પ્રાથમિક માહિતી મળેલ છે સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર એ પિતાનું છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો એવું જાણવા મળેલ છે

(પહેલા પાનાનું ચાલું)

### ભારતીય મહિલા ટીમ...

જેમિમાહ રોડ્રિગ્સે આવીને બાજી સંભાળી લીધી હતી. બંનેએ ત્રીજી વિકેટ માટે ૧૫૬ બોલમાં ૧૬૭ રનની વિશાળ ભાગીદારી નોંધાવીને ભારતની આશા જીવંત રાખી હતી. જેમિમાહ રોડ્રિગ્સ પૂરબહારમાં ખીલી હતી અને દરેક અંગ્રેજ બોલર સામે સત્તાવાહી રીતે બેટિંગ કરી હતી. હરમનપ્રિત કૌર ૩૬મી ઓવરમાં ૮૯ રન ફટકારીને આઉટ થઈ ત્યાર બાદ ભારતીય ઈનિંગ્સને આગળ ધપાવવાની જવાબદારી જેમિમાહના શિરે આવી ગઈ હતી. હરમનપ્રિતે ૮૮ બોલમાં દસ ચોગ્ગા અને બે સિક્સર સાથે ૮૮ રન ફટકાર્યા હતા. તેની વિકેટ બાદ દિપ્તી શર્મા અને રિચા ઘોષે અનુક્રમે ૧૭ બોલમાં ૨૪ અને ૧૬ બોલમાં ૨૬ રન ફટકારીને જેમિમાહને સુંદર સપોર્ટ કર્યો હતો.જોકે જેમિમાહે એકલા હાથે ભારતને સફળતા અપાવી હતી. તેણે ૧૩૪ બોલમાં ૧૪ ચોગ્ગા સાથે અણનમ ૧૨૭ રન ફટકાર્યા હતા. વન-ડે ક્રિકેટ કારકિર્દીમાં જેમિમાહની આ ત્રીજી સદી હતી. તેણે ભારતને ફાઈનલમાં પહોંચાડવામાં અનન્ય યોગદાન આપ્યું હતું. અગાઉ ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. કેપ્ટન એલિસા હિલીના આ નિર્ણયને યોગ્ય ઠેરવતાં ફોબે લિચફિલ્ડ અને એલિસી પેરીએ શાનદાર બેટિંગ કરી હતી. એલિસા હિલી ભલે માત્ર પાંચ રન કરીને આઉટ થઈ ગઈ હોય પરંતુ લિટફિલ્ડ અને પેરીએ મજબૂત બેટિંગ કરી હતી. બંનેએ બીજી વિકેટ માટે ૧૩૩ બોલમાં ૧૫૬ રનની વિશાળ ભાગીદારી નોંધાવીને ભારતીય બોલર્સને હતાશ કરી નાખી હતી.ઓસ્ટ્રેલિયાએ ૩૩૮ રનનો સ્કોર નોંધાવવાની સાથે તે આઈસીસી વિમેન્સ વર્લ્ડ કપની નોકઆઉટ મેચમાં ચોથી વાર ૩૦૦+નો સ્કોર હાસલ કરવામાં સફળ રહ્યું હતું. એક સમયે ઓસ્ટ્રેલિયા ૩૫૦થી ૩૭૫ રનના સ્કોર સુધી આસાનીથી પહોંચી જશે તેવી અટકળ થતી હતી પરંતુ લિચફિલ્ડની વિકેટ પડ્યા બાદ ભારતે થોડો પ્રતિકાર કર્યો હતો. ફોબે લિચફિલ્ડે આક્રમક બેટિંગ કરીને ૯૩ બોલમાં ૧૧૯ રન ફટકાર્યા હતા જેમાં ૧૭ ચોગ્ગા ઉપરાંત ત્રણ સિકસરનો સમાવેશ થતો હતો. લિચફિલ્ડની જોડીદાર એલિસી પેરીએ પણ એવી જ ઝડપી બેટિંગ કરીને ૮૮ બોલમાં ૭૭ રન ફટકાર્યા હતા.

(ત્રીજા પાનાનું ચાલુ)

### રાજકોટ...

એકતા અને અખંડિતતાને જાળવી રાખવા માટે એકતા શપથ લીધા હતા. સવારે યોજાયેલી આ દોડમાં ગુજરાત પોલિસના યુવાનો, શહેરીજનો, મહિલાઓ, દોડવીરો, વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા. બહુમાળી ભવન સર્કલથી આરંભાયેલી આ ''રન ફોર યુનિટી'' સમગ્ર રેસકોર્સ રીંગ રોડનું ચક્કર લગાવી આ જ જગ્યાએ સંપન્ન થઈ હતી.

આ તકે મેયર નયનાબેન પેઢડીયા, સંસદસભ્ય રામભાઈ મોકરીયા, ધારાસભ્યો સર્વે ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, જિલ્લા વિકાસ અધિકારી આનંદુ સુરેશ ગોવિંદ, મ્યુનિ. કમિશનર તુષાર સુમેરા, નિવાસી અધિક કલેક્ટર એ. કે. ગૌતમ, નાયબ પોલીસ કમિશનર જગદીશ બાંગરવા, રમત-ગમત અધિકારી જાડેજા, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, કોર્પોરેશનના વિવિધ વીભાગના કર્મચારીઓ, તથા વરિષ્ઠ નાગરિકો આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા.

### ભૂપેન્દ્ર પટેલ...

બનવા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે આ 'રન ફોર યુનિટી' સમગ્ર દેશને એકતાના તાંતણે જોડનારું માધ્યમ છે.

મુખ્યમંત્રીએ ગૌરવપૂર્વક જણાવ્યું હતું કે, જે રીતે આઝાદીના આંદોલનમાં સ્વદેશી માટેનો જોમ, જુસ્સો લોકોમાં જાગ્યો હતો એવો જ જોમ અને જુસ્સો આ વખતે દિવાળી ના તહેવારોમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં આપણને જોવા મળ્યો છે.

આપણે સૌ, સરદાર સાહેબને યાદ કરી એક અને નેક બની, સ્વદેશીને જીવનનો હિસ્સો બનાવીને વિકસિત ભારતનું નિર્માણ કરીએ તેવું મુખ્યમંત્રીએ સૌને આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ અને ઉપસ્થિત સૌ નાગરિકોએ રાષ્ટ્રહિત પ્રથમના ભાવ સાથે 'એકતા શપથ' લીધા હતા.

અમદાવાદ શહેરના મેયર શ્રીમતિ પ્રતિભાબેન જૈનએ સ્વાગત પ્રવચન કરી 'યુનિટી માર્ચ'માં આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી સરદાર પટેલને સાચી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા આ 'યુનિટી માર્ચ'માં ભેગા થયા છીએ. આ 'યુનિટી માર્ચ'થી રાષ્ટ્રભાવનાની નવી ચેતનાનો સંચાર થયો છે તેવું તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, આ યુનિટી માર્ચ 'મેદસ્વિતા મુક્ત ગુજરાત, તંદુરસ્તયુકત ગુજરાત'ને સાર્થક કરશે.

'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'એક ભારત, આત્મનિર્ભર ભારત'ના સંદેશને વધુ મજબૂત કરવા આ યુનિટી માર્ચનું આયોજન કરાયું હતું. મુખ્યમંત્રીએ નારણપુરાની સરદાર પટેલ કોલોનીમાં આવેલી સરદાર પટેલની પ્રતિમા પાસેથી સવારે ૭.૩૦ વાગ્યે યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ યુનિટી માર્ચ નારણપુરા સરદાર પટેલ કોલોનીથી શરૂ થઈ સરદાર પટેલ સ્ટેડિયમ રોડ, સી.જી. રોડ થઈને આશ્રમ રોડ પરની મહાત્મા ગાંધીજીની પ્રતિમા ખાતે પૂર્ણ થઈ હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ભારત પર્વ-૨૦૨૫...

દરમિયાન એકતાનગર ખાતે વિવિધ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમોમાં ભગવાન બિરસા મુંડાના જીવન અને યોગદાન પર રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ, ભગવાન બિરસા મુંડાના જીવનના વિવિધ પાસાઓને પ્રદર્શિત કરતું વિશિષ્ટ થીમ પેવેલિયન અને આદિવાસી પરંપરાગત હસ્તકલા-કૃતિઓ, ચિત્રકલા, ખાદ્ય બનાવટોનું ભવ્ય પ્રદર્શન યોજાશે. આદિજાતિ વૈદ્ય-ભગતો દ્વારા પરંપરાગત આદિવાસી ચિકિત્સા પદ્ધતિનું જીવંત નિદર્શન તથા આદિવાસીઓના પરંપરાગત સાંસ્કૃતિક નૃત્યોનું પ્રદર્શન અને પરંપરાગત આદિજાતિ પરિધાન અને વાદ્યોનું નિદર્શન કરતાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

આ ઉપરાંત આદિજાતિ જનસમૂહની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ઉમરગામ-વલસાડથી એકતાનગર અને અંબાજી-બનાસકાંઠાથી એકતાનગર સુધીની બે 'જનજાતીય ગૌરવ રથ યાત્રા'નું આયોજન કરાશે. આ સપ્તાહ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ અને સેવાકીય પ્રવૃત્તિઓ યોજાશે જેમાં ભગવાન બિરસા મુંડાના જીવન વિશે વકતૃત્વ સ્પર્ધાઓ, આરોગ્ય શિબિરોનું આયોજન તથા વિવિધ યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવશે. આ દરમિયાન આદિવાસી મહાનાયક ભગવાન બિરસા મુંડાના સમગ્ર જીવનના વિવિધ પાસાઓને પ્રતિકાત્મક રૂપે રજૂ કરતા નાટકનું આયોજન કરવામાં આવ્યું છે.

જનજાતીય ગૌરવ દિવસ-૧૫મી નવેમ્બરે એકતાનગર ખાતે મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો 'જનજાતીય ગૌરવ વર્ષ સમાપન સમારોહ' યોજાશે જેમાં ગુજરાતના ૧૫૧ આદિવાસી સ્વાતંત્ર્યસેનાનીઓના તથા ભગવાન બિરસા મુંડાના યશસ્વી જીવનચરિત્રનું વર્ણન કરતા પુસ્તકોનું વિમોચન કરવામાં આવશે તેમ યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### લીલી પરિક્રમા પર લીલા દુકાળનો ઓછાયો...

# લીલી પરિક્રમાના રૂટ પર કાદવ-કિચડ અને વ્યવસ્થાના અભાવે પરિક્રમા રદ્ કે પાછી ઠેલાશે?

## પરિક્રમાના ૩૬ કિલોમીટરના રૂટ પર ભવનાથ, જીણાબાવાની મઢી, બોરદેવીના પડાવ પર હજુ ભાવિકો માટે કોઈ વ્યવસ્થા ગોઠવાય નથી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ધર્મનગરી જુનાગઢના ગીરીવર ગીરનારની લીલી પરિક્રમા પર આ વખતે સતત વરસાદના કારણે વિઘ્ન આવ્યું છે. લીલી પરિક્રમાના રૂટ પર કાદવ-કીચડ અને વ્યવસ્થાના અભાવે પરિક્રમા રદ્ થાય અથવા તો પાછી ઠેલાઈ તેવા સંજોગો ઉભા થયા છે. કારતક સુદ-૧૧થી દેવ દેવાળી સુધી પરંપરાગત રીતે યોજાતી ગીરનાર ફરતે ૩૬ કિલોમીટરના રૂટ પરની પાવનકારી પરિક્રમા આગામી ૨ નવેમ્બરથી શરૂ થવાની હતી પરંતુ આ વર્ષે સતત વરસતા વરસાદના કારણે તંત્ર દ્વારા વન પ્રવેશ પર સલામતીના કારણોસર પ્રતિબંધ મૂકી દેવાતા ઉતારા અન્નક્ષેત્ર અને દેવાલયોમાં કોઈપણ પ્રકારની વ્યવસ્થા ગોઠવાઈ નથી. સતત વરસતા વરસાદના કારણે જંગલના રસ્તે કાદવ-કીચડના કારણે શ્રધ્ધાળુઓ ચાલી શકે તેમ ન હોય આજે પણ વરસાદ વરસી રહ્યો છે. હવે વરાપ થયા પછી પણ બે-ત્રણ દિવસ પછી વ્યવસ્થા ગોઠવાઈ તેવી સ્થિતીને લઈને આ વખતની પરિક્રમા રદ્ થાય અથવા તો પાછી ઠેલાઈ તેવી સંભાવનાઓ ઉભી થઈ છે.

ગીરનારની લીલી પરિક્રમાની દાયકાઓ જૂની પરંપરા મુજબ કારતક સુદ-૧૧થી દેવ દિવાળી સુધી ગીરનાર ફરતે ભવનાથથી બોરદેવી સુધીના પડાવ પર અત્યારે રસ્તો ચાલવા જેવો નથી. કોઈ વ્યવસ્થા પણ ઉભી થઈ નથી ત્યારે આ વખતે માત્ર સંતો અને થોડા ભાવિકો સાથે શુકનવંતી પરિક્રમા થાય તેવી શક્યતાઓ વચ્ચે હાલ પરિક્રમા પર અનિશ્ચિતતાના વાદળો ઘેરાઈ ગયા છે. પરિક્રમા પાછી ઠેલાઈ અથવા તો રદ્ થાય તેવી સ્થિતિ વચ્ચે આજે સાંજ સુધીમાં નિર્ણય જાહેર થાય તેવું માનવામાં આવી રહ્યું છે.

જુનાગઢના ગરવા ગિરનારની લીલી પરિક્રમા હાલના કમોસમી વરસાદના કારણે સંભવત બંધ રહે તેવી સંભાવના સાથેના સંકેતો અને શકયતા દેખાય રહી છે. જો કે, આજે જિલ્લા કલેકટર પરિક્રમા રૂટનો સંપૂર્ણ તાગ મેળવી, પરિક્રમાર્થીઓની સુરક્ષા, સલામતીની સાથે હાલની પરિસ્થિતિ અંગે અભ્યાસ કરી, આ વખતની લીલી પરિક્રમા થઈ શકશે કે કેમ ? તે અંગે જાહેર કરશે.

### વરસાદથી જંગલમાં પગપાળા ચાલવુ પણ મુશ્કેલ

જૂનાગઢ જિલ્લા કલેકટરની આ જાહેરાત બાદ છેલ્લા બે દિવસથી જુનાગઢ અને જંગલ વિસ્તારમાં કમોસમી વરસાદ સતત ચાલી રહ્યો છે. જેના કારણે ૩૬ કિલોમીટર લાંબા જંગલ વિસ્તારના રસ્તાઓનું સમારકામ કરવું અતિ કઠીન છે અને બીજી બાજુ વરસાદ ચાલુ હોવાના કારણે સમારકામ કરવું અમુક વિસ્તારોમાં શક્ય પણ ન હતું, આની વચ્ચે ગઈકાલના અંદરના પ્રાપ્ત સમાચારો મુજબ જંગલ વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં કાદવ કીચડ છે, અને વાહન ચાલી શકે તેવી પરિસ્થિતિ છે, તથા પરિક્રમાર્થીઓ માટે પગપાળા ચાલવું પણ કઠિન અને જોખમી થઈ શકે તેવી પરિસ્થિતિ હોવાના સમાચારો મળી રહ્યા છે. આમ જંગલ વિસ્તારમાં પડી રહેલા સતત કમોસમી વરસાદ અને પરિક્રમાના રૂટ ઉપર કાદવ કિચડ અને રસ્તાઓ તૂટવાના કારણે સંભવત આજે શુક્રવારે જિલ્લા કલેકટર દ્વારા લાખો ભાવિકો માટે ગિરનારની લીલી પરિક્રમા નહીં યોજાય તેવી જાહેરાત થાય તેવી પૂરી શક્યતાઓ અને સંભાવના છે. જો કે, ઉતારા મંડળના પ્રમુખ સહિતના સંતો, મહંતો અને અગ્રણીઓ દ્વારા ગિરનારની લીલી પરિક્રમા એ એક પરંપરા છે તે તૂટવી ન જોઈએ અને જેમ કોરોના વખતે ૨૫ લોકો દ્વારા આ પરંપરા જાળવવામાં આવી હતી અને પરિક્રમા પૂર્ણ કરાઈ હતી તે રીતે પરંપરા પૂરતી આ વખતની ગિરનારની લીલી પરિક્રમા યોજાય તેવી માંગ અને લાગણી ઉઠી છે, ત્યારે આજે જુનાગઢ જિલ્લા કલેકટર કયા નિર્ણય ઉપર આવે છે તેના ઉપર સૌ કોઈની મીટ મંડાઈ છે.



સમગ્ર સૌરાષ્ટ્ર ગુજરાતની સાથે ગત શનિવારથી જુનાગઢ શહેર તથા ગીરનાર જંગલ વિસ્તારમાં સતત વરસાદ વરસી રહ્યા હોવાના કારણે પરિક્રમા માટે મરામત કરી, તૈયાર કરાવેલા પરિક્રમા રૂટના મોટાભાગના રસ્તાઓ ધોવાઈ ગયા હોવાના અને રસ્તાઓ ઉપર કાદવ કીચડનું સામ્રાજ્ય ફેલાયા હોવાના અહેવાલો સામે આવ્યા બાદ જિલ્લા કલેકટરે બુધવારે અનશ્રેત્રના વાહનોને જંગલના ખરાબ રસ્તાના કારણે અંદર ન જવા સૂચનો આપ્યા બાદ પત્રકાર પરિષદમાં એવી જાહેરાત કરી હતી કે, પરિક્રમા રૂટના રસ્તાઓ ધોવાઈ જવા પામ્યા છે. અને ખૂબ જ કાદવ કીચડ હોવાના કારણે વાહનો ચાલી શકે તેવી પરિસ્થિતિ નથી. જેથી અનક્ષેત્રના વાહનો બીજી સૂચના ન મળે ત્યાં સુધી પરિક્રમા રૂટ પર ન લઈ જવા માટે અપીલ કરી હતી.

બાદમાં જિલ્લા કલેકટરે પત્રકાર પરિષદમાં આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, પરિક્રમા રૂટ ઉપર તંત્ર દ્વારા તાજેતરમાં જ રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું હતું. પરંતુ કમોસમી વરસાદના કારણે પરિક્રમા રૂટના તમામ રસ્તા ધોવાઈ જવા પામ્યા છે. જેના કારણે આ વખતે વૃદ્ધ, બાળકો, મહિલાઓ તથા પરિક્રમા માટે આવતા યાત્રાળુઓએ હવામાન તથા તમામ બાબતો ઉપર ધ્યાન રાખી, યાત્રાનું આયોજન કરવા વિનંતી કરી હતી, અને તંત્ર દ્વારા રસ્તા સમારકામની કામગીરી હાથ ધરી સાનુકૂળ પરિસ્થિતિ હશે તો તે અંગેની આગામી ૩૧ તારીખે જાહેરાત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

---

### રાજકોટ મહાનગરપાલિકાના

# ભાજપના નગરસેવિકાના પતિ મૌલિક દેલવાડીયા 'આપ'માં જોડાયા

## ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું વાવાઝોડુ ચાલી રહ્યું છેઃ ઈસુદાન ગઢવી

**અબતક, રાજકોટ**

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની હાજરીમાં રાજકોટમાંથી મોટી સંખ્યામાં લોકો આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કરીને જોડાયા હતા. આ અંગે ઈસુદાન ગઢવીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં આમ આદમી પાર્ટીનું વાવાઝોડું આવ્યું છે ભાજપના ૩૦ વર્ષના કુશાસનથી ત્રસ્ત થયેલા રાજકોટમાંથી ભાજપ-કોંગ્રેસના આગેવાનો સહિત ૨૦૦૦ થી વધારે કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટી સાથે જોડાયા છે. પહેલા ૩૦ વર્ષ કોંગ્રેસનું શાસન હતું કોંગ્રેસથી લોકો કંટાળ્યા પછી ૩૦ વર્ષ ભાજપનું શાસન રહ્યું આજે ભાજપને પણ ૩૦ વર્ષ થઈ ગયા છે તેથી ભાજપમાં ખૂબ અહંકાર આવી ગયો છે. આપ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વધુમાં કહ્યું હતું કે, ભાજપના કહેવાથી કોંગ્રેસે વિસાવદરમાં પોતાનો ઉમેદવાર ઉભો રાખ્યો એટલે કોંગ્રેસના લોકોને ખબર પડી ગઈ કે ભાજપના ઈશારે કોંગ્રેસ પાર્ટી ચાલી રહી છે. અને કોંગ્રેસના આગેવાનોને ભાજપ-કોંગ્રેસની મિલી ભગતની ખબર પડી ગઈ. હડદડ ગામમાં પણ કોંગ્રેસે સભા કરી પરંતુ તેમણે ભાજપ ઉપર નહીં પરંતુ



ખેડૂતો ઉપર અને આમ આદમી પાર્ટી પર પ્રહાર કર્યા. કોંગ્રેસે કહ્યું કે, આમ આદમી પાર્ટી નાટક કરી રહી છે એટલા માટે જ કોંગ્રેસના આગેવાનોને દુઃખ થયું અને તેમણે ભાજપની બી ટીમ તરીકે કામ કરતી ધંધાર્થી કોંગ્રેસ પાર્ટીને છોડી દેવાનું નક્કી કર્યું. ભાજપના કોર્પોટર અસ્મિતા દેલાવાડિયાના પતિ મૌલિક દેલવાડિયા, ભારતીય કિસાન સંઘ પડધરી તાલુકા પૂર્વ પ્રમુખ રમેશ પટેલ, ૭૧ વિધાનસભાના ભાજપ આગેવાન નરેન્દ્ર રાઠોડ, ભાજપ આગેવાન વિપુલ પટેલ, લવજી મેઘાણી, કેતન રાઠોડ, નરેશ જાદવ, નિરાલી પટેલ,સંજય વાઘેલા, બ્રિજેન પટેલ, કોટડા સાંગાણી તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય ખોડાભાઈ સોલંકી, મોટા મૌવાના પૂર્વ સરપંચ ભીખાભાઈ મેઘાણી આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. ભાજપની સાથે સાથે કોંગ્રેસના ૭૧ વિધાનસભાના આગેવાન કિરણ ગોહેલ, રવજી સોલંકી પણ આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. હું તમામ લોકોનું વિધિવત પૂર્વક સ્વાગત કરું છું. આજે ૨૦૦૦ થી વધારે કાર્યકર્તાઓ, આગેવાનો અરવિંદ કેજરીવાલજીની વિચારધારા સાથે જોડાયા છે.

---

# જબલપુરમાં આર.એસ.એસ.ની અખિલ ભારતીય કાર્યકારી મંડળની બેઠકમાં દિવંગત વિજયભાઈ રૂપાણીને અપાયા શ્રધ્ધાસુમન



## આર.એસ.એસ.ના મોહન ભાગવત, દત્તાત્રેય હોસબલે સહિતના આગેવાનોની હાજરીમાં કાલથી ત્રિ-દિવસીય બેઠકનો થયો પ્રારંભ

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારિણી મંડળની ત્રિ-દિવસીય બેઠકનો ૩૦ ઓક્ટોબરે જબલપુરના કચનારમાં પ્રારંભ થયો હતો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડો.મોહન ભાગવત અને સરકાર્યવાહ દત્તાત્રેય હોસબલે દ્વારા ભારત માતાની પ્રતિમાને ફૂલો અર્પણ કરીને આ બેઠક શરૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં ૪૦૭ કાર્યકર્તાઓ ઉપસ્થિત છે. જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના છ સહ સરકાર્યવાહઃ ડો.કૃષ્ણ ગોપાલજી, મુકુન્દજી, અરૂણ કુમારજી, રામદત્તજી ચક્રધર, આલોક કુમારજી અને અતુલજી લિમયે તેમજ તમામ ૧૧ પ્રદેશો અને ૪૬ પ્રાંતના કાર્યકર્તાઓ ઉપસ્થિતીમાં બેઠકનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ બેઠકની શરૂઆતમાં, રાષ્ટ્રીય સેવિકા સમિતિના પ્રમિલા તાઈ મેઢે, મધુભાઈ કુલકર્ણી, ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિબુજી સોરેન, દિલ્હીના વિજયજી મલ્હોત્રા, વૈજ્ઞાનિક કસ્તુરીરંગન, ભૂતપૂર્વ રાજ્યપાલ ગણેશનજી, ગીતકાર પીયૂષ પાંડે, ફિલ્મ અભિનેતા સતીશ શાહ, પંકજ ધીર, હાસ્ય કલાકાર અસરાની, સંગીતકાર ઝુબિન ગર્ગ તેમજ પહેલગામ હિન્દુ પ્રવાસીઓ, એર ઈન્ડિયા ક્રેશ અને હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ, પંજાબ અને દેશના અન્ય ભાગોમાં કુદરતી આફતોમાં દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



ગુરુ તેગ બહાદુરજીના ૩૫૦મા શહીદ દિવસ, બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ અને 'વંદે માતરમ'ની રચનાની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે આ બેઠકમાં નિવેદનો જારી કરવામાં આવશે.

---

# ધોરાજી તાલુકાના વેગડી ગામે કમોસમી વરસાદથી પાકને વ્યાપક નુકસાન

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ગુજરાત હવામાન વિભાગ દ્વારા આગાહી પગલે કમૌસમી વરસાદ અને વાવાઝોડા જેવી કુદરતી આફતો નો કારણે ઘણા સમયથી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ધોરાજી તાલુકાનાપંથકમાં ખેડૂતો એ સારી આશા અને મહેનત કરી ને મોંઘા ભાવનાં બિયારણો અને જંતુ નાશક દવાઓ છંટકાવ કરી ને પોતાના ખેતરોમાં સોયાબીન કપાસ અને મગફળી અને અન્ય પાકો નું વાવેતર કરવામાં આવેલ અને કુદરત નેં આ મંજુર નહીં હોય અને આખું વર્ષ ચોમાસામાં વરસાદ પડ્યો હતો.

અને સિઝન બાદ શિયાળામાં પણ પણ માઉઠુ અને કમૌસમી વરસાદ અને વાવાઝોડાના પગલે ખેડૂતો નાં ખેતરમાં પાક નું વાવેતર થયું હતું અને પાક લણવાનો સમય આવ્યો ત્યારે ખેડૂતો નાં મોંમાં માંથી આવેલ કોળીયો છીનવાઈ જતાં ખેડૂતો ને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે મગફળી કપાસ અને સોયાબીન જેવા પાકો અને જણસી માં નુકસાની વેઠવી અને જે જણસી ખેતરમાં બચી તેના ઉતારો પણ ઓછો આવ્યો અને તેનો ભાવ પણ ઓછો મળશે. સરકાર દ્વારા સહાય આપવામાં આવે તેવી ખેડૂતોએ માંગ કરી છે.



---

# ઉપલેટા પંથકમાં કમોસમી વરસાદથી પાકો નિષ્ફળ

## નુકશાનીનું વળતર તાત્કાલીક ચુકવવા યાર્ડ ચેરમેન હરિભાઈ ઠુંમરની મુખ્યમંત્રીને રજૂઆત

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં થયેલા કમોસમી વરસાદથી મોટાભાગના પાકોમાં ભારે નુકશાની જોવા મળી છે. ત્યારે ખેડુતોને તાત્કાલીક નુકશાનીનું વળતર ચૂકવવા યાર્ડના ચેમેન હરિભાઈ ઠુંમરે મુખ્યમંત્રીને પત્ર લખી માંગણી કરી છે.



યાર્ડનાં ચેરમેન હરિભાઈ ઠુંમરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી જણાવેલ કે ચાલુ સીઝનમાં કમોસમી વરસાદને કારણે ખેડુતોને માથે આવેલ સંકટમાંથી ઉગારી ખેતપાકમાં મગફળી કપાસ, સોયાબીન, મગ, અળદ, જેવા પાકો બહોળા પ્રમાણમાં નુકશાની સામનો કરવો પડેલ છે. તેમજ ખેત પેદાશમાં મજુરી, ખાતર, દવા, બિયારણ તેમજ અન્ય ખર્ચાઓ વ્યાપક પ્રમાણમા થયેલ હોય જેથી આ બાબતોને ધ્યાનમાં લઈ ખેડુતોને તત્કાલીક ધોરણે નુકશાનીનો સર્વે કરાવી વહેલામાં વહેલી તકે સહાય ચુકવવા માંગણી પત્ર દ્વારા કરવામાં આવી છે.

---

# જીગીશા પટેલે આપનો સાવરણો પકડ્યોઃ ગોંડલ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

દેશ નાં લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મજયંતિ નિમિતે ગોંડલ આવેલા જીગીશા પટેલે આમ આદમી પાર્ટી માં જોડાઈ મેં ગોંડલ થી રાજકીય ઈનિંગ ની શરુઆત કર્યાનું જણાવી જો પાર્ટી કહેશે તો આગામી વિધાનસભા ની ચુંટણી ગોંડલ થી લડીશ તેવો હુંકાર કર્યો હતો.જીગીશા પટેલ સવારે જેલચોક ખાતે શહીદ ભગતસિંહ ની પ્રતિમા ને ફુલહાર કરી પગપાળા જેતપુર રોડ ત્રિકોણીયા પાસે સરદાર પટેલ ની પ્રતિમા એ પંહોચી પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરી હતી.





આ વેળા જીગીશા પટેલે સરદાર સાહેબની વિચારધારા સિંહ નુ કાળજુ રાખો અન્યાય સામે લડો અને ઘરની વાત ઘરમા રાખો જેનાથી પ્રેરાઈ ને હું ગોંડલ થી રાજકીય ઈનિંગ ની શરુઆત કરુછુ તેવુ જણાવ્યું હતુ. જીગીશા પટેલે કહ્યુ કે આમ આદમી પાર્ટીની વિચારધારા ક્રાંતિકારી છે.હાલ ગુજરાત માં મજબુત વિપક્ષ તરીકે આપ લડત આપી રહીછે.ત્યારે તેનાથી પ્રેરાઈ ને હું આપ માં જોડાઈ છુ.પાર્ટી કહેશે તો ગોંડલ થી વિધાનસભા ની ચુંટણી જરુર લડીશ.

---

# ચેરીટી કમિશનર કચેરીનું કામ ફરજિયાત ઓનલાઈન કરવા આદેશ

## ઓછું મહેકમ હોવાની વાત ધ્યાનમાં આવતા મહેકમ ત્રણ ગણુ વધારવા આગામી બજેટમાં જોગવાઈ કરાશે

**અબતક, રાજકોટ**

ચેરીટી કમિશનર કચેરી અને તેના તાબાની તમામ કચેરીઓની કામગીરી ફરજિયાત ઓનલાઈન કરવા આદેશ આપ્યા છે. સાથોસાથ મહેકમમાં પણ ત્રણ ગણો વધારો કરવા આગામી બજેટમાં જોગવાઈ કરવાની તાકીદ કરાય છે.

કાયદો અને ન્યાય વિભાગના રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ કાયદા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે વિભાગના અગત્યના મુદ્દાઓ પર ઉંડાણપૂર્વક ચર્ચા કરીને તેના ત્વરિત નિરાકરણ માટે સચોટ સૂચનાઓ આપી છે. મંત્રીએ ખાસ કરીને ચેરીટી કમિશ્નર કચેરીના વહીવટ અને સશક્તિકરણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

મંત્રી કૌશિક વેકરિયાએ વહીવટમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે ચેરીટી કમિશ્નર કચેરી તથા તાબાની તમામ કચેરીઓનું કામ ફરજિયાત ઓનલાઈન કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી છે. આ પહેલને તાત્કાલિક અસરથી લાગુ કરવા માટે, મંત્રીએ કચેરીના ઉપયોગ હેતુ વધારાના ૩૫ કોમ્પ્યુટર તુરંત ફાળવવા અંગે પણ જરૂરી સૂચના આપી છે.



કચેરીની કાર્યક્ષમતા વધારવા માટે મંત્રીએ મહેકમમાં ધરખમ વધારો કરવાના આદેશો આપ્યા છે. ચેરીટી કમિશ્નરની કચેરી અને તાબાની કચેરીઓમાં ખૂબ ઓછું મહેકમ હોવાની બાબતને ગંભીરતાથી લઈને મંત્રીએ હયાત હિસાબનીશ/નિરીક્ષકનું મંજૂર મહેકમ ૩૮ છે, તેને વધારીને ત્રણ ગણું કરવા માટે નવી બાબત તરીકે આગામી બજેટમાં જોગવાઈ કરવા સૂચના આપવામાં આવી છે. તે ઉપરાંત નાયબ ચેરિટી કમિશનરનું હાલમાં ૮ નું મંજૂર મહેકમ છે તેને પણ વધારીને ૧૨નું મહેકમ કરવા માટે નવી બાબતમાં સમાવેશ કરવા આદેશ આપવામાં આવ્યા છે.

બીજી તરફ મંત્રીએ ચેરીટી કમિશ્નર અને તાબાના અધિકારીઓ/નિરીક્ષક/કર્મચારીઓ માટે તપાસના કામે વાહનની જોગવાઈ કરવા અંગેના પ્રશ્નનું પણ નિરાકરણ લાવતાં, આ અંગે નવી બાબત તરીકે આગામી બજેટમાં જોગવાઈ કરવા સૂચના આપી છે.

વહીવટી સરળતા અને કર્મચારીઓના હિતમાં, સંયુક્ત કમિશ્નરની લાયકાત માટે જરૂરી ૧૦ વર્ષના અનુભવના સંદર્ભમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં નાયબ ચેરિટી કમિશનર તરીકે બજાવેલ ફરજનો સમયગાળો પ્રમોશન પછીની સ્થિતિએ સળંગ ગણવા બાબત કાર્યવાહી કરવા પણ નિર્દેશ અપાયો છે. મંત્રી કૌશિક વેકરિયાના આ નિર્ણયો કાયદા અને ન્યાય વિભાગ હસ્તકની ચેરિટી કમિશનર કચેરીના વહીવટી માળખાને મજબૂત કરવા તેમજ કચેરીની કાર્યક્ષમતા અને આધુનિકીકરણમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તન લાવશે.

# નવેમ્બર માસમાં સોનાના ભાવમાં વૈશ્વિક ઉછાળાના ઉજળા સંકેતો

## અગાઉ ધરખમ ઉછાળો, બાદમાં ઘટાડો હવે ફરી આવતા મહિને ઉછાળો આવે તેવો નિષ્ણાંતોનો આશાવાદ

**અબતક, નવી દિલ્હી**

સોના ભાવોમાં અગાઉ ધરખમ ઉછાળો આવ્યા બાદ હવે ભાવ ઘટી રહ્યા છે. પણ નિષ્ણાંતોના જણાવ્યા મુજબ નવેમ્બર મહિનામાં સોનાના ભાવના ફરી ઉછાળાના ઉજળા સંકેતો છે. શુક્રવારે સોનાના ભાવ વધ્યા, ત્રીજા લગતાર મહિનાના વધારાની નજીક પહોંચી ગયા. આ વધારો સસ્તા ભાવે ખરીદી અને અમેરિકાના કેન્દ્રીય બેંક (ફેડરલ રિઝર્વ)ના વ્યાજદરમાં કાપથી થયો. રોકાણકારો અમેરિકા-ચીન વેપાર કરારની પ્રારંભિક વાતચીતને સમજી રહ્યા છે, જ્યારે વિશ્વભરમાં સોનાની માંગ ત્રીજા ત્રિમાસિકમાં રેકોર્ડ ઊંચાઈ પર પહોંચી. જોકે, ડોલરની મજબૂતી સોનાના વધારાને મર્યાદિત કરી રહી છે.

- સ્પોટ સોનું ૦.૩% વધીને ૪,૦૩૪ ડોલર પ્રતિ ઔંસ થયું, બુલિયન આ મહિને અત્યાર સુધી ૪.૫% વધ્યું છે.
- ડિસેમ્બર ડિલિવરી માટેના અમેરિકન સોનાના ફ્યુચર્સ ૧.૧% ઘટીને ૩,૯૫૫ ડોલર પ્રતિ ઔંસ થયા.
- બુધવારે, અમેરિકન કેન્દ્રીય બેંકે આ વર્ષની બીજી વખત વ્યાજ દરમાં ૨૫ બેઝિસ પોઈન્ટની કાપણી કરી, જેમાંથી બેન્ચમાર્ક ઓવરનાઈટ રેટને ૩.૭૫%-૪.૦૦%ના લક્ષ્ય રેન્જમાં લાવ્યું.
- નોન-યીલ્ડિંગ સોનું નીચા વ્યાજ દરના વાતાવરણમાં અને આર્થિક અનિશ્ચિતતા દરમિયાન વિકસે છે.
- વેપારીઓએ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પાવેલના નિવેદનો પછી ડિસેમ્બર ૧૦ની આગામી નીતિ બેઠકમાં વધુ દર કાપણીની અપેક્ષાઓને ઘટાડી છે.
- માર્કેટ્સ હવે સીએમઈ ગ્રુપના ફેડવોચ ટૂલ અનુસાર, ડિસેમ્બરમાં ફેડમાંથી ૨૫-બેઝિસ-પોઈન્ટ કાપણીની ૭૪.૮% સંભાવના ગણે છે, જે એક અઠવાડિયા પહેલાં ૯૧.૧% તુલનામાં ઓછી છે.
- સોનાના વધારાને અટકાવતી, ડોલર ઈન્ડેક્સ તેના સામે ત્રણ મહિનાના સર્વોચ્ચ સ્તર પર સ્થિર રહ્યો, જે બુલિયનને અન્ય મુદ્રા ધારકો માટે વધુ મોંઘું બનાવે છે.
- અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું કે તેમણે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે ચીન પર ટેરિફને ઘટાડવા માટે કરાર કર્યો છે, બદલામાં બેઈજિંગ દ્વારા ગેરકાયદેસર ફેન્ટાનિલ વેપાર પર કડકાઈ, અમેરિકન સોયાબીનની ખરીદી ફરીથી શરૂ કરવી અને રેર એર્થ્સના નિકાસને વહેતું રાખવું.
- વૈશ્વિક સોનાની માંગ વર્ષ-દર-વર્ષ ૩% વધીને ત્રીજા ક્વાર્ટરમાં ૧,૩૧૩ મેટ્રિક ટન થઈ, જે રેકોર્ડ ક્વાર્ટરલી સંખ્યા છે, કારણ કે રોકાણની માંગ વધી, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે ગુરુવારે કહ્યું.
- આ ઉપરાંત, વિશ્વનું સૌથી મોટું સોના-બેક્ડ એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ એસપીડીઆર ગોલ્ડ ટ્રસ્ટે કહ્યું કે તેના હોલ્ડિંગ્સ ગુરુવારે ૦.૪૨% વધીને ૧,૦૪૦.૩૫ ટન થયા, જે બુધવારે ૧,૦૩૬.૦૫ ટનથી વધુ છે.
- અન્યત્ર, સ્પોટ સિલ્વર ૪૮.૯૨ ડોલર પ્રતિ ઔંસ પર સ્થિર રહ્યું, પ્લેટિનમ ૦.૨% વધીને ૧,૬૧૩.૫૦ ડોલર અને પેલેડિયમ ૨.૧% વધીને ૧,૪૭૪.૫૧૭૪ ડોલર થયું.

# હાર્ટ અટેક આવવાની શક્યતા DNAથી ચકાસી શકાશે

## રોગને ડીકોડ કરવાનો વૈશ્વિક પ્રયાસ


આ કોલેસ્ટ્રોલ-કેન્દ્રિત પ્રોજેક્ટ એક વૈશ્વિક ઔદ્યોગિક સોફ્ટવેર કંપની નો એક ભાગ છે. બ્રેસ્ટ કેન્સર જીન જનીનમાં પરિવર્તનના મેપિંગથી કેન્સરની શરૂઆતની તપાસમાં પરિવર્તન આવ્યું છે તેવી જ રીતે, આ પ્રોજેક્ટ ક્લિનિકલ લક્ષણો દેખાય તે પહેલાં જ આનુવંશિક રીતે ઉચ્ચ ખરાબ કોલેસ્ટ્રોલ માટે સંવેદનશીલ લોકોને ઓળખીને હૃદય રોગની આગાહીમાં નાટ્યાત્મક સુધારો કરી શકે છે.

**અબતક, રાજકોટ**

એક મોટી વૈજ્ઞાનિક સફળતામાં સંશોધકોએ ખતરનાક રીતે ઉચ્ચ કોલેસ્ટ્રોલ અને હૃદય રોગના જોખમમાં રહેલા લોકોને ઓળખવા માટે પ્રથમ વ્યાપક આનુવંશિક સંસાધન બનાવ્યું છે, ભલે તેમના કોલેસ્ટ્રોલનું સ્તર સામાન્ય દેખાય. યુનિવર્સિટી ઓફ પિટ્સબર્ગ સ્કૂલ ઓફ મેડિસિનના વૈજ્ઞાનિકોના નેતૃત્વમાં કરવામાં આવેલા આ આંતરરાષ્ટ્રીય અભ્યાસમાં ખરાબ કોલેસ્ટ્રોલ રીસેપ્ટર જનીનના ૧૭,૦૦૦ થી વધુ આનુવંશિક પ્રકારોનું મેપિંગ કરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે નાના ડીએનએ ફેરફારો શરીરની લોહીના પ્રવાહમાંથી ''ખરાબ'' કોલેસ્ટ્રોલને સાફ કરવાની ક્ષમતાને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે. સાયન્સ (૨૦૨૫) જર્નલમાં પ્રકાશિત થયેલા આ તારણો, ક્લિનિશિયનો હૃદયરોગના હુમલાની આગાહી અને અટકાવવાની રીતને બદલી શકે છે.

### કોલેસ્ટ્રોલના આનુવંશિક મૂળનું મેપિંગ

યુએસમાં હૃદય રોગ મૃત્યુનું મુખ્ય કારણ છે, જે દર વર્ષે આગામી ૭૦૦,૦૦૦ લોકોનો ભોગ લે છે. જ્યારે આહાર અને જીવનશૈલી ભૂમિકા ભજવે છે, ત્યારે હૃદય રોગનો એક મહત્વપૂર્ણ ભાગ આપણા શરીરમાં છુપાયેલો છે. વારસાગત ભિન્નતા કોલેસ્ટ્રોલ નિયમનને કેવી રીતે અસર કરે છે તે અંગે હજુ સુધી સમજ મેળવવી જરૂરી છે. ખરાબ કણોની સંખ્યા જનીન એક રીસેપ્ટરને એન્કોડ કરે છે જે લોહીમાંથી લો ડેન્સિટી લિપોપ્રોટીન, રીતે ખરાબ ઓળખવામાં કરે છે. જ્યારે ક્ષતિગ્રસ્ત



જેને સામાન્ય કોલેસ્ટ્રોલ તરીકે આવે છે, તેને દૂર આ રીસેપ્ટર થાય છે, ત્યારે કોલેસ્ટ્રોલ ધમનીઓમાં એકઠા થાય છે, જેનાથી હાર્ટ એટેક અને સ્ટ્રોકનું જોખમ વધે છે.

### દર્દીઓ માટે શું અર્થ છે: છુપાયેલા હૃદયના જોખમોને વહેલા ઓળખવા

સામાન્ય કોલેસ્ટ્રોલ સ્તર ધરાવતા લાખો લોકો માટે, હૃદય રોગનો ભય ઘણીવાર ધ્યાન બહાર રહે છે જ્યાં સુધી ખૂબ મોડું ન થઈ જાય. આ નવો આનુવંશિક મેપિંગ સંસાધન ડોકટરોને એવા વ્યક્તિઓને ઓળખવામાં મદદ કરે છે જેઓ લક્ષણો દેખાય તે પહેલાં ખરાબ કોલેસ્ટ્રોલ રીસેપ્ટર જનીનમાં હાનિકારક ભિન્નતા ધરાવે છે. દર્દીના ડીએનએ નું વિશ્લેષણ કરીને, ક્લિનિશિયનો હવે ખતરનાક રીતે ઉચ્ચ કોલેસ્ટ્રોલ વિકસાવવાની સંભાવનાનું મૂલ્યાંકન કરી શકે છે અને જીવનશૈલીમાં ફેરફાર અથવા કોલેસ્ટ્રોલ ઘટાડવાની દવાઓ જેવી નિવારક સારવાર શરૂ કરી શકે છે. આ અભિગમ હૃદયરોગના હુમલા અને સ્ટ્રોકની સંખ્યામાં નાટકીય રીતે ઘટાડો કરી શકે છે, જે વ્યક્તિગત, આનુવંશિક-આધારિત હૃદય સંભાળ તરફ એક મુખ્ય પગલું છે.

### મોટા પાયે આનુવંશિક મેપિંગની શક્તિ

પિટ્સબર્ગ યુનિવર્સિટીમાં એક ટીમે આપણા જનીનો હૃદયના સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે છે તે સમજવામાં એક મોટી સફળતા મેળવી છે. સંશોધકોએ એલડીએલ રીસેપ્ટર નામના જનીનના લગભગ ૧૭,૦૦૦ વિવિધ પ્રકારોનો અભ્યાસ કર્યો. જે લોહીમાં ''બાર્ટ કોલેસ્ટ્રોલ'' ને નિયંત્રિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. અદ્યતન આનુવંશિક પરીક્ષણ અને કમ્પ્યુટર મોડેલોનો ઉપયોગ કરીને, અભ્યાસ કર્યો કે એલડીએલ રીસેપ્ટર જનીનમાં દરેક નાનો ફેરફાર શરીરની લોહીના પ્રવાહમાંથી ખરાબ કોલેસ્ટ્રોલ કોલેસ્ટ્રોલ દૂર કરવાની ક્ષમતાને કેવી રીતે અસર કરે છે.જો કોઈના કોલેસ્ટ્રોલનું સ્તર સામાન્ય દેખાય, તો પણ અમુક આનુવંશિક ફેરફારો તેમને હૃદયરોગના હુમલાનું જોખમ વધારે છે. લોહીમાંથી કોલેસ્ટ્રોલ કેટલી સારી રીતે સાફ કરે છે તેના આધારે તેમને રેન્કિંગ આપે છે. ડોકટરો માટે, આ નવો સંસાધન હૃદય રોગ માટે છુપાયેલા આનુવંશિક જોખમો ધરાવતા લોકોને ઓળખવામાં મદદ કરવા માટે એક શક્તિશાળી સાધન બની શકે છે.

### પ્રયોગશાળાના ડેટાથી લઈને જીવન બચાવતી આંતરદૃષ્ટિ સુધી

આજે ઘણા લોકો તેમના સ્વાસ્થ્ય જોખમોને સમજવા માટે આનુવંશિક પરીક્ષણો લે છે, પરંતુ કેટલીકવાર પરિણામો અનિશ્ચિત મહત્વના પ્રકારો દર્શાવે છે.જેનો અર્થ એ થાય કે ડોકટરો કહી શકતા નથી કે તે પરિવર્તન હાનિકારક છે કે બિનહાનિકારક. તેમની સિસ્ટમ આગાહી કરી શકે છે કે કયા જનીન ફેરફારો ફેમિલિયલ જન્મજાત વધુ કોલેસ્ટ્રોલ- એક વારસાગત સ્થિતિ જે ખતરનાક રીતે ઉચ્ચ કોલેસ્ટ્રોલનું સ્તરનું કારણ બને છે. જે સંભવિત રીતે પહેલા કરતા દસ ગણું વધુ સચોટ નિદાન તરફ દોરી જાય છે.અત્યાર સુધી, અમારી પાસે દર્દીના સ્વાસ્થ્ય માટે તેનો શું અર્થ થાય છે તે જાણવા માટે પૂરતા પુરાવા નહોતા. આ વ્હોર્સ ડોકટરોને હૃદયના જોખમને વધુ જોખમી લાગે છે અને કોઈપણ ફેરફાર થાય તે પહેલાં સારવાર શરૂ કરી શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, આ સંશોધન લેબ વિજ્ઞાન અને રોજિંદા દવા વચ્ચેના અંતરને દૂર કરે છે, જે ડોકટરોને ખૂબ મોડું થાય તે પહેલાં હૃદય રોગથી વધુ દર્દીઓને બચાવવા માટે આનુવંશિક માહિતીનો ઉપયોગ કરવામાં મદદ કરે છે.

**યુએસમાં હૃદય રોગ મૃત્યુનું મુખ્ય કારણ છે ,દર વર્ષે ૭૦૦,૦૦૦ લોકો ભોગ બને છે જેમાં આહાર અને જીવનશૈલી ભૂમિકા ભજવે છે**

# ઉદ્યોગોને વેગ આપવા બેંકોને કોથળા ખોલી નાખવા સરકારનો આદેશ

## માઈક્રો એન્ટરપ્રાઈઝ કાર્ડ્સના વિતરણનું લક્ષ્ય બમણું કરવા સૂચના, જેથી માઈક્રો એન્ટરપ્રાઈઝને વર્કિંગ કેપિટલ ક્રેડિટ ઝડપી મળી શકે

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે બેંકોને આ નાણાકીય વર્ષ માટે માઈક્રો એન્ટરપ્રાઈઝ કાર્ડ્સ (એમઈ-કાર્ડ્સ)ના વિતરણનું લક્ષ્ય બમણું કરવા કહ્યું છે, જેથી યોગ્ય માઈક્રો એન્ટરપ્રાઈઝને વર્કિંગ કેપિટલ ક્રેડિટની ઝડપી પહોંચ મળી શકે. આ અંગે વિશ્વસનીય સ્રોતોની માહિતી મળી છે.સરકારે શરૂઆતમાં બેંકો માટે આ નાણાકીય વર્ષમાં ૧૦ લાખ એમઈ-કાર્ડ્સ જારી કરવાનું લક્ષ્ય નક્કી કર્યું હતું. માઈક્રો ક્રેડિટ કાર્ડ્સ માટેની મોડલ સ્કીમ પહેલેથી જ અંતિમ રૂપ આપી દેવામાં આવી છે. હાલ બેંકો યોગ્ય લોન લેનારાઓનું મૂલ્યાંકન કરી રહી છે, જેથી આ સુવિધા વિસ્તારી શકાય.આ બજેટમાં જાહેર કરાયેલી આ એમઈ-કાર્ડ સ્કીમ માઈક્રો, સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ) માટે વિશેષ ક્રેડિટ કાર્ડ છે, જે ઉદ્યમ પોર્ટલ પર નોંધાયેલા એમએસએમઈને વર્કિંગ કેપિટલ ક્રેડિટની સરળ પહોંચ આપે છે. દરેક એમઈ-કાર્ડ પર ૫ લાખ રૂપિયાની ક્રેડિટ લિમિટ છે. સરકારના અંદાજ મુજબ, આ સ્કીમથી એમએસએમઈ ક્ષેત્રમાં વધારાના ૨૫,૦૦૦થી ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું ક્રેડિટ વિતરણ થશે.એક વરિષ્ઠ બેંક અધિકારીએ જણાવ્યું કે, સરકારના ઝડપી પ્રક્રિયા કરવાના સૂચનો પછી, બધી બેંકોમાં સામાન્ય વિશેષતાઓ અને યોગ્યતા માપદંડો અપનાવવાનો નિર્ણય લેવાયો છે. ''અમે એમએસએમઈ લોન્સ માટે સામાન્ય અરજી ફોર્મ પર પણ કામ કરી રહ્યા છીએ, જેથી એકરૂપતા આવે,'' અધિકારીએ કહ્યું. તેમણે વધુમાં જણાવ્યું કે, યોગ્ય મૂલ્યાંકન મોડલ્સ સાથે, સરકાર બેંકોને લક્ષ્ય વધારીને ઓછામાં ઓછું ૨૦ મિલિયન ગ્રાહકો સુધી પહોંચવા કહે છે.આ ક્રેડિટ કાર્ડ સુવિધા એન્ટરપ્રાઈઝના રેવન્યુ પર આધારિત સરળ મૂલ્યાંકન મોડલ પર આપવામાં આવશે, જેમાં ડિજિટલ પ્રક્રિયાઓ જેમ કે યુપીઆઈ અને બેંક સ્ટેટમેન્ટ્સ અપલોડ કરવા તેમજ એકાઉન્ટ એગ્રિગેટર (એએ) ફ્રેમવર્કનો ઉપયોગ થશે. મંજૂરીથી લઈને લોન વિતરણ સુધીની આખી પ્રક્રિયા ડિજિટલ રીતે પૂર્ણ થશે, અધિકારીએ જણાવ્યું.સરકારે અગાઉ જણાવ્યું હતું કે, એમઈ કાર્ડ્સથી ઉદ્યમ-નોંધાયેલા એમએસએમઈને વિગતવાર નાણાકીય નિવેદનો કે કોલેટરલ વિના સરળ અને ઝડપી ક્રેડિટ પહોંચ મળશે. ''આથી નાના માઈક્રો એન્ટરપ્રાઈઝને ઝડપી અને સરળ રીતે ભંડોળની પહોંચ મળશે, અને વર્કિંગ કેપિટલ ખર્ચ માટે વિશેષ રીતે, તેમને તેમના ખર્ચને ટ્રેક કરવામાં અને વધુ સારી ક્રેડિટ શિસ્ત જાળવવામાં મદદ મળશે,'' તેમ સરકારે કહ્યું હતું.

# દેશના ૫૩માં સીજેઆઈ તરીકે જસ્ટિસ સૂર્યકાંતને નિયુક્ત કરાયા

## ૨૪ નવેમ્બરના રોજ ઔપચારિક રીતે શપથ લઈ સૂર્યકાંત હરિયાણા રાજ્યમાંથી આવનારા પ્રથમ ટોચના ન્યાયાધીશ બનશે

**અબતક, ન્યુ દિલ્હી**

કાયદા મંત્રાલયે ગુરુવારે સત્તાવાર રીતે જાહેરાત કરી કે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંતને ભારતના ૫૩મા મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ આગામી ૨૪ નવેમ્બરના રોજ ઔપચારિક રીતે શપથ લેશે, અને વર્તમાન મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈનું સ્થાન ગ્રહણ કરશે. આ નિમણૂક સાથે, જસ્ટિસ સૂર્યકાંત હરિયાણા રાજ્યમાંથી આવનારા પ્રથમ ટોચના ન્યાયાધીશ બનશે, જે તેમના રાજ્ય માટે ગૌરવની વાત છે. આ નિમણૂક દેશના ન્યાયતંત્રમાં એક નવા યુગની શરૂઆત દર્શાવે છે.

જસ્ટિસ સૂર્યકાંતનો ઉછેર હરિયાણાના હિસાર જિલ્લાના પેટવાર ગામના એક સામાન્ય પરિવારમાં થયો હતો. તેમની શૈક્ષણિક સફર અત્યંત સાદગીભરી રહી હતી, જ્યાં તેમણે આઠમા ધોરણ સુધી એવી ગામડાની શાળામાં અભ્યાસ કર્યો, જેમાં બેન્ચના બદલે વિદ્યાર્થીઓ ફ્લોર પર બેસતા હતા. કાયદાની ડિગ્રી મેળવ્યા બાદ, તેમણે ૧૯૮૪માં હિસારની જિલ્લા અદાલતમાંથી કારકિર્દી શરૂ કરી અને બાદમાં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરવા ગયા. તેમની કુશળતાને કારણે, માત્ર ૩૮ વર્ષની ઉંમરે, ૭ જુલાઈ, ૨૦૦૦ના રોજ તેમને હરિયાણાના કાનૂની ઈતિહાસમાં રેકોર્ડ બનાવતા સૌથી યુવા એડવોકેટ જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત થયાના ટૂંકા સમયગાળામાં, જસ્ટિસ કાંતને ૯ જાન્યુઆરી, ૨૦૦૪ના રોજ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે બઢતી મળી. ન્યાયિક ફરજો નિભાવવા છતાં, તેમણે ૨૦૧૧ માં કાયદામાં માસ્ટર ડિગ્રી મેળવીને પોતાની શૈક્ષણિક સફર ચાલુ રાખી. ન્યાયાધીશ તરીકેની તેમની સફર ૨૦૧૮ માં હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકેની નિમણૂક અને ત્યારબાદ ૨૪ મે, ૨૦૧૯ ના રોજ સુપ્રીમ કોર્ટમાં બઢતી સાથે ચરમસીમાએ પહોંચી. વળી, તેમણે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (એનએએલએસએ) ના ગવર્નિંગ બોડીમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે, જે ન્યાયની પહોંચ સુધારવાની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# સીબીએસઈ ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે

## સીબીએસઈ ધોરણ ૧૦ની પરીક્ષાઓ ૧૦ માર્ચે અને ધોરણ ૧૨ની પરીક્ષાઓ ૯ એપ્રિલના રોજ પૂર્ણ થશે

**અબતક, અમદાવાદ**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) એ ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાઓની અંતિમ તારીખોની જાહેરાત કરી દીધી છે, જેનાથી લાખો વિદ્યાર્થીઓની પ્રતીક્ષાનો અંત આવ્યો છે. જાહેર કરાયેલા સમયપત્રક મુજબ, આ વર્ષની બોર્ડ પરીક્ષાઓ ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. આ સમયપત્રક બોર્ડ દ્વારા પરીક્ષા શરૂ થવાના લગભગ ૧૧૦ દિવસ અગાઉ જાહેર કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને તેમની તૈયારી માટે પૂરતો અને વધારાનો સમય આપવાનો છે. બોર્ડે ૨૪ સપ્ટેમ્બરના રોજ અગાઉ એક કામચલાઉ સમયપત્રક બહાર પાડ્યું હતું, પરંતુ હવે અંતિમ તારીખ પત્રક ઉપલબ્ધ છે.

પરીક્ષાના સમયપત્રક મુજબ, ધોરણ ૧૦ ની પરીક્ષાઓ ૧૦ માર્ચે પૂર્ણ થશે, જ્યારે ધોરણ ૧૨ ની પરીક્ષાઓ ૯ એપ્રિલના રોજ સમાપ્ત થશે. તમામ પરીક્ષાઓ સવારે ૧૦.૩૦ વાગ્યાથી લેવામાં આવશે. ધોરણ ૧૦ ની પરીક્ષાઓ પહેલા દિવસે ગણિતના મૂળભૂત અને ગણિતના ધોરણ ના પેપરથી શરૂ થશે. બીજી તરફ, ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પહેલા દિવસે બાયોટેકનોલોજી અને ઉદ્યોગ સાહસિકતા (ઈન્ટરપ્રિન્યોરશીપ) ના પેપર નિર્ધારિત કરાયા છે. બોર્ડે આયોજનમાં વિદ્યાર્થી-મૈત્રીપૂર્ણ પગલાં સુનિશ્ચિત કર્યા છે, જેમાં મુખ્ય વિષયો વચ્ચે તૈયારી માટે પૂરતું અંતર રાખવામાં આવ્યું છે.

સીબીએસઈ એ સમયપત્રક તૈયાર કરતી વખતે ખાસ કાળજી લીધી છે કે ધોરણ ૧૨ ની બોર્ડ પરીક્ષાઓની તારીખો મુખ્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ સાથે ટકરાય નહીં. આયોજન એવી રીતે કરવામાં આવ્યું છે કે રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષાઓ શરૂ થાય તે પહેલાં જ બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થઈ જાય. બોર્ડે ખુલાસો કર્યો છે કે આ સમયપત્રક બનાવતી વખતે, લગભગ ૪૦,૦૦૦ શક્ય વિષયોના સંયોજનોનો વિચાર કરવામાં આવ્યો હતો, જેથી કોઈ પણ વિદ્યાર્થીએ એક જ દિવસે બે પરીક્ષા ન આપવી પડે. વહેલું અંતિમ સમયપત્રક પ્રકાશિત કરવાથી વિદ્યાર્થીઓ પરનું દબાણ ઘટે અને તેઓ વધુ અસરકારક રીતે પુનરાવર્તનનું આયોજન કરી શકે તેવો બોર્ડનો હેતુ છે. હવે આ અંતિમ તારીખ પત્રક સાથે, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ આગામી પરીક્ષાઓ માટે તેમની વ્યવસ્થિત તૈયારી શરૂ કરી શકશે.

**વિશ્વ ઉપરથી 'ખાસ ખનિજ'ની સમસ્યાના વાદળો વિખેરાયા**

# ચીને વિશ્વ માટે રેર અર્થનો ભંડાર ખુલ્લો મુક્યો

## દક્ષિણ કોરિયાના બુસાનમાં ચીન અને અમેરિકાના રાષ્ટ્રપતિઓ વચ્ચે થયેલી બેઠક બાદ જિનપિંગનો રાહતલક્ષી નિર્ણય

### વિશ્વમાં ૭૦ ટકા જેટલા રેર અર્થનુ એકલું ચીન ઉત્પાદન કરે છે, ચીને સપ્લાય રોકતા સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનો, વિન્ડ ટર્બાઈન અને સંરક્ષણ ક્ષેત્રે ભારે અસર પહોંચી હતી

**અબતક, નવી દિલ્હી**

ચીને આ વર્ષે એપ્રિલમાં લાદવામાં આવેલા રેર અર્થ નિકાસ પ્રતિબંધોને એક વર્ષ માટે સ્થગિત કરી દીધા છે. આ જાહેરાત દક્ષિણ કોરિયાના બુસાનમાં ચીન અને અમેરિકાના રાષ્ટ્રપતિઓ વચ્ચે થયેલી બેઠક બાદ કરવામાં આવી છે.ચીનના વાણિજ્ય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''નિકાસ નિયંત્રણ પગલાં એક વર્ષ માટે સ્થગિત કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન, સરકાર આ નિયમોનો અભ્યાસ અને સુધારણા કરશે.'' આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ચીનનો રેર અર્થ ઉદ્યોગ કડક સરકારી નિયંત્રણ હેઠળ છે.

ચીને સૌપ્રથમ આ વર્ષે એપ્રિલમાં સાત મુખ્ય રેર અર્થ ખનિજો અને ચુંબકોની નિકાસ પર વિવિધ પ્રતિબંધો લાદ્યા હતા. આ મહિનાની શરૂઆતમાં, ૯ ઓક્ટોબરના રોજ, ચીને પ્રતિબંધોના વિસ્તરણની જાહેરાત કરી હતી, જેમાં ૧૭ રેર અર્થ તત્વોની નિકાસ પર કડક પ્રતિબંધોનો સમાવેશ થાય છે. આ રેર અર્થ સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનો, વિન્ડ ટર્બાઈન અને સંરક્ષણ સાધનોમાં મહત્વપૂર્ણ છે. તેનો ઉપયોગ ઈવી બેટરી, મિસાઈલ સિસ્ટમ, જેટ એન્જિન અને ચુંબકીય ચિપ્સમાં પણ થાય છે.

રેર અર્થના વૈશ્વિક ઉત્પાદનમાં ચીનનો હિસ્સો આશરે ૬૦-૭૦% છે અને તેની પ્રક્રિયા ક્ષમતા ૮૫% થી વધુ છે. પરિણામે, કોઈપણ ચીનની નીતિ સીધી વૈશ્વિક પુરવઠા શૃંખલા પર અસર કરે છે. ૯ ઓક્ટોબરના રોજ, જ્યારે ચીને રેર અર્થ અને સંબંધિત ઉત્પાદનો પર નિકાસ નિયંત્રણોની જાહેરાત કરી, ત્યારે તેની અસર સમગ્ર વિશ્વ પર પડી. આ નિર્ણય અમેરિકા અને તેના સાથી દેશો દ્વારા ચીનને ચિપ ઉત્પાદન સામગ્રી અને અન્ય સંવેદનશીલ ટેકનોલોજીના પુરવઠા પર પ્રતિબંધો લાદ્યા પછી લેવામાં આવ્યો હતો.

નિષ્ણાતોના મતે, ચીનનો આ નિર્ણય મૂળભૂત રીતે અમેરિકાના નિર્ણયનો પ્રતિ-ચાલ હતો, જે અમેરિકા પર દબાણ લાવવા માટે રચાયેલ છે. જો કે, આ પ્રતિબંધોએ જાપાન, દક્ષિણ કોરિયા, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપના ઉદ્યોગોમાં ચિંતા વધારી છે, કારણ કે આ દેશોનું ઈવી અને સેમિકન્ડક્ટર ઉત્પાદન ચીનના દુર્લભ પૃથ્વી પુરવઠા પર ભારે નિર્ભર છે.

ચીન દ્વારા એક વર્ષ માટે આ નિયંત્રણોને સ્થગિત કરવાને આ દિશામાં ઠંડક આપવાની ચાલ તરીકે જોવામાં આવી રહી છે. ચીન યુએસ ટેરિફ અને ચિપ ટેકનોલોજી નીતિઓના આધારે તેની નીતિઓને સમાયોજિત કરી શકે છે. હાલ પૂરતું, આ નિર્ણય વૈશ્વિક ટેક, ગ્રીન એનર્જી અને સંરક્ષણ ઉદ્યોગોને થોડી રાહત આપે છે. જોકે, એ પણ સ્પષ્ટ છે કે ચીન આ ક્ષેત્ર પર પોતાનો વ્યૂહાત્મક નિયંત્રણ જાળવી રાખશે.

### હિંદી -ચીની ભાઈ- ભાઈ: ચીન મોકળા મને ભારતીય કંપનીઓને રેર અર્થ આપશે

ચીને આ મેગ્નેટના નિકાસ પર કડક નિયંત્રણો લાદ્યા પછી પહેલી વાર, ડીઈ ડાયમંડ, હિટાચી અને કોન્ટિનેન્ટલ ઈન્ડિયા સહિત ચાર ભારતીય કંપનીઓને ચાઈનીઝ રેર અર્થ મેગ્નેટ આયાત કરવાની પરવાનગી મળી છે.આ મંજૂરીઓ આ કંપનીઓમાંથી કેટલીક ભારતીય શાખાઓને આપવામાં આવી છે, જે દેશના ઓટોમોટિવ ક્ષેત્રને સાધનો પૂરા પાડે છે, અને નિકાસ નિયંત્રણો અને અન્ય ઘણી શરતોને આધીન છે.

ચીનમાંથી રેર અર્થ મેગ્નેટ અને સંબંધિત સામગ્રી પરના નવા પ્રતિબંધો, જે ૪ એપ્રિલથી અમલમાં આવ્યા હતા, તેનાથી ભારત સહિત વિશ્વભરના ઓટોમેકર્સ પ્રભાવિત થયા છે. અહીં ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદકો ખાસ કરીને પ્રભાવિત થયા છે, જેઓ મહત્વપૂર્ણ ઘટકોની સંભવિત અછતનો સામનો કરી રહ્યા છે, જેના કારણે ઓટો બજારના નવા, ખર્ચ-સંવેદનશીલ ક્ષેત્રમાં ભાવ વધારા અને ઉત્પાદનમાં વિલંબની ચિંતા વધી રહી છે.ભારતીય કાર ઉદ્યોગે ચીનમાંથી રેર અર્થ મેગ્નેટ મેળવવાની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા માટે સરકાર સાથે ચર્ચા શરૂ કરી હતી. જોકે ચીની સરકારે ઈલેક્ટ્રિક વાહન ઉત્પાદનમાં મુખ્ય તત્વ, દુર્લભ પૃથ્વી ચુંબકના નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો ન હતો, તેમ છતાં આ પ્રક્રિયા અત્યંત બોજારૂપ બની ગઈ હતી, જેના કારણે લાંબા સમય સુધી ઉત્પાદન

# ટાઉનહોલ અપગ્રેડથી લઈને પબ્લિક ટોઈલેટ સુધી સ્વચ્છતા મિશનને નવો વેગ



## વિકાસની ગાડી પૂર ઝડપે : સ્ટેન્ડિંગ કમિટીમાં રૂ ૧૭.૯૮ કરોડના કામોને લીલીઝંડી

જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન નિલેશ કગથરાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં કુલ રૂ. ૧૭.૯૮ કરોડના વિવિધ વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી. આ મંજૂરીઓથી જામનગરના માળખાકીય વિકાસને વધુ ગતિ મળશે.

આ બેઠકમાં સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ માટે કન્સલ્ટન્સી સર્વિસની દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી, જ્યારે અન્ય અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટોને લીલી ઝંડી આપવામાં આવી હતી.

બેઠકમાં એમ.પી. શાહ મ્યુનિસિપલ ટાઉનહોલના ઈલેક્ટ્રિકલ ઉપકરણોના ત્રણ વર્ષ માટે ઓપરેશન અને મેઈન્ટેનન્સ માટે રૂ. ૫૦.૫૫ લાખ અને ટાઉનહોલ માટે નવા ડી.જી. સેટની સ્થાપના માટે રૂ. ૪૬.૫૩ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી.

સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ની માર્ગદર્શિકા મુજબ શહેરમાં જૂના પે એન્ડ યુઝ ટોઈલેટ તોડીને નવા પે એન્ડ યુઝ ટોઈલેટ, રીપેરીંગ તથા એસ્પીરેશનલ પબ્લિક ટોઈલેટ અને યુરીનલ બનાવવા માટે રૂ. ૪.૭૪ કરોડના ખર્ચને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩, ૧૪)માં રોડ સ્ટ્રેન્ધનીંગ અને અપગ્રેડેશન વર્ક માટે રૂ. ૭.૫૦ લાખ તથા સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩, ૪)માં રૂ. ૭.૫૦ લાખના કામોને મંજૂરી આપવામાં આવી.

સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧ અને ૬)માં ખાનગી સોસાયટીઓ તથા ગુજરાત હાઉસિંગ બોર્ડની વસાહતોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધા વિકાસ યોજના અંતર્ગત સી.સી. રોડ અને પેવર બ્લોકના કામ માટે કુલ રૂ. ૫ કરોડની મંજૂરી આપવામાં આવી.

વોર્ડ નં. ૫માં વાલ્કેશ્વરીનગરી સનસાઈન સ્કૂલથી વાલ્કેશ્વર મહાદેવ મંદિર સુધી સી.સી. રોડ માટે રૂ. ૩૦.૨૦ લાખ તથા વોર્ડ નં. ૭માં સમર્પણ હોસ્પિટલથી મયુર વિલા સુધી સી.સી. રોડ માટે રૂ. ૩૯.૦૪ લાખના ખર્ચને મંજૂરી મળી હતી.

વોર્ડ નં. ૬ના બાલાજી પાર્ક સોસાયટીથી ડિફેન્સ કોલોની મેઈન રોડ સુધી તેમજ તિરૂપતિ સોસાયટી વિસ્તારના સી.સી. રોડ કામો માટે રૂ. ૭૮.૦૧ લાખ મંજૂર થયા હતા.

શહેરના નોર્થ, સાઉથ, ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોનમાં જુદી જુદી કંપનીઓ દ્વારા કરવામાં આવેલા કેબલ લેઈંગ, ગેસ પાઈપલાઈન તથા વોટર વર્કસ શાખાના ટ્રેન્ચ આસ્ફાલ્ટ સ્ટ્રેન્ધનીંગ (ચરેડા) કામો માટે રૂ. ૧.૧૬ કરોડના ખર્ચને મંજુરી મળી હતી.તે ઉપરાંત મહાનગર સેવા સદનની માલમિલકતોના રક્ષણ માટે વર્ષ ૨૦૨૪-૨૫ તથા ૨૦૨૫-૨૬ દરમિયાન રૂ. ૨.૬૩ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી.

### નાગરિકોને રસ્તા, સ્વચ્છતા અને આધુનિક માળખું પૂરુ પાડવું એ અમારું મુખ્ય ધ્યેય: સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ જણાવ્યું કે,જામનગરના સર્વાંગી વિકાસ માટે સતત નવી યોજનાઓ અમલમાં લાવવામાં આવી રહી છે. નાગરિકોને સુવિધાસભર રસ્તા, સ્વચ્છતા અને આધુનિક માળખું પૂરુ પાડવું એ અમારું મુખ્ય ધ્યેય છે.

શહેરના દરેક ઝોનમાં લોકોની જરૂરિયાતોને ધ્યાને રાખી ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા, પાણી પુરવઠો, ડ્રેનેજ તથા જાહેર સુવિધાઓમાં ગુણવત્તા જળવાઈ રહે તે માટે પારદર્શક વ્યવસ્થાથી કામો હાથ ધરવામાં આવી રહ્યા છે.

આગામી દિવસોમાં નાગરિક સુવિધાઓ વધુ સુવ્યવસ્થિત બને તે માટે ડિજિટલ અને ટેકનોલોજીકલ ઉપાયો પણ અમલમાં લાવવામાં આવશે. જામનગરના વિકાસ માટે મહાનગરપાલિકા ટીમ એક સંકલિત દ્રષ્ટિકોણ સાથે કાર્યરત છે, જેથી શહેરને આધુનિક અને ગ્રીન સ્માર્ટ સિટીના રૂપમાં વિકસાવી શકાય.

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે દેશભક્તિનો જુવાળ

# રન ફોર યુનિટીમાં હજારો નાગરિકોની ઉત્સાહભરી ભાગીદારી

જામનગર જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત આયોજિત ‘‘રન ફોર યુનિટી-૨૦૨૫‘‘ કાર્યક્રમમાં રાજયમંત્રી રિવાબા જાડેજા સહિતના જોડાયા

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે દેશભરમા દર વર્ષે ૩૧ ઓક્ટોબરને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

આજે સરદાર સાહેબીની જન્મજયંતિના ભાગરૂપે




## રાજ્યમંત્રી રિવાબા જાડેજા, મેયર વિનોદભાઈ અને સ્ટેન્ડિંગ ચેરમેન નિલેશ કગથરાની હાજરીમાં એકતા, સ્વચ્છતા અને સમર્પણનો સંદેશ પ્રસરી ગયો

જામનગર જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ‘‘રન ફોર યુનિટી-૨૦૨૫‘‘ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જામનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરાઈ હતી. જે નિમિત્તે રન ફોર યુનિટી નું આયોજન કરવામાં આવ્યું હતું.આ દોડ રણમલ તળાવ ગેટ નં.૧ના પાર્કિંગથી શરૂ થઈ, શ્યામજી કૃષ્ણવર્મા સ્ટેચ્યુ અને મયુર મેડિકલ થઈને રણજીતનગર પટેલ સમાજ ખાતે પૂર્ણ થઈ હતી. આ દોડ પૂર્ણ થયા બાદ ‘‘સ્વચ્છતા હી સેવા‘‘ કાર્યક્રમની પૂર્ણાહુતિના ભાગરૂપે સામૂહિક સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

રન ફોર યુનિટીમાં રાજ્યમંત્રી રિવાબા જાડેજા, મેયર વિનોદભાઈ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મ્યુનિ કમિશનર ડી.એન. મોદી, સ્ટેન્ડિંગ ચેરમેન નિલેશ કાગથરા, એસપી, ડીવાયએસપી સહિતના અધિકારીઓ પદાધિકારીઓ જોડાયા હતા.

### કલેક્ટર અને અધિકારીઓએ એકતાના લીધા શપથ

સમગ્ર દેશમાં તા.૩૧ ઓક્ટોબરના રોજ લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી પ્રતિવર્ષ ’રાષ્ટ્રીય એકતા દિન’ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણી અંતર્ગત સૌ દેશવાસીઓ એકતાના શપથ ગ્રહણ કરે છે. જેના ભાગરૂપે જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ કલેક્ટર કચેરીના સભાખંડમાં શપથગ્રહણ કર્યા હતા.

# પલળેલી મગફળીના પાથરા સાથે કોંગ્રેસ અને ખેડૂતોનું આવેદનપત્ર: રાહત પેકેજની માંગ



જામનગર પંથકમાં કમોસમી વરસાદને લઈને મગફળીમાં મોટું નુકશાન થયું છે. સાથે જ કપાસ પણ પલળી ગયો છે. ત્યારે સડેલી મગફળીના પાથરા અને ખપારી સહિતના ઓજારો સાથે ટ્રેકટર લઈ કોંગ્રેસના નેજા હેઠળ ખેડૂતો રેલી સ્વરૂપે જામનગરમાં ખેતીવાડી અધિકારી પાસે પહોંચ્યા હતા. જ્યાં ખેડૂતોને રાહત પેકેજ આપવાની કોંગ્રેસ દ્વારા સરકાર સમક્ષ માંગ કરાઈ હતી.

જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિત હાલાર પંથકમાં કમોસમી વરસાદને લઈ ખેડૂતોના મોટાભાગના પાકને નુકસાન થયું છે. તેમાં પણ કપાસ અને મગફળીના પાકનું કચ્ચરઘાણ નીકળી ગ્યું હોવાથી ખેડૂતોને માથે ઓઢી રોવાના વારો આવ્યો છે. ત્યારે આજે જામનગરમાં કોંગ્રેસ દ્વારા ખેડૂતોને વળતર ચૂકવવાની માંગ સાથે રેલી યોજાઈ હતી. આ વેળાએ તાત્કાલિક સર્વે કરી વળતર ચૂકવવાની માંગ કરાઈ હતી. વધુમાં કોંગ્રેસ અગ્રણીઓની હાજરીમાં વિરોધ પ્રદર્શન કરાયું હતું.

# જોડિયા તાલુકાની શાળાઓના મધ્યાહ્ન ભોજન કેન્દ્રોમાં વિવિધ જગ્યાઓ માટે અરજીઓ મંગાવાઈ

## પાત્રતા ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ તા.૨૦ નવેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે

જામનગર જીલ્લાના જોડીયા તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ચાલતા મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક કમ કુક, કુક કમ હેલ્પર ની અલગ અલગ જગ્યાઓ પર નિમણુક કરવાની છે. જેમાં બારાડી પ્રાથમિક શાળા, શાંતિનગર પ્રાથમિક શાળા, નવા માવનું ગામ તથા માધાપર પ્રાથમિક શાળામાં સંચાલક કમ કુક, કુક કમ હેલ્પરની ૧-૧ જગ્યાઓ, બોડકા પ્રાથમિક શાળામાં સંચાલક કમ કુકની ૧ જગ્યા, જીરાગઢ પ્રાથમિક શાળા, જશાપર પ્રાથમિક શાળા અને બીણાધર પ્રાથમિક શાળામાં કુક કમ હેલ્પરની ૧ જગ્યા માટે ઉમેદવારોની નિમણુક કરવામાં આવનાર છે.

જેથી ધો.૧૦ પાસ તેમજ ૨૦ વર્ષથી ૫૫ વર્ષ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ બક્ષીપંચના ઉમેદવારો માટે ૫૮ વર્ષની વય ધરાવતા સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. સરકારના નિયત થયેલ ધોરણ મુજબ માસિક માનદવેતન ચુકવવામાં આવશે. જેથી ઈચ્છુક ઉમેદવારોએ પી.એમ.પોષણ યોજના શાખા, મામલતદાર કચેરી, જોડીયા ખાતેથી વિગતો મેળવી નિયત અરજી ફોર્મ તા.૨૦-૧૧-૨૦૨૫ સુધીમાં રજા સિવાયના દિવસોએ સવારે ૧૧:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન સમયમર્યાદામાં પહોંચાડવાના રહેશે. નિયત અરજી ફોર્મની સાથે પરીક્ષા પાસ કર્યાનું સર્ટીફિકેટ, રેશનકાર્ડ, આધારકાર્ડ, શારિરીક તંદુરસ્તી માટે તબીબી પ્રમાણપત્ર તથા જન્મ તારીખનો આધાર (લિવીંગ સર્ટી.) તથા બેંક ખાતા નંબર વગેરેના જરૂરી આધારોની પ્રમાણિત નકલો સાથે સંપુર્ણ નામ, સરનામા સાથે ફોર્મ ભરીને તે જ તારીખના સમયગાળા દરમ્યાન પહોંચાડવાના રહેશે. નિયત તારીખ અને સમયમર્યાદા બાદની અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહી. તેમ મામલતદાર જોડિયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ચેક રિટર્ન કેસમાં અશોકલાલને ૮૩ લાખ પરત મળશે: રાજકુમાર સંતોષીને શરતી જામીન મળ્યા

## ૧૦ લાખ રૂપિયાના ૧૧ ચેક બાઉન્સ થવાના મામલામાં રાજકુમાર સંતોષીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ દોષિત ઠેરવી બે વર્ષની કેદ તથા રૂ. ૨.૨૦ કરોડનો દંડ ફટકાર્યો હતો

**અબતક રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટે ગુરુવારે બોલીવુડના જાણીતા દિગ્દર્શક રાજકુમાર સંતોષીને મોટી રાહત આપી છે. જામનગરની કોર્ટ દ્વારા આપવામાં આવેલી બે વર્ષની સજાને હાઈકોર્ટે સ્થગિત કરી અને તેમને જામીન મંજૂર કર્યા.

ન્યાયમૂર્તિ એચ.ડી. સુથારે સંતોષીને રૂ ૧૦,૦૦૦ ના બોન્ડ પર જામીન મંજૂર કર્યા અને કોર્ટ રજિસ્ટ્રીમાં રૂ૮૩ લાખ જમા કરાવવાના તેમના વચનને ધ્યાને લઈને સજાને સ્થગિત રાખી.

ગયા વર્ષે જામનગરની મેજિસ્ટ્રેટ કોર્ટએ ૧૦ લાખ રૂપિયાના ૧૧ ચેક બાઉન્સ થવાના મામલામાં રાજકુમાર સંતોષીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ દોષિત ઠેરવી બે વર્ષની કેદ તથા રૂ. ૨.૨૦ કરોડનો દંડ ફટકાર્યો હતો.સંતોષીએ આ ચુકાદાને સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો, પરંતુ ૧૫ ઓક્ટોબરે અપીલ ફગાવાતા તેમને ૨૭ ઓક્ટોબર સુધી આત્મસમર્પણ કરવાનો આદેશ અપાયો હતો. ત્યારબાદ તેમણે ગુજરાત હાઈકોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરી હતી.

સુનાવણી દરમિયાન, સંતોષીના વકીલે દલીલ કરી કે ફરિયાદ પાવર ઓફ એટર્ની ધારક દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેને વ્યવહારો અંગે કોઈ વ્યક્તિગત જાણકારી નહોતી, તેથી ફરિયાદ કાયદેસર રીતે માન્ય નથી.

હાઈકોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું કે ફરિયાદના અભ્યાસ પરથી લાગે છે કે વ્યવહારમાં કોઈ કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવું દેવું અસ્તિત્વમાં નથી. તેથી અરજદાર પાસે દલીલપાત્ર કેસ છે.

# સસ્તા અનાજના દુકાનદારોની પડતર માંગણીઓ નહિ સ્વીકારાય તો આંદોલનની ચિમકી

જામનગર જિલ્લા પ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું અને સસ્તા અનાજના વેપારીઓની વ્યાજબી માંગણીઓ અંગે સરકાર સ્વીકારે તેવી માંગ કરી હતી. જો સરકાર દ્વારા ન્યાય પ્રશ્નો નહિ ઉકેલાતો જામનગરના સસ્તા અનાજના દુકાનદારો આંદોલન કરશે તેવી ચિમકી આપી હતી.

સમસ્ત અનાજના દુકાનદારોની પડતર માગણીઓ સરકાર દ્વારા સ્વીકારવામાં નહીં આવતા આંદોલનના મંડાણ કરવામાં આવનાર છે. આ માટે સરકારને અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન દ્વારા રાજ્યના પુરવઠા મંત્રીને આવેદન પત્ર પાઠવ્યું છે, જેમાં રજૂઆત કરતા જણાવાયું છે કે, બાયોમેટ્રિક લેવાના પરિપત્ર રદ્દ કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી.

# જામજોધપુર: કમોસમી વરસાદથી થયેલી નુકશાનીનું વળતર આપવા માંગ

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**



જામજોધપુર તાલુકામાં પડેલ કમોસમી વરસાદથી ખેડુતોના ખરીફ પાકો જેવા કે કપાસ, મગફળી, સોયાબીન, કઠોળમાં મોટા પાયે નુકશાન થયેલ છે. જેનું કેન્દ્ર સરકારના એસડીઆરએફ નિયમો મુજબ તથા રાજ્ય સરકાર દ્વારા સ્પેશિયલ પેકેજ જાહેર કરી ૧૦૦ ટકા નુકશાની ગણી સહાય તેમજ જરુર જણાયે સેટેલાઈટથી સર્વે કરી આંક મેળવવી સહાય ચુકવવા ભુતકાળમાં સર્વેની કામગીરી યોગ્ય સમયે ન થતાં ઘણા ખેડુતો સહાયથી વંચિત રહી ગયેલ તેવું ફરી ન બને તે માટે તાત્કાલીક સર્વે કરી ખેડુતોને સહાય આપવા જામ જોધપુર તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ કિશોરસિંહ જાડેજાએ મુખ્યમંત્રીને પત્ર લખી માંગ કરી છે.

ગોપાષ્ટમી પર્વએ

# જગતમંદિરમાં શ્રીજીને ગોપાલક સ્વરૂપના વિશિષ્ટ શૃંગાર

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

શ્રીકૃષ્ણની કર્મભૂમિ અને ભારતનું પ્રમુખ યાત્રાધામ દ્વારકામાં આજરોજ કારતક સુદ અષ્ટમીના શુભદિને જગત મંદિરમાં ગોપાષ્ટમી પર્વની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

પૌરાણિક માન્યતા અનુસાર બાલકૃષ્ણે માતા યશોદા પાસે તેમના અન્ય મિત્ર ગોપાલકોની જેમ ગાયો ચરાવવા જવા માટે અનુમતિ માગતાં માતા યશોદાએ આચાર્ય ગર્ગાચાર્યે આપેલ અષ્ટમીના મુહૂર્ત અનુસાર




આજના શુભ દિવસે સૌ પ્રથમવાર ભગવાન શ્રીકૃષ્ણને ગોવાળીયાના વસ્ત્રો પરિધાન કરાવી જંગલમાં ગાયો ચરાવવાની અનુમતિ આપેલ. લોકવાયકા મુજબ ગાય માતા એ ભગવાન શ્રીકૃષ્ણને અતિ પ્રિય હોય અને તેઓ પણ તેમની પૂજા કરતાં હોય આરાધ્યની પણ આરાધ્યા અને ભગવાન શ્રીકૃષ્ણને અતિપ્રિય એવી ગોમાતાને પણ આજના દિને વિશેષ પૂજન અર્ચન કરવામાં આવે છે. જગતમંદિરમાં શ્રીજીને બપોરે રાજભોગ સાથે વિશેષ અદકી ભોગ અર્પણ કરાયો હતો. આજના દિવસે વારાદાર પુજારી પરિવાર દ્વારા ઠાકોરજીને ગોવાળીયાના ભાવનો શૃંગાર કરાવેલ જેમાં શ્રીમસ્તક ઉપર ગોવાળની પાઘડી, ખંભે કાંબડીનો ખેસ અને સુવર્ણની છડી ધારણ કરાવી ગોપાલકૃષ્ણનો વિશેષ શૃંગાર કરવામાં આવેલ.

# સ્વાગત કાર્યક્રમમાં ૧૨ પૈકી ૯ પ્રશ્નોના હકારાત્મક નિકાલ

## જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવેલ ૧૨ અરજીઓ પૈકી ૯ પ્રશ્નોનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યા તથા પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.

જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેક્ટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી. સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું




અરસ પરસ સંકલન કરી અરજદારનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે માટે જિલ્લા કલેકટરશ્રીએ સૂચનો કર્યા હતા. આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે ઉંડ જળ સંચન વિભાગને લગત પ્રશ્ન, જમીનની માલિકીને લગત રજૂઆત, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાને લગત પ્રશ્ન, જામજોધપુરમાં ઈલેક્ટ્રિક પોલ ઉપર મંજુરી વગર વાયર ફીટ કરવા બાબતનો પ્રશ્ન, બેંકને લગત પ્રશ્ન, પીવાના પાણી બાબતનો પ્રશ્ન, પીજીવીસીએલ, જમીન સમતલ કરી આપવા બાબતનો પ્રશ્ન, પેઢીનામું રદ કરવા બાબતે, રસ્તા પરના દબાણો દુર કરવા અંગે, પ્રોપર્ટી કાર્ડને લગત પ્રશ્નોને કલેક્ટરએ સાંભળ્યા હતા તેમજ ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી માનવીય અભિગમ દાખવી ત્વરિત આ પ્રશ્નોનો નિકાલ લાવવા તાકીદ કરી હતી.અરજદારોએ પણ કલેક્ટર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કરી પોતાના પ્રશ્નનું સુખદ સમાધાન થતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

राष्ट्रीय एकता दिवस
31 अक्टूबर 2025

ગુજરાત સરકાર | Ministry of Home Affairs Government of India | STATUE OF UNITY एक भारत, श्रेष्ठ भारत

**150મી** જન્મ જયંતિ નિમિત્તે
લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને શત્ શત્ નમન

# રાષ્ટ્રીય એકતા દિવસ ૨૦૨૫



## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સરદાર પટેલને પુષ્પાંજલિ તેમજ રાષ્ટ્રજોગ સંબોધન

### વિવિધ કાર્યક્રમો:

- એકતા પરેડ
- બ્રાસ બેન્ડની પ્રસ્તુતિ
- હોર્સ, ડોગ અને કેમલ દળનું નિદર્શન
- મહિલાઓ દ્વારા માર્શલ આર્ટનું નિદર્શન
- સીમા સુરક્ષાદળ દ્વારા ડોગ શો
- ડેર ડેવિલ રાઈડર્સ શો
- સ્કૂલ બેન્ડની પ્રસ્તુતિ
- ભારતીય વાયુ સેના દ્વારા એર શો
- સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પર આધારિત નાટક 'લોહ-પુરુષ' ની પ્રસ્તુતિ
- એકતા પ્રકાશ પર્વનો ઉત્સવ
- ભારત પર્વના અવસર પર 1 થી 15 નવેમ્બર સુધી રાજ્યોની પ્રદર્શની

**" સરદાર પટેલે આપણને 'એક ભારત' આપ્યું,
જેને 'શ્રેષ્ઠ ભારત' બનાવવાની જવાબદારી આપણી છે "
– વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી**

**તારીખ: 31 ઑક્ટોબર 2025 શુક્રવાર | સમય: સવારે 07:00 વાગ્યાથી**
**સ્થળ: પરેડ ગ્રાઉન્ડ, સ્ટેચ્યૂ ઑફ યુનિટી, એકતાનગર, ગુજરાત.**

કાર્યક્રમનું જીવંત પ્રસારણ ડીડી ન્યૂઝ ચેનલ પર DD NEWS





# આટકોટ પાસે કારમાં રૂ.૧.૫૧ લાખના દારૂના સાથે જૂનાગઢની બેલડી ઝડપાઈ

## એલસીબી દરોડો પાડી કારના ચોરખાનામા છુપાવેલો ૫૫૦ બોટલ શરાબ મળી રૂ.૪.૭૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો, બુટલેગર વિકી સિંધીની શોધખોળ

**અબતક, રાજકોટ**

આટકોટના બાબરા રોડ પર મહિલા કોલેજ પાસેથી એલસીબીની ટીમે દારૂ ભરેલી કાર સાથે જૂનાગઢના નામચીન બુટલેગર સહિત બે શખસોને ઝડપી લીધા હતાં. પોલીસે કારમાં તપાસ કરતા તેમાં દારૂ છૂકાવવા માટે ખાસ ચોરખાનું બનાવ્યું હોવાનું માલુમ પડ્યું હતું. જેમાંથી પોલીસે રૂ. ૧.૫૧ લાખની કિંમતનો ૫૫૦ બોટલ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. દારૂનો આ જથ્થો કાર સહિત કુલ રૂપિયા ૪.૭૧ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. ઝડપાયેલા આ બંને શખસોની પૂછતાછ કરતા મધ્યપ્રદેશથી દારૂ ભરી જુનાગઢ જતા હોવાનું જણાવ્યું હતું. દારૂની હેરફેરમાં જુનાગઢના વધુ એક શખસનું નામ પણ ખુલ્યું હતું જેથી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા અપાયેલી સૂચનાના પગલે દારૂ જુગારના કેસ શોધી કાઢવા રાજકોટ એલસીબી પી.આઇ વી.વી. ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઇ એચ.સી.ગોહિલ તથા આર.વી. ભીમાણી તેમજ તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, હરેશભાઈ પરમાર, ધર્મેશભાઈ બાવળીયા અને કોન્સ્ટેબલ મીરલભાઈ ચંદ્રવાડીયાને મળેલી બાતમીના આધારે આટકોટના બાબરા રોડ મહિલા કોલેજ પાસેથી શંકાસ્પદ કાર ઝડપી લીધી હતી. પોલીસે આ કારની તપાસ કરતા પ્રથમ દ્રષ્ટિએ તેમાં કંઈ શંકાસ્પદ જણાવ્યું ન હતું પરંતુ પોલીસ પાસે બાતમી ઠોસ હોય સઘન તપાસ કરતા કારમાં ખાસ ચોરખાનું બનાવ્યું હોય જેમાંથી ૧,૫૧,૨૫૦ ની કિંમતનો ૫૫૦ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દારૂના આ જથ્થા સાથે જુનાગઢમાં સુખનાથ ચોક કિશોરીવાડા શેરી નંબર ૫ નરસિંહ મહેતાના ચોરા પાસે રહેતા જહાંગીર અમિનભાઈ શેખ અને જૂનાગઢમાં ઉપરકોટ પાસે તપસ્વી શેરીમાં રહેતા આનંદ છગનભાઈ સરવૈયાને ઝડપી લીધા હતા. દારૂનો આ જથ્થો બે મોબાઈલ ફોન અને કાર સહિત કુલ રૂપિયા ૪.૭૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આ બંને શખસોની પૂછતાછ કરતા તે મધ્યપ્રદેશથી કારમાં દારૂ ભરી જુનાગઢ જતા હોવાનું જણાવ્યું હતું.




દારૂ પ્રકરણમાં અન્ય એક જૂનાગઢમાં રહેતા વિકી સિંધીનું નામ ખુલ્યું હતું. દારૂ સાથે ઝડપાયેલ જહાંગીર શેખ જૂનાગઢના સી ડિવિઝન અને એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં નાસતો ફરતો હોવાનું માલુમ પડ્યું છે.દારૂના આ દરોડાની કામગીરીમાં એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી.ગોહિલ, આર.વી. ભીમાણી તથા એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડકોદિયા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, હરેશભાઈ પરમાર, પ્રણવભાઈ સાવરીયા, ધર્મેશભાઈ બાબરીયા અને કોન્સ્ટેબલ મીરલભાઈ ચંદ્રવાડીયા તથા અબ્દુલભાઈ શેખ સાથે રહ્યા હતા.

# ગોંડલ: ગાંજાના જથ્થા સાથે સદામ મેમણ ઝડપાયો

## એસઓજીએ દરોડો પાડી રૂ.૫૫,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો: જેતપુર-નવાગઢના શખ્સ પાસેથી લાવ્યાની કબૂલાત

**અબતક, રાજકોટ**



ગોંડલ શહેરમાં ગાંજાના જથ્થા સાથે સદામ મેમણ નામના વેપારીની એસઓજીની ધરપકડ કરી ૧ કિલો અને ૯ ગ્રામ ગાંજા અને મોબાઇલ મળી રૂ.૫૫,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેતપુર - નવાગઢના શખ્સ પાસેથી લાવ્યાની કબૂલાત આપતા તેની શોધખોળ હાથધરી છે. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં નશીલા પદાર્થના વાવેતર અને વેંચાણને કડક હાથે ડામી દેવા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાને પગલે એસઓજીના પીઆઈ એફ.એ.પારગી સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યું હતું ત્યારે ગોંડલ શહેરના ગુંદાળા શેરી નાનીબજારમાં રહેતો સદામ ઉર્ફે કચ્ચુ અસરફ તૈલી નામનો વેપારી ગાંજાનું વેંચાણ કરતો હોવાની એએસઆઈ વિપુલભાઈ ગુજરાતી અને હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ તેમજ હિંમતસિંહ પાલને મળેલી બાતમીના આધારે પીએસઆઈ કે.એમ.ચાવડા, પી.બી.મિશ્રા, એએસઆઇ પરબતભાઈ સામળા, વિરાજભાઈ ધાધલ અને હેડ કોન્સ્ટેબલ શિવરાજભાઈ ખાચર સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન સદામ ઉર્ફે કચ્ચુ મેમણના કબ્જામાંથી ૧ કિલો અને ૯ ગ્રામ ગાંજો મળી આવતા તેની ધરપકડ કરી ગાંજો અને મોબાઇલ મળી રૂ.૫૫,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ઝડપાયેલ શખ્સની પ્રાથમિક પૂછપરછમાં આ ગાંજોનો જથ્થો જેતપુર - નવાગઢ પંથકના શખ્સ પાસેથી લાવ્યાની કબૂલાત આપતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ઝડપાયેલ શખ્સ ભક્તિનગર પોલીસમથકના ચોપડે એનડીપીએસના ગુનામાં ચડી ચુક્યો છે.

# સુરેન્દ્રનગર: પેરોલ જમ્પ કરનાર કેદી ઝડપાયો

## છેલ્લા ૧૦ વર્ષથી પોતાનું નામ બદલીને ભુજ જીલ્લાના ધાણેટી ગામમાં રહેતો હતો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લા પેરોલ ફર્લો ટીમ દ્વારા અલગ અલગ ગુન્હામાં નાસતા ફરતા તેમજ પેરોલ જંપ આરોપીઓને ઝડપી પાડવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું જે અંતર્ગત પેરોલ ફર્લો ટીમે પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. જેમાં બાતમીના આધારે તેમજ ટેક્નિકલ સોર્સની મદદથી હળવદ પોલીસ મથકના પોક્સોના ગુન્હામાં સજા ભોગવતા અને પેરોલ જંપ આરોપીને ભુજ તાલુકામાંથી ઝડપી લીધો હતો.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ધ્રાંગધ્રાના કુડા ગામના ચકાભાઈ ગગજીભાઈ કોળી વિરુધ હળવદ પોલીસ મથકે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો. જે ગુન્હાનો કેસ ધ્રાંગધ્રા કોર્ટમાં ચાલી જતા આરોપીને ૧૨ વર્ષની સજા થતા રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો હતો અને આરોપી કેદી તરીકે સજા ભોગવી રહ્યો હતો અને અગાઉ પેરોલ લીધા બાદ રાજકોટ જેલમાં હાજર નહી થઈ છેલ્લા ૧૦ વર્ષથી પેરોલ જંપ કરી પોતાની ઓળખ બદલી નાસતો ફરતો હતો જેમાં આરોપી હાલ ભુજના ધાણેટી ગામે રહેતો હોવાની બાતમીના આધારે સુરેન્દ્રનગર પેરોલ ફર્લો ટીમ દ્વારા આરોપી ચકાભાઈ ગગજીભાઈ કોળીને તેના સંભવિત આશ્રય સ્થાન ખાતે થી રેઈડ કરી ઝડપી લીધો હતો. આ કામગીરીમાં પેરોલ ફર્લો પી.આઈ., પીએસઆઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# મેટોડામાં પિસ્તોલ અને ૧૫ જીવતા કારતુસ સાથે શ્રમિક ઝડપાયો

## સ્થાનિક પોલીસે કારખાનાની ઓરડીમાં દરોડો પાડી હથિયાર, દારૂ અને રોકડા સાડા સાત લાખ રૂપિયા કબજે કર્યા

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ત્રણ માં આવેલ પારેખ સ્ટીલ સામે વી કે મેટલ નામના બંધ કારખાનાની ઓરડી માં સ્થાનિક પોલીસે દરોડો પાડી પરપ્રાંતિય શ્રમિકને પિસ્તોલ, વિદેશી દારૂનો જથ્થો અને રોકડા સાડા સાત લાખ સાથે ઝડપી લઇ ધોરણની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દારૂબંધીનો કડક અમલ કરવા તેમજ બિનકાયદેસર હથિયારો શોધી કાઢવા જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે આપેલી સૂચનાને પગલે મેટોડા જીઆઈડીસી પોલીસ મથકના ઈન્ચાર્જ એસ એન પરમાર ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એમબી ઝાલા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે મૂળ છોટાઉદેપુર જિલ્લાનો વતની અને હાલ લોધિકા તાલુકાના મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ત્રણ પારેખ સ્ટીલ સામે આવેલ વીકે મેટલ નામના બંધ કારખાના ની ઓરડીમાં રહેતો રાકેશ ચીમન તડવી નામનો શખ્સ વિદેશી દારૂ વેચાણ કરતો હોવાની પોલીસ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ગોહિલને મળેલી વાત વિના આધારે એએસઆઈ મયુરસિંહ હેડ કોન્સ્ટેબલ યોગીરાજસિંહ ઉપેન્દ્રસિંહ અને કોન્સ્ટેબલ રવુભાઈ અને શક્તિસિંહ સહિતના સ્ટાફે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન ઓરડીમાંથી ૧૬ દારૂના ચપલા, પિસ્તોલ જીવતા કાર્તિક અને રૂપિયા ૭:૩૦ લાખ રૂપિયા રોકડા સાથે રાકેશ ચીમન તડવીની ધરપકડ કરી હતી. ઝડપાયેલા શખ્સ ની પ્રાથમિક પૂછપરછમાં કોરોના પહેલા



એમપીથી હથિયાર લાવ્યા ની કબુલાત આપી હતી રોકડ રકમ શેઠે પગાર તરીકે આપ્યા નું રક્ષણ કર્યું હતું. તેમજ હથિયાર શુ કામ રાખતો હતો અને દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો તેના મૂળ સુધી પહોંચવા બે દિવસના રિમાન્ડ મેળવી તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે.

# લજાઈ પોલિપેક કારખાનામાં યુવકની ઘાતકી હત્યા

## આઠ દિવસ પહેલા ઉત્તર પ્રદેશથી આવેલા શખ્સે માર મારતા સારવાર દમ તોડયો: મૃતક યુવાન માતાપિતાનો એકના એક સંતાન ગુમાવતા પરિવારમાં આક્રંદ

**અબતક, રાજકોટ**

મોરબી જિલ્લામાં દિવસે અને દિવસે હત્યાના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે લજાઈ ગામ પાસે દેવ પોલીપેપમાં કામ કરતાં યુવાનને અન્ય યુવાન દ્વારા માથાકૂટ થતા સામેના યુવાને દોરા નો સુયો હૂંક મારી દેતા ઈજાગ્રસ્ત યુવાનને પ્રથમ મોરબી સિવિલ હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેનું સારવાર દરમિયાન મોત નીપજતા ટંકારા પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ ખાતે ખસેડવામાં આવ્યો આ અંગે મળતી માહિતી મુજબ મોરબી જિલ્લાના લજાઈ ગામે દેવ પોલીપેક માં કામ કરતો પીન્ટુ વર્મા ઉંમર ૨૫ વર્ષીય યુવાન ગઈકાલે સાંજે દેવ પોલીપેક માં હતો ત્યારે ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય જેથી અન્ય કામદારો દ્વારા સારવાર આવશે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તબીબે



પીન્ટુને મૃત જાહેર કરતા ટંકારા પોલીસને ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ દેવ પોલીપેકમાં મૃતક યુવાન પિન્ટુ આશરે ૮ માસથી કામ કરતો હોય અને મૂળ યુપી નો વતની હોય તેની આશરે આઠ દિવસથી કામે લાગેલ સાથે કામ કરતો મૂળ યુપી નો અંગદ નામનો શખ્સ સાથે માથાકૂટ થતા અંગદ નામના વ્યક્તિએ પીન્ટુ ને દોરા પોરવવાનો હુક્ક મારી દેતા ગંભીર ઈજામાં હત્યા નો બનાવમાં ટંકારા પોલીસે સીસીટીવી આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે એવું જાણવા મળેલ છે.

# ગોંડલના ભરૂડી અને ધોરાજીના વાડોદર ડિગ્રી વગરના બે બોગસ તબીબ ઝડપાયા

## વાડોદરમાં જૂનાગઢનો શખસ ૧૦ વર્ષથી કિલિનિક ચલાવતો હતો: ભરૂડીમાં ધો.૧૧ પાસ શખસ ડોકટર બની દવા આપતો હતો: ગ્રામ્ય એસઓજીની ટીમની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

ગ્રામ્ય વિસ્તારોમાં ડિગ્રી વગરના ડોકટર બની કલિનિક ખોલી જનઆરોગ્ય સાથે ચેડા કરતા હોવાનું સામે આવતું રહે છે. જન આરોગ્યને લઈ આ ગંભીર બાબતને લઈ આરોગ્ય વિભાગ ભાગ્યે જ ગંભીર જોવા મળે છે. ત્યારે પોલીસે સમયાંતરે ડ્રાઈવ યોજી બોગસ ડોકટરને પકડતી હોય છે. રાજકોટ ગ્રામ્ય એસઓજીની ટીમે

વાડોદર અને ભરૂડી ગામમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં બે બોગસ ડોકટરને પકડી પાડી કાર્યવાહી કરી હતી.આરોપીઓ પૈકી એક ૧૧ પાસ છે જયારે અન્ય શખસ બીસીએ પાસ હોવાનું માલુમ પડ્યું છે.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર રીતે મેડિકલને લગતી ડિગ્રી વગર





પ્રેક્ટિસ કરતાં બોગસ ડોકટરો પર કાર્યવાહી કરવાની અપાયેલી સૂચનાના પગલે રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી. બી.મિશ્રા તથા ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ પરબતભાઈ શામળા, વિરરાજભાઈ ધાધલ અને કોન્સ્ટેબલ કલ્પેશભાઈ કોઠીવારને ધોરાજીના વાડોદર ગામમાં મેઈનબજારમા ઘંટી પાસે એક દુકાનમાં ધવલ વીનોદ બગથરીયા નામનો શખ્સ કોઈપણ મેડિકલ ડિગ્રી વગર કલીનીક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાની મળેલ બાતમીના આધારે સ્ટાફે મેડીકલ ઓફિસરને સાથે રાખી દરોડો પાડતાં શ્રીજી કિલનિક નામના દવાખાનામા દર્દીઓને તપાસતાં શખ્સને અટકમાં લઈ તેનું નામ પૂછતા પોતાનુ નામ ધવલ વીનોદ બગથરીયા (ઉ.વ.૪૪, રહે.ઝાંઝરડા રોડ જીઓ માર્ટની સામે જુનાગઢ) હોવાનુ જણાવેલ હતું. તે શખ્સ પાસે રહેલ સી.એમ.એસ. કોર્ષના સર્ટીના આધારે કિલનિક ચલાવતો હતો. તેમજ દર્દીઓને આપાતી ટેબ્લેટસ, ઈન્જેકશનો, બોટલો, સીરપ તથા આઈ.વી.સેટ મેડીકલ પ્રેકટીશને લગત મેડીકલ પ્રેકટીશ કરવા બાબતનું કોઇ આધાર પુરાવો ન હોવાથી તેની ધરપકડ કરી જુદી જુદી એલોપેથિક દવાઓ મળી રૂ.૫૨૫૦૯ નો મુદામલ કબ્જે કર્યો હતો. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ બોગસ તબીબે બીએસસી સુધીનો અભ્યાસ કરેલ છે અને તે છેલ્લા ૧૦ વર્ષથી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાનું ખુલ્યું હતું.

બીજા દરોડામા એએસઆઈ વિપુલભાઈ ગોહિલ , હેડ કોન્સ્ટેબલ શીવરાજભાઈ ખાચર, અનિરૂધ્ધસિંહસિંહ જાડેજા અને નૈમીષભાઈ મહેતાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ગોંડલના ભરૂડી ગામની સીમમાં પેંટાગોન રોડ પર રામદેવ જનરલ સ્ટોરની બાજુમાં દુકાન ભાડે રાખી કોઈપણ જાતની મેડિકલ ડિગ્રી વગર દવાખાનું ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં બીપીન લખમણ દોગા (રહે. ગુંદાળા રોડ ગોંડલ) ને પકડી પાડી તેના દવાખાનામાંથી અલગ અલગ દવાઓ મળી રૂ.૬૭,૮૧૨ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ આ શખસે ધો.૧૧ સુધીનો અભ્યાસ કર્યો છે અને તે છેલ્લા ત્રણ વર્ષથી દવાખાનું ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હતો.

# ગોંડલના વ્યાજખોરે કોટડાસાંગાણીના કોન્ટ્રાકટરની કાર પડાવી લીધી

## રૂ.૨ લાખ પરત આપી કાર માંગતા વ્યાજના ૪૫ હજારની ઉઘરાણી કરી: વ્યાજ આપીજજે નહીંતર ટાંટિયા ભાંગી જશે, ગાડી વેચી નાખવાની આપી ધમકી

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણીમાં રહેતા કોન્ટ્રાકટર યુવાને પિતાની સારવાર માટે ગોંડલના શખસ પાસેથી રૂપિયા બે લાખ ૧૦ ટકા વ્યાજ લીધા હતાં. જેના બદલામાં કાર ગીરવે મૂકી હતી. યુવાને બે લાખ આપી દીધા બાદ આ શખસે વધુ ૪૫,૦૦૦ ની માંગણી કરી જો વ્યાજની રકમ નહીં આપે તો ટાંટિયા ભાંગી નાખીશ અને કાર પણ વેચી નાખીશ તેવી ધમકી આપી કાર પરત આપી ન હતી. જેથી આ મામલે યુવાને ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી સામે મની લેન્ડ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

ગોંડલ તાલુકાના કોટડા સાંગાણીમાં ગોકુલ ચોકમાં રહેતા ભરત ઉર્ફે ભૂરો જગદીશભાઈ બવ (ઉ.વ ૨૬) નામના યુવાને ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગોંડલમાં આઈટીઆઈ પાછળ નાગડકા રોડ તિરૂમાલા રેસીડન્સીમાં રહેતા ઋષિરાજસિંહ ભોજરાજસિંહ ગોહિલનું નામ આપ્યું છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે રોડ રસ્તાના સરકારી કોન્ટ્રાકટ રાખી પરિવારનું ગુજરાન ચલાવે છે. ચારેક મહિના પૂર્વે યુવાનના પિતાને પગની તકલીફ હોય અને પગનું ઓપરેશન કરવાનું હોય જેથી પૈસાની જરૂરિયાત ઊભી થતા આ બાબતે મિત્રને વાત કર્યા બાદ ગોંડલમાં ત્રણ ખૂણીયા પાસે માધવ એન્ટરપ્રાઈઝ નામની ઓફિસ ધરાવનાર ઋષિરાજસિંહ ગોહિલ પાસેથી રૂપિયા બે લાખ ૧૦ ટકા વ્યાજે લીધા હતા અને તેના બદલામાં સિક્યુરિટી પેટે સ્વીફ્ટ ગાડી નંબર જીજે ૩ કેસી ૦૬૧૪ ની આર.સી. બુક આપી હતી. ત્યારબાદ ફરિયાદી ગોંડલમાં ઋષિરાજસિંહને ઘણી વખત મળ્યા હતા ત્યારે તે વ્યાજની ઉઘરાણી કરતા હોય પરંતુ યુવાન પાસે પૈસા ન હોય બાદમાં આપી દેવાનું જણાવ્યું હતું.

યુવાનને આ રૂષિરાજસિંહ પાસેથી ગાડી છોડાવી વેચી દેવી હોય પરંતુ રૂષિરાજસિંહને પૈસા આપવાના હોય જે તેની પાસે ન હોય જેથી કૌટુંબિક કાકા મિતેશભાઈ મનુભાઈ બવને આ બાબતે વાતચીત કરતા તેમની પાસેથી રૂપિયા બે લાખ તા. ૧૯/ ૧૦/ ૨૦૨૫ ના રોજ ઉછીના લીધા હતા. સાંજના ૪:૩૦ વાગ્યે આસપાસ ઋષિરાજસિંહને ફોન કરી ગાડી છોડાવવા માટે કહ્યું હતું બાદમાં ઋષિરાજસિંહને મળી રૂપિયા બે લાખ આપ્યા હતા અને ગાડી પરત આપવાનું કહેતા ઋષિરાજસિંહે કહ્યું હતું કે, તારૂ રૂ. ૪૫,૦૦૦ નું વ્યાજ બાકી છે તે પૈસા આપી દેજે પછી જ ગાડી મળશે બાકી ગાડી ભૂલી જજે તારું સહી કરેલું ટીટીઓ ફોર્મ મારી પાસે છે. જેનાથી હું ગાડી મારા નામે કરાવી લઈશ તેવી ધમકી આપી હતી. યુવાને ગાડી પરત આપી દેવા આજીજી કરી હતી પરંતુ તેણે ગાડી પરત આપી ન હતી અને કહ્યું હતું કે, પહેલા વ્યાજ આપી જજે નહીંતર ટાંટિયા ભાંગી જશે અને ગાડી પણ વેચાઈ જશે તેવી ધમકી આપી હતી. જેથી અંતે આ મામલે યુવાને ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે મની લેન્ડ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# થાન: ચેક રિટર્ન કેસમાં રાજકોટના શખ્સને દોઢ વર્ષની સજા

## ફરિયાદીને રૂ.૧૪.૫૦ લાખનું વળતર ચુકવવા નિષ્ફળ જાય તો વધુ સજા

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

થાન કોર્ટ દ્વારા ચેક રીટર્ન કેસમાં એક શખ્સને ૧.૫ વર્ષની કેદની સજા તેમજ દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે. આ અંગે મળતી માહિતી મુજબ થાન શહેરી વિસ્તારમાં રહેતા ફરિયાદી પ્રભાબેન નરશીભાઈ ઘુમલીયાને હાલ રાજકોટ રહેતા અને અગાઉ થાન સોનીની દુકાન ચલાવતા દિવ્યેશભાઈ નટવરલાલ વડનાગરા સાથે સંબંધ હોવાથી દિવ્યેશભાઈએ વર્ષ ૨૦૧૭ માં રાજકોટ ખાતે ફ્લેટ લેવાનું જણાવી ફરિયાદી પાસે થી રૂ.૧૩ લાખ હાથ ઉછીના ચેક મારફતે લીધા હતા અને ત્યારબાદ અલગ અલગ સમયે રૂ.૦૧ લાખ - ૦૧ લાખ મળી ફૂલ રૂ.૧૭ લાખ ઉછીના લીધા હતા. જે રકમ લીધા બાદ ફરિયાદી દ્વારા અવાર નવાર ઉઘરાણી કરતા દિવ્યેશભાઈએ અલગ અલગ ત્રણ ચેક દ્વારા ફરિયાદીને ફૂલ રૂ.૨.૫૦ લાખ વર્ષ ૨૦૧૮માં પરત ચૂકવ્યા હતા. જ્યારે બાકીની રકમ રૂ.૧૪.૫૦ લાખની ફરિયાદી દ્વારા અવાર નવાર ઉઘરાણી દિવ્યેશભાઈએ બાકી રહેતી રકમ રૂ.૧૪.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક ફરિયાદીએ પોતાના બેંક ખાતામાં જમા કરાવતા સામેના બેંક ખાતામાં પૂરતું બેલેન્સ નહી હોવાથી આપેલ ચેક બાઉન્સ થયો હતો. આથી ફરિયાદીએ વકીલ મારફતે નોટિસ પાઠવી હતી પરંતુ નોટીસનો પણ કોઈ જવાબ નહી આપતા અંતે થાન કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે તાજેતરમાં ચાલી જતા ફરિયાદીના વકીલની ધારદાર દલીલો અને મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાના આધારે થાન કોર્ટના ન્યાયાધીશ દ્વારા દિવ્યેશભાઈ નટવરલાલ વડનાગરાને દોષિત ઠેરવી ૧.૫ વર્ષની કેદની સજા ફટકારતો ચુકાદો આપ્યો છે તેમજ રૂ.૧૪.૫૦ લાખનો દંડ ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

# ધ્રાંગધ્રા: નવલગઢ બસ સ્ટેન્ડ પાસેથી છુપાવેલો વિદેશી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

**અબતક**
**સલીમ ઘાંચી ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકા નવલગઢ ગામે બસ સ્ટેન્ડ નજીક પ્લાસ્ટિકની મીણિયાની કોથળીમાં વિદેશી દારૂની લઈને ઉભો છો તેવી હકીકતના આધારે જ શખ્સને ઝડપી તેની પાસે તપાસ કરાતા વિદેશી દારૂના ૮ નંગ ચપલા નાની બોટલ સાથે આરોપી મુન્નાભાઈ હકાભાઈ સાકરીયા ને ઝડપી પાડી તાલુકા પોલીસ સ્ટેશન એ લાવીને પોલીસે



વધુ તપાસ હાથ ધરી ગુનો નોંધવામાં આવ્યો હતો.

# જૂનાગઢ: ધારાસભ્ય સંજય કોરડીયાને ધમકી ભર્યો ખંડણીનો ફોન કરનાર બેલડીને દબોચી લીધી

## મોબાઈલ ફોનના આધારે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો: સુત્રધારને વિદેશથી લવાશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને વિદેશના કોઈ વોટ્સએપ યુઝરે જો ખંડણી નહીં મોકલશો તો પરિવારને જાનથી મારી નાખી શકે એવી ધમકી આપરાના ગુનામાં બે શખ્સોની ધરપકડ કરી મુખ્ય સૂત્રધારને કોંગોથી ભારત લાવવાના પ્રયાસો શરૂ કર્યા છે.



પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને વોટસએપ મો.નં.+૨૪૩૯૯ ૩૦૩૩૧૩૮ તથા મો.નં.+૨૪૩૯૮૯૩ ૭૯૮૬૭ નો ઉપયોગ કરનારએ તા. ૨૬/૧૦/૨૫ થી તા. ૨૯/૧૦/૨૫ સુધી અપશબ્દો વાળા મેસેજો કરી, આશ્રમના નામે પ્રથમ રૂ. ૩૦ લાખ ત્યાર બાદ રૂ. ૫ લાખની ખંડણીની માંગણી કરી અને આ ખંડણીના રૂપીયા રોનક ઠાકુર મો. ૮૮૪૯૯૩૫૧૫૬ અમદાવાદના નામે આંગડીયું મોકલી આપવાનું કહી અને જો આ ખંડણીના રૂપીયા નહીં મોકલશે તો ધારાસભ્યના પરીવારને જાનથી મારી નાખશે તેવી ધમકીઓ આપી હોવાની બે ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જૂનાગઢના ધારાસભ્ય સંજય કૃષ્ણદાસ કોરડીયા એ બુધવાર રાત્રિના બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

મુખ્ય આરોપી તરીકે સમીર બ્લોચ રહે. ( રહે. હાલ કોંગો, સાઉથ આફ્રીકા મુળ વતની ચિત્રાવડ તા.તાલાલા) તથા તેના સાગરીતો રોનક ઠાકુર (રહે. અમદાવાદ) તથા ઈમરાન ઉર્ફે જોન (રહે.વેરાવળ) ઓ સંડોવાયેલ હોવાની હકિકત મળતા અલગ-અલગ ટીમો બનાવી તે દિશામાં તપાસ કરતા સમીર બ્લોચના બંને સાગરીતો રોનક ઠાકોરને અમદાવાદમાંથી અને જહોન બલોચને વેરાવળથી ગણતરીની કલાકોમાં ઝડપી લીધા છે. જ્યારે મુખ્ય સુત્રધાર સમીર ગાલીફભાઈ રીંગબ્લોચને કોંગો સાઉથ આફ્રીકાથી ભારત લાવવાના પ્રયાસો શરૂ કર્યા છે.

# રાજધાની દિલ્હીની બહાર પ્રથમવાર એકતાનગરમાં કાલથી "ભારત પર્વ-૨૦૨૫"ની ઉજવણી

## ૧૫ દિવસ સુધી એક જ જગ્યાએ ભારતની વિવિધતામાં એકતા દર્શાવતી સંસ્કૃતિની ઝલકઃ ૧૦૦ ફૂડ, હસ્તકલા અને હેન્ડલૂમ સ્ટોલ, વિવિધ રાજ્યના પેવેલિયન અને ૨૮ રાજ્યો તેમજ ૮ કેન્દ્રશાસિત પ્રદેશોના સાંસ્કૃતિક પ્રદર્શનો

**અબતક, રાજકોટ**

આગામી ૧ થી ૧૫ નવેમ્બર દરમિયાન એકતાનગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટીના પરિસરમાં ભારત પર્વ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ ભારત પર્વ દરમિયાન દેશની વિવિધતામાં એકતાની સંસ્કૃતિને પ્રદર્શિત કરતા વિવિધ સાંસ્કૃતિક અને દેશભકિતના કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા છે, જે 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ઉજાગર કરશે. ભારત પર્વ કાર્યક્રમ પ્રથમ વખત જ દિલ્હીની બહાર થઈ રહ્યો છે અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં એકતાનગર ખાતે યોજાઈ રહ્યો છે.

ભારત સરકારના પર્યટન મંત્રાલય અને ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તથા યુવક સેવ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સહયોગથી, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે એકતા નગર ખાતે ભારત પર્વ ૨૦૨૫ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને પ્રસ્તુત કરશે - અનેકતામાં એકતા દર્શાવતા વિવિધ સાંસ્કૃતિક અને દેશભક્તિના કાર્યક્રમો આયોજિત થશે.

ભારત પર્વ એ વાર્ષિક આયોજિત થનાર કાર્યક્રમ છે, જે ભારતની વિવિધ સાંસ્કૃતિક વારસાગત, ખાદ્ય પરંપરા અને કલાત્મક કૌશલ્યને દર્શાવે છે, અને રાષ્ટ્રીય એકતા અને સામૂહિક ગૌરવનો સંદેશ આપે છે.

આ વર્ષે આ કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી સાથે સુસંગત છે અને ભારતની વિવિધતા, એકતા અને શકિતને ઉજવતી એક ભવ્ય ઉજવણીના રૂપમાં એક આઈકોનીક પ્રવાસન સ્થળ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે કરવામાં આવશે. વિવિધ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના જન પ્રતિનિધિઓ, સાથે જ ખ્યાતનામ કલાકારો, કસબીઓ અને વિશેષ મહેમાનો આ ૧૫ દિવસની ઉજવણીના વિવિધ દિવસોમાં કાર્યક્રમની શોભા વધારશે.

### વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે

- ૧ નવેમ્બર - ગુજરાત
- ૨ નવેમ્બર - તમિલનાડુ, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ
- ૩ નવેમ્બર - પંજાબ, આંધ્ર પ્રદેશ
- ૪ નવેમ્બર - હિમાચલ પ્રદેશ, કેરળ
- ૫ નવેમ્બર - ઉત્તરાખંડ, કર્ણાટક
- ૬ નવેમ્બર - હરિયાણા, તેલંગાણા
- ૭ નવેમ્બર - રાજસ્થાન, આસામ
- ૮ નવેમ્બર - મહારાષ્ટ્ર, ઓડિશા, પશ્ચિમ બંગાળ
- ૯ નવેમ્બર - ગોઆ, ઝારખંડ
- ૧૦ નવેમ્બર - દિલ્હી, સિક્કિમ, છત્તીસગઢ
- ૧૧ નવેમ્બર - મધ્યપ્રદેશ, મણિપુર અને નાગાલેન્ડ
- ૧૨ નવેમ્બર - ઉત્તરપ્રદેશ, મેઘાલય અને અરૂણાચલપ્રદેશ
- ૧૩ નવેમ્બર - બિહાર, ત્રિપુરા અને મિઝોરમ
- ૧૪ નવેમ્બર - ચંદીગઢ, પુડુચેરી, દમણ, દીવ અને દાદરા નગરહવેલી, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર

દરરોજ સાંજે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ડેમ વ્યુ પોઈન્ટ ૧, વેલી ઓફ ફ્લાવર પાસે બનાવેલ સાંસ્કૃતિક મંચ ખાતે બે અલગ-અલગ રાજ્યોની જોડણીમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, જે તેમના અનોખા પરંપરા અને કલા ફોમર્સને પ્રદર્શિત કરશે. ૧૫ નવેમ્બરે ભગવાન બિરસા મુન્ડા જયંતીની ઉજવણી માટે વિશેષ પ્રસ્તુતિ યોજાશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે જંગલ સફારી પાસે વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની વાનગીઓ પીરસતા ૪૫ ફૂડ સ્ટોલ અને એક લાઈવ સ્ટુડિયો કિચનનું આયોજન. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે જંગલ સફારી પાસે ૫૫ હસ્તકલા સ્ટોલ, જે ભારતના વિવિધ રાજ્યોની ભાતીગળ અને નવીન હસ્તકળા પ્રદર્શિત કરશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે જંગલ સફારી પાસે ભારત દર્શન પેવેલિયન ખાતે વિવિધ રાજ્યના પેવેલિયનો બાનવવામાં આવ્યા છે, જે તેમના પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો અને સાંસ્કૃતિક વિશેષતાઓને પ્રદર્શિત કરશે. ૧૬ - ૧૭ નવેમ્બર સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સાયકલોથોન ઉજવણીના સમાપન પ્રસંગે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સાયકલોથોન ઈવેન્ટ યોજાશે. ૧૬ નવેમ્બરે સાયકલિંગ ફન રાઈડ અને ૧૭ નવેમ્બરઃ સાઈકલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટ્સ ડિપાર્ટમેંટ ઓફ ગુજરાતના સહયોગથી સાયક્લથોન સ્પર્ધા આયોજિત થશે. જેમાં દેશભરમાંથી આશરે ૫,૦૦૦ સાઈકલચાલકો ભાગ લેશે.

ભારતની આઝાદીના મહાનાયક અને આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિના ઉપલક્ષમાં 'જનજાતીય ગૌરવ વર્ષ' અને 'ભારત પર્વ'ની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે આગામી તા. ૧ થી ૧૫મી નવેમ્બર, ૨૦૨૫

(અનુ. આઠમા પાને)